वर्ष : 5 ◆ अंक : 5
सप्टेम्बर-ऑक्टोबर 2015
सळंग अंक : 29

कर भला होगा भला
- छगनभा



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

હું મારા ઘરની આસપાસ દીવાલ ચણી લેવા તથા મારી બારીઓ બંધ કરી દેવા નથી માગતો. મારા ઘરની આસપાસ સઘળા દેશોની સંસ્કૃતિના પવનની લહરીઓ છૂટથી વાતી રહે એમ હું ઇચ્છું છું. પણ પવનની એવી કોઈ લહરી દ્વારા જમીનથી અધ્ધર થઈ જવાનો હું ઇન્કાર કરું છું. સાહિત્યમાં રસ ધરાવતાં આપણાં તરુણ સ્ત્રીપુરુષો અંગ્રેજી ભાષા તેમ જ બીજી વિશ્વભાષાઓ પેટ ભરીને શીખે એમ હું ઇચ્છું છું. અને પછી તેઓ જગદીશચંદ્ર બોઝ, પ્રકાશચંદ્ર રૉય અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પેઠે પોતાના અભ્યાસનો લાભ હિંદને તથા દુનિયાને આપે એવી તેમની પાસેથી અપેક્ષા રાખું છું, પરંતુ એક પણ હિંદવાસી પોતાની માતૃભાષાને ભૂલે, તેની અવગણના કરે કે તેનાથી શરમાય અથવા પોતાની માતૃભાષામાં પોતે વિચાર કરી શકતો નથી કે પોતાના વિચારો સારામાં સારી રીતે દર્શાવી શકતો નથી એમ તેને લાગે, એમ હું ઇચ્છતો નથી.

– ગાંધીજી

✳

“આજનાં બાળકો પર આવતી કાલનો આધાર છે. આજનાં રમતિયાળ, છોકરવાદી, કિશોર-કિશોરીઓના હાથમાં આવતી કાલનું ભાવિ છે. એ આવતી કાલ કેમ સુધરે ભાવિ ઊજળું કેમ બને એ આજનો પ્રયત્ન છે. એ પ્રયત્નમાં શિક્ષણનો અને સાહિત્યનો મોટો હિસ્સો છે. શિક્ષણ દેશના નાગરિકોને ઘડે છે. સાહિત્ય દેશનાં યુવક-યુવતીઓને પ્રેરણા આપે છે. સાચું સાહિત્ય એવું કે ગરીબની ગરીબાઈ હણે. એને અમીર બનાવે. સંસ્કાર એનું સાચું ઘરેણું બને. સદ્‌ગુણ એનું ધન બને. સાચું સાહિત્ય એવું છે કે એ પડેલાને ઊભો કરે, થાકેલાને તાજો કરે, નિરાશને આશાવાન બનાવે. ટૂંકમાં, રાઈને પર્વત બનાવે. સાહિત્ય એક જીવન-શક્તિ છે, ચેતનાનો ફુવારો છે.

– જયભિખ્ખુ








શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ,
ગાંધીનગર દ્વારા આયોજિત સ્વચ્છતા અભિયાનનાં બે દૃશ્યો

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૫, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૫; સળંગ અંક : ૨૯

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગુજરાતી ભાષા-સાહિત્યનું ગ્રંથાલય — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. ગુજરાતના ઉચ્ચ શિક્ષણને I.A.S.નું આહ્વાન : રસો કેળવણી ત્રિફલા — ડૉ. દાઉદભાઈ ઘાંચી ૬

૨. સરસ મોકાનું સ્થળ — લે. જ્હૉન ઑ’હારા, અનુવાદ : મોહનલાલ પટેલ ૧૦

૩. પ્રોફેસર સ્વામીનારાયણ : એક વિલક્ષણ વિભૂતિ — અનામી ૧૫

૪. જોહ્ન નેશ (John Nash) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૧૯

૫. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૧
 – અમૃતાથી ધરાધામ
 – જીવતરની વાટે અક્ષરનો દીવો

૬. સંસ્થા સમાચાર
 – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૩૭
 – શાળા વિભાગ ૪૧


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગુજરાતી ભાષા-સાહિત્યનું ગ્રંથાલય

ગ્રંથાલયની ઉપયોગિતા અને મહત્તા સર્વસ્વીકૃત બાબત છે. જોકે વૈજ્ઞાનિક શોધખોળોના કારણે તેના સ્વરૂપમાં સમયાન્તરે પરિવર્તનો થતાં રહ્યાં છે. મુદ્રણ માટે - માહિતીસંગ્રહ માટે ઇલેક્ટ્રોનિક ઉપકરણો પ્રયોજવામાં આવતાં કેટલાક કિસ્સાઓમાં કોઈ એક પુસ્તક કે માહિતી માટે ગ્રંથાલય ભવનમાં જવાની જરૂરિયાત ન રહેતાં ઇચ્છિત સ્થળે પોતાના મોબાઈલ કે કમ્પ્યૂટર સ્ક્રિન ઉપર મેળવી શકીએ છીએ, પરંતુ તેથી ગ્રંથાલયની મહત્તામાં કોઈ ઓટ નથી આવી, બલકે ગ્રંથાલય અને પ્રશિક્ષિત પ્રતિબદ્ધ ગ્રંથાલયીની માંગમાં વધારો થતો જાય છે. સમયના વહેણ સાથે નવી નવી જરૂરિયાતો ઊભી થતાં અનેકવિધ પ્રકારનાં ગ્રંથાલયો સ્થપાતાં ગયાં છે અને તે સતત સંવર્ધિત પણ થતાં રહે છે.

હાલમાં, ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો ઉપર દૃષ્ટિપાત કરતાં ખરા અર્થમાં વિશિષ્ટ અને અત્યંત ઉપયોગી એવા માતૃભાષા ગુજરાતીના ગ્રંથાલયનો અભાવ જોવા મળ્યો અને તેના પરિણામે ભારે નિસાસો અનુભવતાં ઉદ્ગાર સરી પડ્યો કે આવી મોટી ભૂલ કઈ રીતે થઈ ગઈ ! આજે, ગુજરાતમાં એક પણ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જ્યાં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલું સઘળું સાહિત્ય ઉપલબ્ધ હોય. રૉબર્ટ ડ્રુમંડના ઈ. સ. ૧૮૦૮માં પ્રગટ થયેલા ગુજરાતી ભાષાના પ્રથમ પુસ્તકથી શરૂ કરીને અદ્યાવધિ પ્રગટ થયેલાં સઘળાં નહિ તો કમ સે કમ

ઉચ્ચ ગુણવત્તાવાળાં બધાં જ પુસ્તકો ગુજરાતના કોઈ ગ્રંથાલયમાં સંગૃહીત છે ખરાં ? ઉત્તર સ્પષ્ટ છે 'ના'. આમ છતાં કદાચ, કોઈ આંગળી ચીંધે કે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, મધ્યસ્થ ગ્રંથાલય (વડોદરા), એમ. જે. પુસ્તકાલય, અમદાવાદ હંસા મહેતા લાઇબ્રેરી (વડોદરા), ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ), ગુજરાતી સાહિત્ય અકાદમી, નૅશનલ લાઇબ્રેરી, કોલકાતા, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી વગેરે વગેરે ગ્રંથાલયો છે. હા, આ બધાં મહત્ત્વપૂર્ણ પુસ્તકાલયો ખરાં, પરંતુ આ બધાં જ પુસ્તકાલયોમાં સંગૃહીત ગુજરાતી ભાષાનાં પુસ્તકોની સૂચિઓનું અને વાસ્તવમાં ગ્રંથાલયમાં પ્રાપ્ત પુસ્તકોનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં નિરીક્ષણ કરીએ તો કલ્પનાતીત ખૂટતી કડીઓ તરી આવે ! હકીકત તો એ છે કે ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી માત્ર ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં અંદાજિત ૫૦% - ૬૦% જેટલાં પુસ્તકો સંગૃહીત છે. બાકીનાં ગ્રંથાલયોમાં તેથી ઘણાં ઓછાં પુસ્તકો સંગૃહીત છે. વળી, આ બધાં ગ્રંથાલયોના ઉદ્દેશો ભિન્ન-ભિન્ન છે અને ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં બધાં ઉત્તમ પુસ્તકો હોવાં જ જોઈએ કે વસાવવાં જોઈએ તેવી કોઈ ગ્રંથસંગ્રહ વિકાસનીતિ સુધ્ધાં ધરાવતાં નથી કે નથી તેમની પાસે પર્યાપ્ત બજેટ અને માનવબળ !

આપણાં આ બધાં ગ્રંથાલયો પૈકી આજે કોઈ એક ગ્રંથાલય દાવો કરી શકશે કે અમારી પાસે ઉદા. તરીકે ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, દર્શક, રઘુવીર ચૌધરી, ગુણવંત શાહ, ચંદ્રકાન્ત મહેતા વગેરે વગેરે લબ્ધપ્રતિષ્ઠ લેખકોનાં બધાં જ પુસ્તકો પ્રાપ્ય છે ? જો કોઈ ગ્રંથાલય પાસે વર્તમાનકાલીન સર્જકોનાં પુસ્તકો ન હોય તો થોડાક દૂરના ભૂતકાળના સર્જકો જેમ કે ઠક્કુર નારાયણ વિસનજીની ઐતિહાસિક નવલકથાઓ, નારાયણ હેમચંદ્રનું વિપુલ સાહિત્ય, પારસીઓનું ગુજરાતી સાહિત્ય (પારસી ગ્રંથાલયો સિવાય સંગ્રહાયું છે ખરું ? ), જૈનાચાર્યોની મૌલિક, સંપાદિત અને અનુવાદિત પ્રકાશિત કૃતિઓ જૈન જ્ઞાનભંડારો સિવાય જૂજ અપવાદો બાદ કરતાં કોઈ ગ્રંથાલયમાં વસાવવામાં આવી હશે ખરી ?, એકથી અધિક આવૃત્તિવાળાં પુસ્તકો પૈકી કેટલાંક મહત્ત્વપૂર્ણ પુસ્તકોની પ્રથમ આવૃત્તિઓ અથવા જે તે પુસ્તકની બધી જ આવૃત્તિઓ ક્યાંથી શોધીશું ?, થિયોડોર હોપ કે જર્વિસ દ્વારા સંપાદિત પાઠ્યપુસ્તકો નમૂના તરીકે ક્યાંથી શોધીશું ? ગુજરાતી ભાષામાં પ્રકાશિત ગણિત- વિજ્ઞાનનાં પુસ્તકો (પાઠ્યપુસ્તકો બાદ કરતાં) ક્યાં ઉપલબ્ધ થશે ? આ પ્રશ્નોનો આપણી પાસે કોઈ જ ઉત્તર નથી અર્થાત્ એવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી કે જે ગુજરાતી ભાષા-સાહિત્યના સંશોધકોની જરૂરિયાતો સંતોષી શકે.

ગુજરાત સરકાર ખરા અર્થમાં સાર્વત્રિક વિકાસ સાધવા સંકલ્પબદ્ધ હોય તો અને દુનિયા સમક્ષ 'ગુજરાત મૉડલ' પ્રસ્તુત કરવા ઇચ્છતી હોય તો સૌપ્રથમ માતૃભાષા ગુજરાતીના સંવર્ધન માટે 'ગુજરાતી ભાષા - સાહિત્યનું ગ્રંથાલય' એક સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપવું જોઈએ. ગુજરાત સરકાર દ્વારા હમણાં હમણાંથી અવનવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી રહે છે ત્યારે જન સમાજના વાસ્તવિક વિશ્વવિદ્યાલય જેવા ગ્રંથાલયની સ્થાપના માટે રાજ્ય સરકારે અનુદાનિત યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતા સરેરાશ એક યુનિવર્સિટીના બજેટથી એક રૂપિયો પણ વધુ ફાળવવાની જરૂરિયાત રહેશે નહીં. અને વળી, આ ગ્રંથાલય બહુવિધ રીતે ઉપયોગી પુરવાર થશે. સવાઈ યુનિવર્સિટીની ગરજ સારશે. આ સૂચિત ગ્રંથાલયનું સ્વરૂપ અને કાર્યો નીચે મુજબનાં હોઈ શકે :

**૧. સાહિત્યસંગ્રહ :**

- ઈ. સ. ૧૮૦૮થી શરૂ કરીને ગુજરાતી ભાષા – સાહિત્યમાં પ્રગટ થયેલ સઘળું સાહિત્ય – પુસ્તકો, સામયિકો, સાપ્તાહિકો, દૈનિકો, વાર્ષિકીઓ, અહેવાલો વગેરે ધ્યેયનિષ્ઠ શોધયાત્રા હાથ ધરીને પ્રાપ્ત કરવાં. દેશ-વિદેશનાં વ્યક્તિગત તથા સંસ્થાગત ગ્રંથાલયોમાં સંગૃહીત ગુજરાતી પુસ્તકો પૈકી આપણી પાસે અનુપલબદ્ધ પુસ્તકોની ડિજિટલાઈઝ નકલ મેળવવી.
- ઉપલબ્ધ તમામ આનુષાંગિક સાહિત્યસૂચિઓની સહાયથી ઇન્વેન્ટરી લિસ્ટ તૈયાર કરીને પદ્ધતિસર કાર્ય આરંભી શકાય. આ સંદર્ભે તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તક દીપક મહેતા કૃત 'ઓગણીસમી સદીના ગુજરાતી ગ્રંથ અને ગ્રંથકારો' (૨૦૧૫) મકાતી પિલાંજી કામાનો 'પારસી સાહિત્યનો

ઇતિહાસ' (૧૯૪૯) 'ગુજરાતી સાહિત્યકોશ' વગેરે ગ્રંથો પ્રારંભિક સાહિત્યની ખોજ માટે ઉપયોગી પુરવાર થશે.

- ગ્રે લિટરેચરની પ્રાપ્તિ અને સંગ્રહ માટે ખાસ ધ્યાન આપવું.
- પીએચ.ડી.ની ડિગ્રી માટે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં ગુજરાત કે દેશ-વિદેશની યુનિવર્સિટીઓમાં રજૂ થયેલા શોધપ્રબંધો એકઠા કરવા ઉદા. તરીકે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, નવી દિલ્હી દ્વારા સમાજવિદ્યા વિષયમાં કોઈ પણ ભાષામાં રજૂ થયેલા શોધપ્રબંધો સંશોધકો પાસેથી સીધા જ ખરીદવામાં આવે છે. આ ઉપરાંત ઇંગ્લૅન્ડના લાઇબ્રેરી એસોસિએશન દ્વારા ઇંગ્લૅન્ડની યુનિવર્સિટીઓમાં ગ્રંથાલય વિજ્ઞાનની માસ્ટર અને પીએચ.ડી.ની ડિગ્રી માટેના શોધપ્રબંધો વિદ્યાર્થીઓ પાસેથી સીધા જ ખરીદીને સંગ્રહવામાં આવે છે.
- ગુજરાત બહાર ભારતનાં અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં ગુજરાતી ભાષા-સાહિત્યમાં કે ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે અન્ય ભાષાઓમાં પ્રગટ થયેલું તથા પ્રગટ થતું સાહિત્ય ખાસ વ્યવસ્થાતંત્ર ગોઠવીને મેળવવું.
- અપ્રાપ્ય પુસ્તકોની પ્રાપ્તિ અર્થે વડોદરા રાજ્યનાં ગ્રામ્ય ગ્રંથાલયોનું સર્વેક્ષણ કરવામાં આવે તો ઘણાં પુસ્તકો મળવાની સંભાવના છે.
- અપ્રાપ્ય પુસ્તકોની જાહેર વિજ્ઞપ્તિ થકી અથવા રેર બુક્સ વિક્રેતાઓ પાસેથી ખરીદીને મેળવી શકાય.
- દેશ-વિદેશમાં ગ્રંથાલયો કે વ્યક્તિગત સંગ્રહોમાં સંગૃહીત ગુજરાતી ભાષા-સાહિત્યની તમામ હસ્તપ્રતોની ડિજિટલાઈઝ્ડ નકલ પ્રાપ્ત કરવી.
- પ્રવર્તમાનકાલીન પસંદગીના સર્જકો કે પસંદગીની કૃતિઓની હસ્તપ્રતોનો સંગ્રહ કરવો જોઈએ.
- લબ્ધપ્રતિષ્ઠ સર્જકોના સ્વમુખે તેમની કૃતિઓના પાઠોનું દશ્ય - શ્રાવ્ય સ્વરૂપે ધ્વનિઅંકન કરી તેનો સંગ્રહ કરવો જોઈએ.
- ગુજરાતમાં બોલાતી બોલીઓનાં ધ્વનિઅંકન અને સંગ્રહ.
- કંઠસ્થ પરંપરામાં સચવાયેલા સાહિત્યનું ધ્વનિઅંકન અને સંગ્રહ.
- ગુજરાતી ભાષા-સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત ગુજરાત અને ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયક વિશ્વની કોઈ પણ ભાષામાં પ્રગટ થયેલ સાહિત્ય.
- વિશ્વસાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષામાં તથા અંગ્રેજીમાં અનુવાદિત, જ્ઞાનકોશો અને શબ્દકોશો.
- ભારતીય ભાષા-સાહિત્યની પ્રશિષ્ટ (ઉત્તમ) કૃતિઓ મૂળ ભાષા ઉપરાંત અંગ્રેજી/હિંદી અનુવાદો સાથે.
- ભારતીય ભાષાઓના શબ્દકોશો.
- અનુવાદિત સાહિત્ય : ગુજરાતી ભાષા-સાહિત્યની અન્ય ભાષામાં અને અન્ય ભાષા-સાહિત્યમાંથી ગુજરાતીમાં અનુવાદિત થયેલ કૃતિઓના સંગ્રહનો ખાસ વિભાગ ઊભો કરવો તેમજ આ ગ્રંથાલયના ઉપક્રમે ખાસ અનુવાદ વિભાગ ઊભો કરવો કે જેમાં ગુજરાતીની ઉત્તમ કૃતિઓના ભારતની અને વિશ્વની ભાષાઓમાં અનુવાદિત કરાવવાની કામગીરી કરવામાં આવે.
- બાળવિભાગ : ગુજરાત સરકાર દ્વારા અનુદાનિત ૯૦ બાળગ્રંથાલયો છે. પરંતુ આ બધાં ગ્રંથાલયોની સ્થિતિ દયનીય છે. કુલ પ્રકાશિત ગુજરાતી બાળસાહિત્યનાં ભાગ્યે જ ૪૦ ટકા પુસ્તકો આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ હશે. ગુજરાતી બાળસાહિત્યના સંશોધકની જરૂરિયાતો સંતોષી શકે તેવું કોઈ ગ્રંથાલય અસ્તિત્વમાં નથી, ત્યારે (બાળસાહિત્ય સંગ્રહ તરફ ભારે ઉપેક્ષા સેવવામાં આવી રહી છે.) સૂચિત ગ્રંથાલય સાથે બાળવિભાગ શરૂ કરીને ગુજરાતી ભાષામાં પ્રકાશિત બધું જ બાળસાહિત્ય સંગૃહીત કરવું જોઈએ.

**૨. વાઙ્મયસૂચિઓ**

- સૂચિત ગ્રંથાલયની મુખ્ય જવાબદારી ગ્રંથસંગ્રહની સાથે સાથે તેની વાઙ્મયસૂચિ તૈયાર કરવાની રહેશે.

- ગુજરાતી ભાષા-સાહિત્યનાં આજ સુધીનાં પ્રકાશનોનું વાઙ્મયસૂચિગત નિયંત્રણ દર્શાવતો એક પણ સૂચિગ્રંથ ઉપલબ્ધ નથી. વડોદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ અંતર્ગત સૂચિનિર્માણના પ્રયાસો ઉપરાંત શ્રી પ્રકાશ વેગડ, શ્રી કિરીટ ભાવસાર, શ્રી કનુભાઈ શાહ, શ્રી રમણ સોની, કિરીટ શુક્લ, તોરલ પટેલ વગેરે દ્વારા ગુજરાતીસૂચિઓ તૈયાર કરવા થોડાક પ્રયાસો થયા છે. પરંતુ આ ક્ષેત્રે ઘણું જ કાર્ય કરવાનું બાકી છે. ઈ. સ. ૧૮૦૮થી આજ સુધીનાં પ્રકાશિત પુસ્તકોનો એક સળંગ શાસ્ત્રીય વાઙ્મયસૂચિગત રેકર્ડ તૈયાર કરવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી રહે છે.
- આ વિભાગ દ્વારા વૈવિધ્યપૂર્ણ સૂચિઓ જેમ કે લેખસૂચિ (સામયિકો, પુસ્તકો, અભિનંદનગ્રંથો વગેરેમાં પ્રકાશિત લેખો), સામયિકસૂચિ, વિષયસૂચિઓ, અનુવાદિત સાહિત્યસૂચિ, અભિનંદનગ્રંથોની સૂચિ વગેરેનું સંપાદન - પ્રકાશનકાર્ય સતત ચાલુ રાખવું.
- આ સૂચિત ગ્રંથાલય દ્વારા ત્રિમાસિક અને વાર્ષિકસૂચિ નિયમિત ધોરણે પ્રકાશિત કરવામાં આવે. હાલમાં એવી કોઈ વ્યવસ્થા નથી કે ગુજરાતી ભાષા-સાહિત્યમાં કોઈ એક વર્ષમાં કેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં તેની માહિતી પૂરી પાડે. આ માહિતીની અનેકવિધ પ્રસંગોએ આપણે જરૂરિયાત અનુભવીએ છીએ, છતાં કશું નક્કર કરી શકતા નથી. આ સ્થિતિમાં આ પ્રકારની સૂચિની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. અહીં નોંધવું રહ્યું કે સેન્ટ્રલ રેફરન્સ લાઇબ્રેરી, કોલકાત્તા દ્વારા ભારતમાં પ્રગટ થતાં અને ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અન્વયે પ્રાપ્ત થતાં પુસ્તકોની માસિક અને વાર્ષિક સૂચિઓ પ્રગટ કરવામાં આવે છે, પરંતુ ઘણા જ લાંબા સમયના અંતરાલ બાદ પ્રગટ કરવામાં આવે છે, પરિણામે તાકિદના કામે ખપ લાગતી નથી.

### ૩. ડિજિટલાઈઝેશન / યાંત્રિકીકરણ

- ગ્રંથાલયમાં અદ્યતન ઇન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજીનો સુચારુ રીતે વિનિયોગ કરીને સંગૃહીત તમામ સાહિત્યનું ડિજિટલાઈઝેશન કરીને સઘળી સેવાઓ ઓન-લાઈનથી સક્ષમ રીતે પૂરી પાડવા માટે વ્યવસ્થાતંત્ર ગોઠવવું.

### ૪. સેવાઓ

- ઘેર વાંચવા માટે પુસ્તકોનું આપ-લે કાર્ય ન કરતાં એક સંદર્ભ ગ્રંથાલય તરીકે વાચકને ગ્રંથાલયમાં બેસીને તમામ સેવાઓ પૂરી પાડવી.
- આ ગ્રંથાલય ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ખુલ્લુ રહેવું જોઈએ.
- ગ્રંથાલયના ઉપક્રમે અનેકવિધ સાહિત્યિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

### ૫. કર્મચારીઓ

- ગ્રંથાલયના ચૅરમૅન ગુજરાતી ભાષા-સાહિત્યના પ્રતિભાસંપન્ન વિદ્વાન હોવા જોઈએ. અને તેમનો હોદ્દો યુનિવર્સિટીના કુલપતિ સમકક્ષ હોવો જોઈએ.
- ગ્રંથાલયના ડાયરેક્ટર ગ્રંથાલય વિજ્ઞાનમાં ઉચ્ચ પ્રશિક્ષિત હોવા ઉપરાંત સાહિત્ય અને સવિશેષતઃ ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાન હોવા જોઈએ અને તેનો હોદ્દો યુનિવર્સિટીના પ્રોફેસર સમકક્ષ હોવો જોઈએ. અન્ય વ્યવસાયિક કર્મચારીઓ વ્યવસાયિક લાયકાત ઉપરાંત ગુજરાતી ભાષા-સાહિત્યમાં વિશેષ રસ-રુચિ ધરાવતા હોવા જોઈએ અને યુનિવર્સિટીના અધ્યાપકો સમકક્ષ તેમનાં પગારધોરણો હોવાં જોઈએ.
- પુસ્તક પસંદગી માટે ગુજરાતી ભાષા-સાહિત્યના વિદ્વાનોના સલાહકારમંડળની રચના કરવી જોઈએ.

### ૬. ગ્રંથાલય ભવન અને રિસર્ચ હોસ્ટેલ

- રાજ્યના ભાષા-સાહિત્યના ગ્રંથાલયને શોભે તેવું શિલ્પ-સ્થાપત્યથી સુંદર વિશાળ ગ્રંથાલય-ભવન અને આ હેતુ નિમ્નતમ ૧૦ એકર જમીનની ફાળવણી.
- અદ્યતન ટેકનોલોજી અને સુયોગ્ય ફર્નિચરથી સજ્જ.
- સંશોધકોના નિવાસ માટે રિસર્ચ હોસ્ટેલ
- કર્મચારીઓ માટે આવાસ (તમામ કર્મચારીઓએ ગ્રંથાલય પરિસરમાં સ્થિત આવાસમાં ફરજિયાત નિવાસ કરવાનો રહેશે)

**૭. ગ્રંથાલયનું સ્થળ**

- અમદાવાદ અને ગાંધીનગર ગુજરાતના પ્રાયઃ મધ્યમાં હોવાથી તેમજ વાહનવ્યવહારની દૃષ્ટિએ સૌથી વધુ અનુકૂળ હોવાથી સંશોધકો સરળતાથી અહીં આવી શકે તેથી આ બે પૈકી કોઈ એક સ્થળે ગ્રંથાલય સ્થાપવું.

**૮. ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અને કૉપીરાઈટ**

- ભારત સરકારના ઈ. સ. ૧૯૫૪ના ડિલિવરી ઑફ બુક્સ ઍક્ટ અન્વયે પ્રકાશકે / મુદ્રકે ૧. નૅશનલ લાઇબ્રેરી (કોલકાતા), ૨. સેન્ટ્રલ લાઇબ્રેરી (મુંબઈ), ૩. કનીમારા પબ્લિક લાઇબ્રેરી (મદ્રાસ) અને ૪. દિલ્હી પબ્લિક લાઇબ્રેરી (દિલ્હી) ને પોતાનાં પ્રકાશિત પુસ્તકોની ૧-૧ નકલ વિનામૂલ્યે ફરજિયાત મોકલવાની રહેશે. આ ઉપરાંત ગુજરાત સરકારના કૉપીરાઈટ ઍક્ટ અન્વયે ગુજરાતમાંથી પ્રગટ થતાં પુસ્તકોની ૨ નકલો રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, ૧ નકલ મધ્યસ્થ ગ્રંથાલય, વડોદરા, ૧ નકલ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ અને ૧ નકલ ગુજરાત રાજ્યના માહિતી ખાતાને વિનામૂલ્યે મોકલવાની રહેશે.

કરુણતા એ છે કે આ બંને ઍક્ટ અસ્તિત્વમાં છે તે સંબંધી માહિતીનો ઘણા જ ઓછા પ્રકાશકો/મુદ્રકો કે લેખકોને ખ્યાલ હશે. વળી આ એક્ટના ભાગ્યે જ ૫૦ ટકા જેટલો અમલ થતો હશે અર્થાત્ મોટા ભાગના પ્રકાશકો / મુદ્રકો પોતાનાં પુસ્તકો મોકલી આપતા નથી. પરિણામે રાષ્ટ્રીય સ્તરે કે રાજ્ય સ્તરે આપણાં જ પ્રકાશનોનો સંગ્રહ થઈ શકતો નથી અને તેનો રેકર્ડ પણ તૈયાર થઈ શકતો નથી. આજે જરૂર છે આ ઍક્ટને સુધારીને તેનો કડકાઈપૂર્વક અમલ કરાવવાની. સૂચિત ગ્રંથાલય માટે આ ઍક્ટ અન્વયે ગુજરાતમાં પ્રકાશિત થતાં પ્રકાશનોની ૧-૧ નકલ વિનામૂલ્યે મળી રહે તેવી કાનૂની જોગવાઈ કરવી જોઈએ. આ શક્ય બનાવવામાં આવે તો ગુજરાતમાંથી પ્રકાશિત થતાં તમામ પુસ્તકો અહીં સંગૃહીત થશે અને તે ઉપયોગ અર્થે સરળતાથી સુલભ થઈ શકશે.

આ સંદર્ભે એક કડવી વાસ્તવિકતા એ છે કે ભારતમાં પ્રગટ થયેલાં પુસ્તકો પૈકી ઘણાં ખરાં પુસ્તકો નૅશનલ લાઇબ્રેરી, કોલકાતામાં ઉપલબ્ધ નથી હોતાં, જ્યારે આ પુસ્તકો ભારતમાં પ્રગટ થયાના થોડાક જ માસમાં લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, વૉશિંગ્ટનમાં પ્રાપ્ય બને છે.

આજે, સમગ્ર દેશમાં અંગ્રેજી ભાષાના વધતા જતા પ્રભાવના કારણે સમગ્ર દેશમાં ભારતીય ભાષાઓના અસ્તિત્વ સામે ખતરાની ઘંટડીનો રણકાર શરૂ થઈ ગયો છે તેવા સમયે માતૃભાષાના સંવર્ધન માટે આજે માતૃભાષા ગુજરાતી ભાષા-સાહિત્યનાં ગ્રંથાલયનો અભાવ જોતાં તેની અનિવાર્ય આવશ્યકતા સામે નજર અંદાજ કરે પાલવશે નહીં. આ ગ્રંથાલય તેના ધ્યેયોની પરિપૂર્તિ અર્થે સુનિયોજિત રીતે સ્થાપવામાં આવશે તો તેની અનન્ય ઉપયોગિતા અને મહત્તા ઉપરાંત ગુજરાતના નીતિનિર્ધારકો માટે યશકલગીરૂપ નીવડશે અને રોલ મોડલની ભૂમિકા અદા કરનાર ખરા અર્થમાં 'ગુજરાત મોડલ' બની રહેશે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે અમેરિકન સરકાર પોતાના સંસદના ગ્રંથાલય-લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ, વૉશિંગ્ટન - માટે વિશ્વમાં પ્રગટ થતું સઘળું ઉત્તમ સાહિત્ય જે તે દેશમાં પ્રગટ થયાના ગણતરીના માસમાં ઉપલબ્ધ કરાવતી હોય તો આપણે આપણી માતૃભાષાનાં પુસ્તકોના સંગ્રહ માટે કૃતસંકલ્પ ન બની શકીએ ? આજે જરૂર છે માત્ર પ્રતિબદ્ધતા - (Commitment)ની. આ પડકાર અને તક નીતિનિર્ધારકોએ ઝીલવાં રહ્યાં !

ભારતની સંસદ દ્વારા ખાસ ધારો પસાર કરીને એશિયાટિક સોસાયટી, કોલકાતા, ખુદાબક્ષ ઓરિએન્ટલ પબ્લિક લાઇબ્રેરી, પટના વગેરે જેવી ઇન્સ્ટિટ્યૂટ ઑફ નૅશનલ ઇમ્પોર્ટન્સ સ્થાપવામાં આવી છે તે જ ધોરણે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ઠરાવ પસાર કરીને ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટેટ ઇમ્પોર્ટન્સ તરીકે આ સૂચિત ગ્રંથાલયની ખાસ દરજ્જા સાથે સ્થાપના કરવી જોઈએ. ધ્યાને રહે કે 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય ધારો' ગુજરાત વિધાનસભાએ ઈ.સ. ૨૦૦૧માં પસાર કર્યો, પરંતુ તેનો અમલ આજ દિન સુધી કરવામાં આવ્યો નથી, તેવું આ સૂચિત ગ્રંથાલય માટે ન થાય તે જોવું રહ્યું.

**મણિભાઈ પ્રજાપતિ**

# ગુજરાતના ઉચ્ચ શિક્ષણને I.A.S.નું આહ્‌વાન : રસો કેળવણી ત્રિફલા

ડૉ. દાઉદભાઈ ઘાંચી

**સમાજશિક્ષણ :** દુનિયાના જાણીતા સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને દાર્શનિકોએ વર્ષોથી પ્રમાણ્યું છે કે સમાજ અને શિક્ષણ એ અરસપરસ ક્રિયા-પ્રક્રિયા કરતાં પરિબળો છે. જેવો સમાજ, એવી એની શિક્ષણ-વ્યવસ્થા હોય છે અને જેવું શિક્ષણ એવો એનો સમાજ હોય છે. આ અનુભવજનિત સત્ય ભારતને અને ગુજરાતને, એમના પ્રત્યેક શહેરને અને ગામને સર્વાંશે લાગુ પડેલું જોવા મળે છે. ઇતિહાસ એનો ગવાહ છે.

આઈ. એ. એસ. (૨૦૧૫)નું સ્પર્ધાત્મક પરીક્ષા આધારિત પરિણામ ઑગસ્ટ, ૨૦૧૫માં જાહેર કરવામાં આવ્યું એના પડઘા-પ્રતિપડઘા ગુજરાતમાં ઠેર-ઠેર પડતા સંભળાયા છે. એ પરિણામે સમાજના જાગ્રત વડાને કેટલાક પાયાની બાબતો વિશે વિચારતો કરી મૂક્યો છે. જનમાનસમાં કાંઈક આવા પ્રશ્નો ઘોળાયા કરે છે એવું મીડિયા વારંવાર કહેતું રહ્યું છે. શું ગુજરાતના યુવાનો-યુવતીઓ આઈ.એ.એસ. જેવી કપરી કસોટી પસાર કરવા પૂરતાં સમર્થ છે ? શું ગુજરાતનું શિક્ષણ, વિશેષ કરીને ઉચ્ચ શિક્ષણ, ગુજરાતના વિદ્યાર્થીઓમાં એવાં જ્ઞાન, કૌશલ્યો, આવડતો, સૂઝ-સમજ, ચારિત્ર્યની શક્તિઓ અને એવા બીજા અનેક માનસિક, સાંવેગિક અને નૈતિક ગુણો ખીલવે છે જેના સહારે તેઓ સનદી સેવાઓ માટેની ખૂબ અઘરી પરીક્ષા સફળતાપૂર્વક અને ઊંચી રેન્ક સાથે પરીક્ષામાં કામિયાબી હાંસલ કરી શકે ? શું ગુજરાતી ભાષા ખુદ અને તેવું વિશાળ સાહિત્ય એના વિદ્યાર્થીને રાષ્ટ્રકક્ષાની આઈ.એ.એસ. જેવી કસોટી પાર કરવાની શક્તિ આપી શકે ? શું ગુજરાતની યુનિવર્સિટીઓ અને કૉલેજો વિશ્વકક્ષાની નહીં, તો રાષ્ટ્રકક્ષાની નોંધપાત્ર ગુણવત્તા ધરાવે છે જેથી એમના સ્નાતકો આઈ.એ.એસ.ની વૈતરણી પાર કરી શકે ?

કોઈ પણ શાણો સમાજ આ અને આવા અનેક પ્રશ્નોને ડહાપણપૂર્વક હલ કરવા પ્રયત્ન કરતો હોય છે જ. ગુજરાતનો સમાજ એમાંથી બાકાત નથી જ. ગુજરાતના સમાજે પરંપરાથી એ સ્વીકાર્યું છે કે શિક્ષણે વિદ્યાર્થીને સાચા અર્થમાં I.A.S. એટલે કે India's Autonomous Student - ભારતનો એક સ્વાયત્ત વિદ્યાર્થી બનાવવા શક્ય એવા સઘળાં વાનાં કરવાં જોઈએ. સાથે સાથે સમાજે એ ગૃહિત પણ સ્વીકારવું રહ્યું કે તેણે શક્ય એવી બધી રીતે શિક્ષણના સહભાગી, સાથીદાર, સદ-ઉત્તરદાયી બનવું જોઈએ. સમાજ અને શિક્ષણની સક્રિય ભાગીદારી જ વિદ્યાર્થીનું ઉત્તમોત્તમ ઘડતર કરી શકતી હોય છે. આ છે સંદેશ I.A.S. (૨૦૧૫)ની પરીક્ષાના પરિણામનો.

**પરીક્ષા પરિણામનાં પાંચ પરિમાણો :** સનદી સેવાઓમાં દેશના યુવા માનવધનમાંથી ઉત્તમોત્તમ વ્યક્તિઓ પસંદ કરીને તેમને શિરે દેશના વિકાસ, આબાદી અને આંતરરાષ્ટ્રીય જગતમાં પ્રતિષ્ઠિત કરવા માટેની જવાબદારી નાખવાનો ઉપક્રમ બંધારણ દ્વારા જોગવાઈ કરીને U. P. S. C.ને કામગીરી સોંપવામાં આવેલી છે અને UPSC એ છેલ્લા સાત દાયકાઓ દરમિયાન અનેક પ્રયોગો અને સંશોધનો કરીને એના દ્વારા લેવામાં આવતી I. A. S.ના નામથી પ્રચલિત બનેલી પરીક્ષાને મૂલ્યાંકનશાસ્ત્રના સિદ્ધાંતો અનુસારની ખૂબ સાચી (Valid) અને વિશ્વાસપાત્ર કસોટી બનાવી છે.

વર્ષ ૨૦૧૪-૧૫ના ગાળા માટે લેવાયેલી આ પરીક્ષાનું પરિણામ ઑગસ્ટ, ૨૦૧૫માં જાહેર થયું. ''સ્પીપા'' (Spipa) સંસ્થાએ એ પરિણામને સારી એવી પ્રસિદ્ધિ પણ આપી છે. એ પરીક્ષાના ગુજરાતને સ્પર્શતા પરિણામનાં નોંધપાત્ર પરિણામો નીચે પ્રમાણે છે.

(૧) પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોની સંખ્યા વીસની છે. તે પૈકી અઢાર યુવકો છે, અને બે યુવતીઓ છે. આમ યુવતીઓની ટકાવારી ઘણી ઓછી જોવા મળી છે.

(૨) પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ક્રમ (Rank)ની દૃષ્ટિએ પહેલા સો સફળ ઉમેદવારોમાં ગુજરાતના ત્રણે સ્થાન મેળવ્યું છે. એ પૈકી એકે તો પહેલા પચીસમાં સ્થાન પ્રાપ્ત કરી લઈ વિક્રમ સ્થાપ્યો છે.

(૩) સફળ રહેલા ઉમેદવારો એક યા બીજી યુનિવર્સિટી / કૉલેજના જ સ્નાતકો છે. આ પરીક્ષા સ્નાતક થઈ ચૂકેલા વિદ્યાર્થીનું નવેસરથી પોતે નિશ્ચિત કરેલા માપદંડોથી પુનર્મૂલ્યાંકન કરતી હોય છે. બહુ સ્વાભાવિક છે કે એ વિદ્યાર્થીઓએ સ્નાતક થયા બાદના સમયમાં પરીક્ષા માટે તૈયારી કરી હોય છે. એ માટે એમના પોતાના આકરા સ્વાધ્યાય, કાર્યના અનુભવો અને ''સ્પીપા'', ''મમતા'' વગેરે જેવી તાલીમ સંસ્થાઓમાંથી તેમણે મેળવેલ સઘન મહાવરા તાલીમે ભજવેલ ભાગનું પ્રદાન નોંધપાત્ર હોય છે.

(૪) આ વખતના પરિણામ પર ઉમેદવારોએ પસંદ કરેલ સ્વૈચ્છિક વિષયો પૈકી ''ગુજરાતી સાહિત્ય''ના વિષયનો દબદબો બેમિસાલ રહ્યો છે. વીસ સફળ ઉમેદવારો પૈકી અડધો-અડધ, એટલે કે દસ આ વિષય સાથે ઉત્તીર્ણ થયા છે. આ ઘટના ગુજરાતના ઉચ્ચ શિક્ષણ માટે પથદર્શક નીવડે એમ છે. ઉમેદવારોએ ગુજરાતી ભાષામાં જ ઇન્ટરવ્યૂની વૈતરણી હિંમતપૂર્વક તરી દીધી છે એ પણ શૈક્ષણિક રીતે ખૂબ મહત્ત્વની ઘટના છે.

(૫) અને છેલ્લે, પરીક્ષામાં સફળ નીવડેલા ઉમેદવારોએ સંસ્થાઓમાં અને મીડિયામાં એમના સ્વાનુભવો અને લાગણીઓ વ્યક્ત કરતા જે ઇન્ટરવ્યૂ આપ્યા છે તેમાં તેમણે તો ઉચ્ચ શિક્ષણની વ્યાખ્યાને જ બદલી નાખી છે ! એમણે વ્યક્ત કરેલાં અવલોકનો, વિચારો અને અભિપ્રાયો મુજબ ગુજરાતનો પ્રત્યેક ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થી સ્નાતક પરીક્ષા પસાર કરે એટલે એની ઓળખ ''IAS'' એટલે કે India's Autonomous student તરીકે આપતો થવો જોઈએ. એને અપાતું સ્નાતક કક્ષા સુધીનું સમગ્ર શિક્ષણ તેને 'ત્રિફલા''નું રસાયણ આપી, એક હોનહાર યુવાન-યુવતી તરીકે, સમાજને પોતાની પસંદગીના કોઈ પણ સેવાક્ષેત્રમાં હોંશીલું નેતૃત્વ પૂરું પાડવા સક્ષમ બનેલ હોવો જોઈએ. આ રહ્યા એ ત્રણ ફળ : I. A. S.

૧. I : Innovativeness (નવીનતાક્ષમતા)

૨. A : Aduenturousness (સાહસક્ષમતા)

૩. S : Superbness (પારમિત ક્ષમતા)

**ઉચ્ચ શિક્ષણને આહવાન :** દેશની શિક્ષણવ્યવસ્થા પરંપરાથી, વહીવટી સગવડ ખાતર ત્રણ તબક્કાઓમાં અલગ-અલગ સ્વરૂપે વહેંચાયેલી, ખંડિત રહ્યા કરી છે. સાચી કેળવણી તો સમગ્ર, અખિલાઈવાળી જ હોઈ શકે, પરંતુ ભારત દેશની શિક્ષણવ્યવસ્થા ઓછી કેળવણીલક્ષી, અને વધુ વહીવટીલક્ષી જ બની રહી છે. આ રહ્યા એ ત્રણ ખંડ અને એમના પાસેથી રહેલી સમાજની અપેક્ષાઓ

| | તબક્કો | સમાજની અપેક્ષાઓ |
|---|---|---|
| ૧. | ઉચ્ચ | નેતૃત્વ-સર્જનશીલતા માટેનું શિક્ષણ : Leadership and Creativity |
| ૨. | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક : | ભરણ-પોષણ માટેનું શિક્ષણ : Maintenance and Sustenance |
| ૩. | પ્રાથમિક | અસ્તિત્વ માટેનું શિક્ષણ : Living and Survival |

આ રીતનું ખંડિત શિક્ષણ વિદ્યાર્થીના વ્યક્તિત્વને શીર્ણ-વિશીર્ણ કરી પીંખી નાખવાનું ઘાતક પરિણામ લાવે છે. કેળવણીને સાચા અર્થમાં ''ત્રિફલા'' બનાવવા વ્યવસ્થાને ખંડિત અવસ્થામાંથી ઉગારી લઈ એક સળંગ, એકસૂત્રી, સુગ્રથિત, અખિલાઈ (Integral, Holistic) ધરાવતી જીવનથી ધબકતી (Organic) ચેતનાભરી વ્યવસ્થા (Entity)માં રૂપાંતરિત કરવાનું આહ્વાન આ વખતનું IAS (૨૦૧૫) પરિણામ સૌ નીતિનિર્ધારકોને આપે છે. ખાસ તો નવી શિક્ષણનીતિ (NEP-૨૦૧૫)ના ઘડવૈયાઓએ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ.

આ ખ્યાલથી સુસંગત રહી, સમગ્ર શિક્ષણવ્યવસ્થા માટે એકસૂત્રી, વિકાસમાન (Spiral), અભ્યાસક્રમની નવેસરથી વિચારણા કરવાની જરૂર છે. એમાં માતૃભાષા, ગુજરાતના કિસ્સામાં ગુજરાતી ભાષા,

એનું સાહિત્ય, એની સંસ્કૃતિ અને એના શાસ્ત્રનું સઘન શિક્ષણ આપવાના પ્રબંધો આયોજનપૂર્વક કરવા પડશે તે ખ્યાલમાં રાખવું ઘટે.

આઈ. એ. એસ.ની પરીક્ષા સ્નાતકોત્તર કક્ષાની ધાર અને માર ધરાવે છે. વિદ્યાર્થીની વિવિધ બૌદ્ધિક ક્ષમતાઓ (Multiple Intelligences)ના સુચારુ વિકાસની એ પરીક્ષા કસોટી કરે છે. માટે જ કેળવણીને સાચા અર્થમાં ''ત્રિફલા'' કરવા બિનચીલાચાલુ રીતે વિચારવાની જરૂર છે. પહેલું ફળ તે નવીનતાક્ષમતાનું છે. આપણો ભાવિ સ્નાતક કેવો હોય તે સૂચવતી કવિ કરસનદાસ માણેકની આ પંક્તિઓ શિક્ષણવિદો અને શિક્ષકોએ યાદ રાખવી રહી.

**''માર્ગ જે નવો કરે**
**પ્રકાશ જે નવો ધરે,**
**જુવાન એ.**
**વમળ સામટાં તરે,**
**પૃથ્વીને નમી સદા,**
**સુદૂર આભમાં ફરે**
**જુવાન એ.''**

દરેક યુનિવર્સિટી, દરેક કૉલેજ અને તેના સૌ હિતધારકો [Stake Holders]એ, એમની નજર સમક્ષ, યુવાન-સ્નાતકની આ અપેક્ષિત છબી રાખવી જોઈશે, અને એ હાંસલ કરવા સર્વે આયોજનો ઘડવાં પડશે.

એ જ રીતે ''ત્રિફલા'' કેળવણીથી નીપજતું બીજું ફળ છે સાહસક્ષમતા. IASની પરીક્ષા સ્નાતક ઉમેદવારની આ ક્ષમતાને સરાણ પર ચઢાવતી હોય છે. આટલા મોટા દેશનો કારોબાર કરતા સનદી સેવકમાં કેવી હોંશ, કેવી ધગશ, કેવી નૈતિક હિંમત અને કેવી ન્યોછાવરીની ભાવના હોવી જોઈએ એનો આછેરો ધબકાર કવિશ્રી સ્નેહરશ્મિના આ ગીતમાં સાંભળી-અનુભવી શકાય છે :

**''હું તો આભ ચઢું ને ડુંગર ઊતરું રે,**
**હું તો વાદળ ચઢુંને વીજ ઊતરું રે.**
**કે મારાં સોણલાં, સરી, સરી જાય**
**ને મારે જાવું મધ દરિયાની પાર.''**

૨૧મી સદીના પડકારોને પહોંચી વળવાની સાહસક્ષમતાઓ જે સ્નાતકમાં સુપેરે વિકાસ પામી હશે તે કોઈનો ચાકર [Employee] બની રહેવા કરતાં એક ધુરંધર સાહસિક (Entreprenur) બનવાનું પસંદ કરે એ રીતની સભર ''ત્રિફલા'' કેળવણી આપવા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગંભીરતાથી વિચારવાની નોબત હવે આવી ચૂકી છે. જેની નોટિસ IAS (૨૦૧૫)ની પરીક્ષા આપી ચૂકી છે.

આજના ભારત દેશે પોતાનો સમૂળો કાયાકલ્પ કરવા માટે જે સૂત્ર [Formula] અપનાવ્યું છે તે ઘણું સૂચક છે. આ રહ્યું એ સૂત્ર.

**સમાજ + કેળવણી + સેવાઓ = વિકાસ**
**(સાર્વત્રિક અને ન્યાયી)**

આ ત્યારે જ શક્ય બની શકે જ્યારે અપેક્ષિત ''ત્રિફલા'' કેળવણીનું ત્રીજું ફળ : પારમિતા ક્ષમતા (Excellence) પ્રત્યેક ભારતવાસીના ચિત્તતંત્ર [Psyche] અને વર્તન [Action]માં છલોછલ પરિણત થાય. જાપાન જેવા એક નાનકડા પૂર્વના જ દેશે ગુણવત્તાને પોતાનો જીવંતમંત્ર બનાવી, બીજા વિશ્વયુદ્ધમાં તેણે વેઠેલી અકલ્પ્ય તારાજીમાંથી બેઠા થઈ વિશ્વના બીજા ક્રમના આર્થિક આબાદી ધરાવતા મુલ્ક તરીકે મેળવેલી હેરત અંગેની કામિયાબીની પાછળ પ્રત્યેક જાપાનવાસીના હૃદયમાં ગુંજતો ઉત્તમતાની સાધના માટેનો આ મંત્ર રહેલો છે એ યાદ રાખીએ.

**''Good, Better, Best,**
**Never Let it Rest,**
**Till Your Good is Better,**
**And Your Better Best.''**

ગુજરાતની ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાનો સંખ્યાત્મક વિકાસ ઘણો થયેલો દેખાય છે એ વર્ષ ૨૦૧૫ની આંકડાકીય માહિતી બનાવે છે.

| | |
|---|---|
| યુનિવર્સિટીઓ | ૫૬ |
| સંલગ્ન કૉલેજો | ૧૧૦૦ |
| વિદ્યાર્થીઓ | ૧,૫૦૦,૦૦૦ |
| અધ્યાપકો | ૨૫,૦૦૦ નોંધ : ૩૦ ટકાથી ૪૦ ટકા જગાઓ બાકી છે. |

વધારામાં ઑગસ્ટ ૨૦૧૫ દરમિયાન બે નવી યુનિવર્સિટીઓ સ્થાપવા વિધાનસભાએ એક બિલ પણ પસાર કર્યું છે. અલબત્ત, રાષ્ટ્રીય જ્ઞાનપંચ (૨૦૦૯)ના હેવાલ મુજબ દેશમાં ઉચ્ચ શિક્ષણની તકો હજી

વધારવાની જરૂર છે, પણ સાથે સાથે ઉચ્ચ શિક્ષણને સાચા અર્થમાં ગુણવત્તા (Quality) સભર કરી તેને ઉત્તમોત્તમતા (Excellence) પણ બક્ષવાની છે. I.A.S.નાં ત્રણે ફળ પ્રાપ્ત કરાય તો જ અપેક્ષિત ઉત્તમતા હાંસલ થઈ શકશે એ સ્પષ્ટ છે.

**ઉપસંહાર :** ગુજરાતના ઉચ્ચ શિક્ષણને વધુ સારું અને ફળદાયી બનાવવાની સઘન ઝુંબેશ ઉપાડવી પડશે. ''સ્પીપા'', ''મમતા'' વગેરે જેવી પૂર્વ પરીક્ષા તાલીમ આપનારી સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને કૉલેજો દ્વારા અપાતા વિધિવત્ શિક્ષણને સ્પર્ધાક્ષમતાનાં તત્ત્વો ઉમેરીને પૂરક શિક્ષણ આપવાનું કામ સુચારુ રીતે કરી રહી છે. તેમના અનુભવો પરથી યુનિવર્સિટીઓ અને કૉલેજોએ પોતાના અભ્યાસક્રમો, અધ્યયન-અધ્યાપનની પદ્ધતિઓ, શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ કરવાના તોર-તરીકા વગેરેને વધુ ધારદાર બનાવવા જોઈએ. આ માટે સંસ્થાકીય સંકલનની વ્યવસ્થા ઊભી કરવી પડશે.

આમ તો, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં આ પ્રકારનું સંસ્થાકીય ગૂંથણીનું માળખું [Cluster] રચવાની યોજના તેના મિશન T. H. E. [Team Higher Education] અંતર્ગત શરૂ કરેલ છે જ. એને વધુ સક્રિય બનાવવાની આવશ્યક્તા ઊભી થઈ છે. ઉપરાંત, ભારત સરકારે સંસ્થાકીય ઝૂંમખાં [Clusters]નો ખ્યાલ તેની Rusa [રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અભિયાન] વર્ષ ૨૦૧૩-૧૪થી વહેતો કરેલો છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે I.A.S.નું તથ્ય પોષણ પામે એ સારુ ઉત્તમતાની સંભવિતતા ધરાવતી યુનિવર્સિટીઓ અને કૉલેજોને Potential for Excellenceની યોજના લાગુ પાડી મોટું ભંડોળ આપવાની દરખાસ્ત અમલમાં મૂકવા કેન્દ્રીય સરકારના MHRD દ્વારા UGCને કાર્યાન્વિત પણ કરવામાં આવ્યું છે.

આમ આપણા દેશમાં ઉમદા ઇરાદાઓ [Holy Intentions]ની તો ખોટ નથી, જરૂર છે એમના અમલની, અમલની ઇમાનદારીની, અમલ માટેની નિર્ધારની અને અમલ કરીને એના પ્રામાણિક મૂલ્યાંકનની.

I. A. S. (૨૦૧૫) તો માત્ર એક ઘટના જ છે અને તે સમયબદ્ધ ઘટના છે. સૌના પ્રયત્નોથી એ પરીક્ષામાં આ વખતે વીસ જેટલા યુવાન-યુવતીઓ સફળ નીવડ્યાં છે. એમની જ્વલંત સફળતા બદલ એમની કૉલેજો, એમનાં માબાપ, 'સ્પીપા' અને 'મમતા' જેવી પૂર્વ પરીક્ષાની તાલીમી સંસ્થાઓ વગેરે ધન્યતા અનુભવે એ સ્વાભાવિક છે, પરંતુ આ આનંદનો અતિરેક [Euphoria] ન બનવો જોઈએ. આવતાં વર્ષોમાં થનારા ગુજરાતના, દેશના અને વિશ્વના વિકાસના વિસ્ફોટને સ્વસ્થતાથી, આત્મવિશ્વાસથી અને ક્ષમતાથી પહોંચી વળવા I. A. S.નો જોસ્સો કાયમી ટકાવવો પડશે, એને વધુ બળવત્તર બનાવતા રહેવું પડશે. આ દિશામાં શું કરવું જોઈએ એ વિશે પોતાની સનદી પરીક્ષાની જળહળતી ફત્તેહથી સ્હેજે મિથ્યાભિમાન ન અનુભવતાં ખૂબ વિનમ્રતાથી, પોતાનો નિખાલસ અભિપ્રાય આપતા, ૧૨૦૦ સ્પર્ધકોમાં ૨૩નો રેન્ક પ્રાપ્ત કરનાર શ્રી અનિલ તુલસીભાઈ ધામેલિયાએ ''સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત''ને આપેલા ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે, ''મારા કૉલેજ શિક્ષણ દરમિયાન જ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરવાનો મેં નિર્ધાર કર્યો હતો. મેં આ પરીક્ષા કઠોર પરિશ્રમ બાદ ચોથા પ્રયત્ને પાસ કરી છે, 'આ છે સફળતાની સફર ખેડનારની સૌને પોરસ ચઢાવે એવી અનુભવ-વાણી.'

એવા બીજાં સફળ ઉમેદવાર બહેન કુ. રાજતનિલ નીતિરાજ સિંહે ખૂબ સંક્ષેપમાં ખૂબ પાયાની વાત કરી ''વૃત્ત''ને જણાવ્યું હતું કે : ''મારી બાલ્ય વયથી જ સિવિસ સર્વિસની પરીક્ષા પાસ કરવી એવું મારું સ્વપ્ન અને મારો આખરી ધ્યેય રહ્યો છે.'' આ લાગણી એમના અંતરના ઊંડાણથી નીકળી આપણા હૃદય સોંસરી ઊતરી જાય એવી અને એટલી વેધક છે ને ?

ફરી યાદ કરી લઈએ પેલું સૂત્ર : સમાજ = કેળવણી = સેવાઓ = વિકાસ એનું અહર્નિશ સ્મરણ કરતા રહી, I. A. S.ની ભાવના સર્વક્ષેત્રે પ્રસરતી રહે, વ્યાપક બનતી રહે, એ માટે ''ત્રિફલા'' કેળવણી નીપજે એવી આવશ્યક વ્યવસ્થાઓ ઊભી કરતા રહી, ગુજરાતના ઉચ્ચ શિક્ષણને દેશ અને દુનિયામાં સર્વોત્તમ બનાવતા રહેવાની સફર ખેડતા રહીએ.

તા. ૧૧-૦૯-૨૦૧૫

**દાઉદભાઈ એ. ઘાંચી**
હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
પૂર્વ ઉપકુલપતિ,
ટાવર પાસે, બજારમાં,
કલોલ, જિ. ગાંધીનગર

# સરસ મોકાનું સ્થળ*

લે. જ્હૉન ઓ'હારા
અનુવાદ : મોહનલાલ પટેલ

(ઓ'હારા ટૂંકીવાર્તાના ક્ષેત્રે એક નવો રાહ પકડનાર ભાવકો અને વિવેચકોનો માનીતો સર્જક ખરો, પણ પરંપરાના કહેવાતા રૂઢિદાસો માટે એ એક વિવાદાસ્પદ સર્જક બની રહ્યો છે.

એણે પશ્ચિમ પ્રદેશ (કેલિફૉર્નિયા વિસ્તાર) અને મેનહટન વિસ્તાર (ન્યૂયૉર્ક વગેરે)ના ભદ્ર સમાજના દંભ, ઘૃણાસ્પદ અને ભ્રષ્ટ આચાર વગેરેને દયાહીન બનીને જેવાં છે તેવાં આલેખ્યાં છે. ઓ'હારા માટેનો આ અભિપ્રાય આ વાતનો સમર્થક બની રહે છે : 'In O'Hara we have a prime delineator of the complex, fouled-up slightly terrifying world we live in.'

એણે ગામડાના લોકજીવનને એટલું વાસ્તવિક અને ઝીણવટભર્યું આલેખ્યું છે કે અમેરિકાના એક હિસ્સાનું સાચું ચિત્ર આપણને મળે છે. ગરીબી, ટકી રહેવાની મથામણ અને સંઘર્ષ એમાં જોઈ શકાય છે.

'Waiting for Winter' અને 'Hell Box' એના જાણીતા વાર્તાસંગ્રહો છે.)

શ્રીમતી હૉફમેને એમની ગાડી ગેસટેન્કથી અલગ કરી. રેડ વૉલ્ટર્સ એમને હંકારી જતાં જોઈ રહ્યો. શ્રીમતી હૉફમેન તો સીધેસીધાં હંકારી જતાં હતાં પણ રેડ વૉલ્ટર્સ એમને વિદાય આપતો હોય એમ હાથ હલાવતો રહ્યો. એ બોલ્યો : 'વાત ખરી છે; વધારે મોટાં વધારે સારાં !'

એનો સાથી કામદાર ચાર્લી કોનોર્સ બોલ્યો : 'તું સાચો છે. જેટલાં મોટાં એટલાં સારાં.'

રેડ વૉલ્ટર્સે કહ્યું : 'એ કેટલાની આસામી છે એની તને ખબર છે ?'

ચાર્લી બોલ્યો : 'સાંભળ્યા પ્રમાણે તો એની પાસે એક મિલિયન (દસ લાખ) કરતાં વધારે છે.'

'ફક્ત મિલિયન ? એનો વૃદ્ધ પતિ ગુજરી ગયો એ વખતે એની પાસે મિલિયન કરતાં વધારે હતા. અત્યારે ત્રણ નહીં તો બે કરતાં વધારે એની પાસે હશે.'

'ત્રણ મિલિયન ડૉલર !' ચાર્લી બોલ્યો : 'મોટા ભાગના લોકો તો એક મિલિયન ડૉલરથી પણ સંતુષ્ટ હોય છે.'

'એક મિલિયન ડૉલર ઉપર કેટલી આવક શક્ય બને એ તેં કોઈ દિવસ વિચાર્યું છે ?'

'એના ઉપરની આવક ? ના ભાઈ, ના. એમાંનું તો મેં કદી વિચાર્યું કે કલ્પ્યું પણ નથી.'

'જો એને સ્ટોક અને બોન્ડ પાંચ ટકા પ્રમાણે રળી આપે તો એને એક મિલિયન ઉપર વર્ષે પચાસ હજાર ડૉલર મળે. એને તું ત્રણથી ગુણી જો.'

'એક સો અને પચાસ હજાર ડૉલર ?' ચાર્લી બોલ્યો.

'હા એકસો પચાસ હજાર ડૉલર એ માત્ર આવક.'

'એક અઠવાડિયાના લગભગ ત્રણ હજાર ડૉલર થયા.'

'પણ એ ચોખ્ખી આવક નહીં. એમાંથી કેટલીક રકમ ટેક્ષમાં કપાય. ધારો કે એક અઠવાડિયાના એક હજાર ડૉલર ટેક્ષમાં કપાય તોપણ એની પાસે એક અઠવાડિયે બે હજાર ડૉલર રહે.'

ચાર્લી બોલ્યો : 'એ ડોસી એક અઠવાડિયાના બે હજાર ડૉલર રળે છે ?'

'લગભગ એટલો આંકડો થાય'. રેડ બોલ્યો.

'બે હજાર ભાગ્યા સાત.' ચાર્લીએ કહ્યું.

* 'A Good Location' વાર્તાનો અનુવાદ

રેડે માથું હલાવ્યું. 'દિવસના લગભગ ત્રણસો જેટલું.'

'દિવસના ત્રણસો ડૉલર – આપણને એક દિવસના ત્રણસો ડૉલર પ્રમાણે મળે તો આપણે શું કરીએ, રેડ ?'

'આ વિસ્તારમાં આપણને રોજના ત્રણસો ડૉલર કદી મળવાના નથી. આપણને એટલી રકમ આખા અઠવાડિયા પ્રમાણે મળે તોપણ આપણે નસીબદાર !'

'એટલી રકમ માટે આપણને અત્યારની મળતર પ્રમાણે કેટલાં અઠવાડિયાં લાગે ?'

'બહુ ન લાગે, પણ એ ગણતરીથી કશો લાભ ન થાય.'

'હા, એ પણ એક હકીકત છે.' ચાર્લીએ કહ્યું.

'આપણા બંને વચ્ચે એક અઠવાડિયાના ૧૦૦ ડૉલર મળે છે, તોપણ વરસ પાધરું ગણીએ છીએ.'

'આપણે એવું ગણતા રહ્યા છીએ, રેડ.'

'હા, જાણું છું આપણે કશું બાકી રાખતા નથી, સોયે ડૉલર વહેંચી લઈએ છીએ. તું તારા પચાસ અને હું મારા પચાસ.'

'જો અઠવાડિયાના અંતે પચાસ ડૉલરને બદલે ૪૦ ડૉલર લઈ જાઉં તો મેરી એવી બૂમાબૂમ અને ઘાંટા-ઘાંટ કરે કે એનો અવાજ બાજુની કાઉન્ટીમાં સંભળાય.'

'બેસ (Bess)નું પણ એવું જ. એ બૂમાબૂમ ન કરે પણ રડારોળ કરવા માંડે. આ રીત ખરાબ તો ખરી જ. એ લોકો પચાસથી એવા ટેવાઈ ગયાં છે કે એમને બીજો એવો વિચાર આવતો નથી કે જો આપણે બંને એક અઠવાડિયે પાંચ-પાંચ ડૉલર બાજુએ મૂકીએ તો વરસે-દહાડે, પાંચસો અને વીસ ડૉલર ભેગા થાય.'

'બરાબર છે.' ચાર્લીએ સૂર પુરાવ્યો.

'અને એ પૈસાથી આપણે બૅન્ક પાસે જઈએ અને કોઈ સારી જગ્યા માટે વ્યાજે નાણાં મેળવી શકીએ. આપણે સારું સ્થળ મેળવીએ. બધું સારા સ્થળ સાથે સંકળાયેલું છે. મિસિસ હૉફમૅનની ગાડીનો ગૅસ ખૂટે અને એ અહીં આવે ત્યારે આપણે એને ગ્રાહક તરીકે જોતા નથી. એ ગૅસ ભરાવવા આવી હતી ત્યારે એણે મને શું કહ્યું એ તેં સાંભળ્યું હતું ?'

'ના, હું તો ગૅસનું પમ્પિંગ કરતો હતો' ચાર્લીએ જવાબ આપ્યો.

'મિસિસ હૉફમૅનને એવું કહ્યું કે હું આ ધંધામાં છું એની તો એને ખબર જ નહોતી. યુદ્ધ પહેલાના વખતે હું એને વર્તમાનપત્રો પહોંચાડતો હતો એની જ એને જાણ હતી. દરેક નાતાલ વખતે એના તરફથી મને પાંચ ડૉલર મળતા. હું એકલો જ એના તરફથી પાંચ ડૉલર મેળવનાર હતો. આ એક જ સ્થળેથી મને પાંચ ડૉલર મળતા હતા. શહેરમાં પેપર વહેંચનાર છોકરાઓમાંથી બીજા કોઈને પણ પાંચ ડૉલર મળતા નહોતા. મિસિસ હૉફમેન તરફથી મને જે પાંચ ડૉલર મળતા હતા તે એમના રસોયા મારફતે મળતા હતા. મોટા ભાગના છોકરાઓને આ કામ માટે ક્વાર્ટર (પચીસ સેન્ટ) મળતો.'

આ સાંભળી ચાર્લી બોલ્યો : 'મારે તો પેપર વહેંચણીનો કોઈ રૂટ નહોતો.'

'નાતાલ વખતે પેપર તરફથી અમને અમારા રૂટ ઉપર કૅલેન્ડર વહેંચવાનું કામ સોંપવામાં આવતું. આ વધારાની વહેંચણી હતી એટલે આના માટે ગ્રાહકો તરફથી કંઈક મળવાની ધારણા રહેતી. કોઈ ડાઈમ (દસ સેંટનો સિક્કો) આપતા તો કોઈ ક્વાર્ટર. પણ મિસિસ હૉફમેનના રસોયા તરફથી મને પાંચ ડૉલરની નોટ મળતી. એમાંના ચાર હું રાખી લેતો. ગ્રાહકો તરફથી શું મળે છે એની મૉમને ખબર નહોતી. પણ કંઈક મળતું હોવાની તો એને ખબર હતી. વૃદ્ધ મિસિસ હૉફમેન તરફથી મને એક ડૉલર મળે છે એવું હું એને કહેતો અને બાકીના ચાર ડૉલર હું મારી પાસે રાખી લેતો.'

'બાકીના આ ચારનું તું શું કરતો ?' ચાર્લીએ પૂછ્યું.

'ઘેરથી નાસી જવાના હેતુથી હું એને સંતાડી રાખતો. મારા ડેડ મને ખૂબ મારતા અને મૉમ પણ એવું કરતી એટલે ઘેરથી ભાગી જવા માટે પૂરતી રકમ થાય એ માટે હું આ ડૉલર સંતાડી રાખતો.'

'પણ તું તો કદી ઘેરથી નાસી ગયો નહોતો. બોલ, નાસી ગયો હતો ?'

રેડે માથું હલાવ્યું, એ બોલ્યો : 'ના, મૉમને સંતાડેલા પૈસા જડી ગયા. એક કોથળીમાં સોળ ડૉલર અને ૪૫ સેન્ટ હતા.'

'તેં એ પૈસા ક્યાં સંતાડ્યા હતા તે તારી મૉમને

જડી ગયા ?'

'મારી પથારીમાં ગાદલા નીચે. એક દિવસ હું સ્કૂલમાં હતો ત્યારે મૉમે ગાદલાને ઊલટ-સૂલટ કર્યું અને એને પૈસાવાળી કોથળી જડી ગઈ. આ પછી આ પૈસાના કારણે ડેડી અને મૉમે મને ખૂબ પીટ્યો. મેં આ પૈસા ક્યાંથી ચોર્યા એ વિશે એમણે પૂછપરછ કરી. મેં સાચી વાત કરી એટલે એમણે મેં એમના જ પૈસા ચોર્યા છે એવું ગણીને મને ખૂબ કૂટ્યો. સોળ ડૉલર અને પિસ્તાલીસ સેન્ટ. વીસ ડૉલર થાય ત્યાં સુધી હું બચત કરવાનો હતો અને પછી ભાગી જવાનો હતો.'

'હં.'

'જો હું સોળ ડૉલર અને પિસ્તાલીસ સેન્ટ સાથે ભાગી ગયો હોત તો કોણ જાણે હું ક્યાં હોત, પણ અહીં ન જ હોત.'

'તું ક્યાં જવાનો હતો ?' ચાર્લીએ પૂછ્યું.

'તને યાદ છે, હું ૧૪ વર્ષનો ખડતલ છોકરો હતો. ઘેરથી ભાગી જઈને હું કોઈ વહાણમાં નોકરીએ લાગી જવાનો હતો. એ નોકરીનો મેળ ન પડે તો નેવીમાં જોડાવાનો હતો. હું એક વખત જતો રહું એટલે એમને મારી કોઈ ચિંતા થવાની નહોતી. એમને જે થવાનું હતું તે તો મારા પેપર રૂટ અંગે થવાનું હતું. અઠવાડિયે મૉમે પૈસા ન લીધા હોય તો ડેડી લઈ લેતા. દર શુક્રવારે ચૂકવણું થતું. મારો રૂટ લેન્ટેન્ગો સ્ટ્રીટનો સળંગ હતો. અઠવાડિયે એક ડૉલરનું મારું મહેનતાણું નિશ્ચિત હતું. મને એથી વધારે મળવાપાત્ર ખરું, પણ વહેંચણીના રૂટ નક્કી કરનારને હું મને મળનાર મહેનતાણામાંથી ભાગ ન આપું તો એ કૂતરીનો મારો રૂટ જ છીનવી લે. એને ભાગ આપો અથવા રૂટ ગુમાવો એવું બને. વહેંચણીના ચાર્જમાં જ્હોની મીનઝર હતો.'

'હા, એ કૂતરીનો ગાંડિયા આર્ટીનો ભાઈ.'

'હું એક અઠવાડિયામાં ત્રણસો અને ચોર્યાસી વહેંચણી કરતો. દરેક વહેંચણીનો મને એક સેન્ટ મળે એ રીતે ત્રણ ડૉલર અને ચોર્યાસી સેન્ટ થાય. એને બદલે મને એક ડૉલર મળતો. તે પણ એ ડૉલર હું પોતે મેળવી શકતો નહીં. મારા મૉમ-ડેડી એ મેળવી લેતાં. મારા ડેડી કહેતા, 'તારા ચામડાના બૂટનો ખર્ચ કોણ આપે છે ?' અને અઠવાડિયાના છ દિવસ સુધી છાપાનો બોજો ઊંચકીને ફરવામાં મારો ડાબો ખભો નમી ગયો છે એનું શું ? લોકો તો કહે છે કે અમારી પાસેથી લૂંટી લઈને જ્હોની મીનઝર અઠવાડિયાના બસો કરતાં વધારે ડૉલર બનાવી લે છે અને એ બધા વેશ્યાઓમાં જાય છે. તને યાદ છે, એ મોટરસાઇકલ ઉપર માર્યો ગયો હતો ને ? એ મરી ગયો ત્યારે અમે જરાય આંસુ સાર્યાં નહોતાં.'

'હા, આપણે લશ્કરમાંથી નીકળી ગયા પછી એ બન્યું હતું.' ચાર્લી બોલ્યો.

'૧૯ – નો ઉનાળો હતો.' રેડે કહ્યું.

'હા, લગભગ એ સમય. પણ મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે તારા કૅલેન્ડરની વહેંચણીના પૈસા એ કેમ લઈ લેતો નહોતો ?'

'લઈ લેતો હતો. તમે કૅલેન્ડરની ડિલિવરીમાં મળનાર પૈસામાંથી અડધા જતા ન કરો તો તમને કૅલેન્ડર વહેંચવા જ ન મળે. જો એને ખબર પડી હોત કે મિસિસ હૉફમૅન તરફથી મને પાંચ ડૉલર મળે છે તો એ પોતે જ હૉફમેનને ત્યાં કૅલેન્ડરની વહેંચણી કરવા જઈ પહોંચ્યો હોત. એને તો એવો ખ્યાલ હતો કે લોકો કૅલેન્ડરની વહેંચણી કરનાર છોકરાને બહુ બહુ તો ક્વાર્ટર આપે. કેટલાક તો અમને એક નિકલ (પાંચ સેન્ટનો સિક્કો) પણ આપતા નહોતા. કેટલાક ઘરની નોકરડીઓ અમને ડાઈમ (દસ સેન્ટનો સિક્કો) આપતી.'

ચાર્લી બોલ્યો : 'એ લોકો વહેંચણી કરનાર છોકરાને એક ડાઈમ કરતાં વધારે મળે એ સહન નહીં કરી શકતા હોય.'

'એવું તો નહીં', રેડ બોલ્યો : 'એમણે આપણને જે મળવું જોઈએ એટલું તો આપવું જોઈએ એ ખરું, પણ એવું પાર પડતું નહોતું. કેટલાક ડંખીલા હતા અને કેટલાક ઉદાર પણ હતા.' આટલું કહી, જરાક અટકી રેડ બોલ્યો : 'હું કશાકનો વિચાર કરતો હતો અને તને કહેવા માગતો હતો...'

'ઉહ્, જ્હૉની મીનઝર વિશે ?'

'ના, ના, ના, ના. લેડી હૉફમૅન વિશે...'

'એ કેટલી ધનાઢ્ય છે એ વિશે આપણે વાત કરતા હતા.'

'હા, મારે જે કહેવું હતું તેને એ વાત સાથે નિસબત હતી.'

'તું એની સાથે વાત કરતો હતો ત્યારે કંઈક કહ્યું હશે.'

'મારે જે કહેવું છે તે યાદ આવી જાય તો સારું... એક મિનિટની રાહ જો. હા, એણે મને કહ્યું કે હું આ ધંધામાં છું એની એને ખબર નહોતી. એના આમ કહેવાના આધારે મને આ વિચાર આવ્યો હતો – આપણને કોઈ સારો વિસ્તાર મળી જાય, સારા વિસ્તારમાં હોઈએ તો વૃદ્ધ મિસિસ હૉફમૅન જેવા પાસેથી કામ મળે. હું પેપર વહેંચતો હતો ત્યારે મિસિસ હૉફમૅન જેવા લોકો મારા માટે ખૂબ લાગણી રાખતા હતા. આવા ઘણા લોકો હતા.'

'બરાબર. આપણી પાસે પૈસા હોય તો વિસ્તારો તો ઘણા છે.'

'એની મને ખબર છે. હું એ વાત ઉપર ઉત્સાહિત થયો કે જો આપણે અઠવાડિયે આપણા પાંચ ડૉલર જુદા રાખીએ તો વર્ષે પાંચસો અને વીસ ડૉલર એકઠા થાય. એ દસ હજાર ડૉલરની રકમ ઉપર પાંચ ટકાના વ્યાજ જેટલી રકમ થાય.'

'એ બધી ગણતરી હું તારા ઉપર છોડું છું, રેડ. તું મને અને ગણિતને જાણે છે.'

'સમજો, બૅન્ક આપણને પાંચ ટકાના વ્યાજથી દસ હજાર ડૉલર ધીરે તો આપણે અહીં જે મેળવીએ છીએ એના કરતાં વધારે મેળવતા થઈએ. સારો વિસ્તાર, જેવો કે 'એઈટિન્થ' અને માર્કેટ. આપણે સારા વિસ્તારમાં હોઈએ તો આપણને એજન્સી મળવાની સારી તક સાંપડે. અહીં રહીશું તો એજન્સી મળવાનું તો ભગવાન જાણે, અહીં તો આપણને સારાં ટાયરની એજન્સી પણ ન મળે. મોટરની વાત જવા દો, વચગાળાની વાત કરીએ. આપણે ગેરેજ શરૂ કરી શકીએ. એ લોકો ગેરેજે જરૂર આવે.'

'તારો ખ્યાલ ઉત્પાદન વિશેનો છે ?'

'હા.'

'એ મને બરાબર લાગે છે, રેડ. આજ હું કોઈ પણ પ્રકારનું કામ કરતાં જરા પણ ન ખચકાઉં. તું ધંધાને સંભાળી લે તો દુકાન તો હું બરાબર ચલાવી શકું. વેચાણ પણ તારે સંભાળવું પડે. યાંત્રિક બાબત સંભાળી લેવામાં મને જરા પણ ગભરામણ નથી.'

રેડ બોલ્યો : 'થોડી ક્ષણો પહેલાં હું આ વિચાર કરતો હતો, નાસી જવા માટે મેં સોળ ડૉલર અને પિસ્તાળીસ સેન્ટ એકઠા કર્યા હતા. પણ શું થયું ? મારી મૉમે મેં સંતાડેલા પૈસા શોધી કાઢ્યા અને મને મા અને બાપ બંને તરફથી મારઝૂડ થઈ. મેં લાંબી રાહ જોઈ. પંદર ડૉલર થયા ત્યારે જ મારે નાસી જવું જોઈતું હતું.'

'પણ તું ચૌદ વર્ષનો હતો એ વખતે નાસી ગયો હોત અને વહાણ કે નેવીમાં નોકરી-ધંધે લાગ્યો હોત એ પછી એવું પણ બન્યું હોત કે તું પીઠ ઉપર કોઈની છરીનો ભોગ પણ બન્યો હોત. તું અહીં વધારે સારી સ્થિતિમાં નથી એવું કેમ માની શકાય ?'

'અહીં ? અહીં મારી પાસે શું છે ? આપણે બંને જણ રોજ દસથી બાર કલાક કામ કરીએ છીએ અને આપણને દર અઠવાડિયે ૫૦ ડૉલર મળે છે. એ રકમ ઘરમાં ન આપીએ તો આપણી પત્નીઓમાંની એક ચીસો પાડે અને બીજી જાણે દુનિયાનો અંત આવી ગયો હોય એમ ઘણા મોટા અવાજે કરાંજવા લાગે. તારાં અને મારાં બાળકો આપણી કદર કરે એટલી ઉંમરનાં નથી. અને એ કદી કદર કરવાનાં નથી, ચાર્લી. એમની માતાઓ એમનાં છોકરાંને એમના જેવા જ વિચાર કરતાં કર્યાં છે, બેસ. એના એક પણ છોકરાને પડોશીના બાગમાંથી નકામું ઘાસ નીંદવા નહીં મોકલે. એ એમ જ કહેવાની કે હું મારાં છોકરાંને પડોશીને ત્યાં ઘાસ નીંદવાનું કામ કરવા ન મોકલું. પૈસાદારનાં છોકરાં પણ ઘાસ નીંદવા કે 'સેટરડે ઇવનિંગ પોસ્ટ'ની વહેંચણી કરવા જાય છે એવું કહેવાથી પણ કંઈ વળે એમ નથી. બેસ-વૉલ્ટર્સનાં છોકરાં પણ એ કામ કરવાનાં નથી. હું આખો દિવસ ગાડીઓનાં ટાયર વૉલ્કેનાઈઝ કરું છું એથી કરીને અઠવાડિયે ૫૦ ડૉલર ઘરભેગા કરી શકું છું. ચાર્લી, આપણે અહીંથી નીકળી જવું જોઈએ.'

'અહીંથી ક્યારે નીકળી જવાનું તું વિચારી રહ્યો છે ?'

'જેટલા વહેલા નીકળી જવાય તેટલું સારું. જો મેં સારાં કપડાં પહેરેલાં હોત તો હું શું કરત, જાણે છે ?'

'શું કરત ?'

'હું મારી કારમાં બેસી ગયો હોત અને અત્યારે જ સીધો બૅન્કમાં પહોંચી ગયો હોત' આમ કહી રેડે ઉમેર્યું : 'પણ, હું ધારું છું કે બૅન્ક ત્રણ વાગે બંધ થઈ

જાય છે.'

'પણ સ્ત્રીઓ સાથે વાત કર્યા વગર આ બધું ?'

'સ્ત્રી સાથે વાત કર્યા વગર જ હું બૅન્કે પહોંચી જાત અને એ લોકો પ્રોત્સાહન આપે તો આ અઠવાડિયે જ એનો આરંભ કરી દેત. તું પાંચ ડૉલર જુદા મૂકી દે ને, હું પણ જુદા મૂકી દઉં છું.'

'ઠીક, પણ હું અત્યારે એમ કરતો નથી. આપણે પહેલાં સ્ત્રીઓ સાથે વાત કરવી જોઈએ.'

'ચાર્લી, આપણે સ્ત્રીઓ સાથે વાત કરીશું તો આપણે આપણું ધાર્યું કદી નહીં કરી શકીએ. મારા સોળ ડૉલર અને ૪૫ સેન્ટવાળી ફરી થશે. બોલ, તારો શો મત છે ?'

'હું વિચાર કરતો હતો, અઠવાડિયાના પાંચ ડૉલર ! મેરી હપ્તાથી બેએક વસ્તુઓ ખરીદી લાવી છે. એમની કિંમત ચૂકવવાની છે.'

'મારે ત્યાં પણ એ રીતે વસ્તુઓ આવી છે' રેડ બોલ્યો : 'અને જાણે હું મરી જવાનો હોઉં એવી ભીતિથી બેસ મારા ઉપર ઇન્સ્યોરન્સનો બોજો વધારે છે. સ્ત્રીઓમાં આવું બધું ચાલ્યા કરવાનું. મેરી પોતાના માટે નવો એપ્રન ખરીદે તો બેસ એ ક્યાંથી લીધો એ જાણી લઈને એ પણ ખરીદવાની. એ લોકો બાજ પક્ષીની જેમ એકબીજાને જોતાં રહેવાનાં. પણ હું ભગવાનના સોગંદ સાથે કહું છું, ચાર્લી, કે મને એવી લાગણી થઈ છે કે જો આપણે અત્યારે આ નહીં કરીએ તો કદી નહીં કરી શકીએ.'

ચાર્લી બોલ્યો : 'આ લાગણી તને ગઈ કાલે થઈ નહોતી ?'

'કદાચ થઈ હોય અને ન પણ થઈ હોય, પણ આ લાગણી મને એકાએક થઈ હોય એવું હું માનતો નથી. મને લાગે છે કે આ વિચાર તો મારા મનમાં ઘણા લાંબા સમયથી હતો જ.'

'મારા મનમાં શું ઊગ્યું છે તે તું જાણે છે ?' ચાર્લી બોલ્યો.

'ના, શું છે એ ?' રેડે પૂછ્યું.

'મને લાગે છે કે શ્રીમતી હૉફમેન ટેન્ક આગળ એમની ગાડીમાં ગૅસ ભરાવવા થોભ્યાં ન હોત તો તને આ વિચાર ન આવ્યો હોત.'

'હા, હું માનું છું કે મારી અત્યારની આ લાગણીને એની સાથે નિસબત ખરી.' કહી રેડે ઉમેર્યું : 'ભલા ભગવાન ! રોજના ત્રણસો ડૉલર ! જો એ સ્ત્રી આટલી વૃદ્ધ ન હોત તો હું એને પરણી જાત.'

ચાર્લી બોલ્યો : 'ગમે તેમ, એને પરણી જા. એને હવે કંઈ લાંબું ખેંચવાનું નથી. એને ફોન કર અને કહે કે તેં એને પરણવાનો નિર્ણય કર્યો છે. લે આ નિકલ. એ ખર્ચ હું વેઠીશ.'

રેડ બોલી ઊઠ્યો : 'કૂતરીના બચ્ચા !'

'અને તું એ કેવી રીતે પાર પાડે છે એની મને જાણ કરજે, અત્યારે તો મારે ઘણું કામ છે.'

'ભલે, ભલે. કૂતરીના બચ્ચા, આ નિકલ હું રાખી લઉં છું.'

'એનું ચૂંઈંગ ગમનું એક પેકેટ લઈ લે જે.' ચાર્લી બોલ્યો.


૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,
સૅટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન (૦૭૯) ૨૬૮૬૨૫૯૮


મિત્રતામાં અદ્વૈતભાવના હોય. એવી મિત્રતા જગતમાં ક્વચિત જ જોવામાં આવે છે. અંગત મિત્રતા અનિષ્ટ છે, કેમ કે મનુષ્ય દોષને ઝટ ગ્રહણ કરે છે. ગુણ ગ્રહણ કરવાને સારુ પ્રયાસની આવશ્યકતા છે. જેને આત્માની, ઈશ્વરની મિત્રતા જોઈએ છે તેણે એકાકી રહેવું ઘટે છે, અથવા આખા જગતની સાથે મૈત્રી કરવી ઘટે છે.

*

સત્યને એટલે ઈશ્વરને છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો. કારણ, મને વિશ્વાસ છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે તે દેશને ભૂલી શકે છે, માતાપિતાને ભૂલી શકે છે, પત્નીને પણ ભૂલી શકે છે.

**ગાંધીજી**

# પ્રોફેસર સ્વામીનારાયણ : એક વિલક્ષણ વિભૂતિ

**અનામી**

(૧) શ્રી જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ (જન્મ : ૨૯-૮-૧૮૮૪, અવસાન : ૨૪-૬-૧૯૪૧) એ આપણી વિશાળ ને કામઢી જ્ઞાતિની એક વિરલ વિભૂતિ હતી એની જાણ અનેકને નહીં હોય. સ્વામીનારાયણ સંપ્રદાયમાં એમની અનન્ય નિષ્ઠાને કારણે પટેલને બદલે તેઓ 'સ્વામીનારાયણ' અભિધાને ઓળખાયા. આયુષ્યના છ દાયકા પણ નહીં જોઈ શકનાર પ્રોફેસર સાહેબનો જીવનદીપ આજથી લગભગ સાડા સાત દાયકા પૂર્વે બુઝાઈ ગયો. લગભગ દોઢસો વર્ષ પૂર્વે તેમના પૂર્વજો કલોલ પાસેના પલસાણાથી સ્થળાન્તર કરીને અમદાવાદમાં આવીને વસેલા ને કલાનુક્રમે કરીને અમદાવાદમાં જ સ્થિર થયા. વર્ષો સુધી એમનું કાર્યક્ષેત્ર પણ અમદાવાદ રહ્યું. આ સદીના બીજા ને ત્રીજા દાયકામાં અમદાવાદની ગુજરાત કૉલેજમાં જે તેજસ્વી અધ્યાપકો હતા તેમાં સીનિયર મોસ્ટ પ્રોફેસર સ્વામીનારાયણ હતા. વિજ્ઞાન વિભાગમાં પ્રો. દ્વિવેટિયા, સંસ્કૃતમાં પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, પ્રો. અભ્યંકર, પ્રો. આઠવલે, અંગ્રેજીમાં મોટા ભાગે અંગ્રેજ પ્રાધ્યાપકો વચ્ચે પ્રો. ફિરોજ કાવસજી દાવર, ગુજરાતીમાં પ્રો. કેશવલાલ હર્ષદભાઈ ધ્રુવ, ગણિતશાસ્ત્રમાં પ્રિન્સિપાલ રોબર્ટસન સમેત પ્રો. સ્વામીનારાયણ અને પ્રો. ગોઠબોલે તે સમયના સમર્થ વિદ્વાન અધ્યાપકો હતા. પૂ. બાપુની અસહકારની ચળવળ વખતે પ્રો. સ્વામીનારાયણ સાહેબ અને પ્રો. આર. બી. આઠવલે સાહેબે રાજીનામાં આપી સરકારી નોકરીમાંથી આખરી અલવિદા લીધી. જો સ્વામીનારાયણ સાહેબે અસહકારની ચળવળમાં રાજીનામું આપ્યું ન હોત તો તે સિનિયોરિટીના ક્રમે બૃહદ્ મુંબઈ રાજ્યની કોઈ પણ સરકારી કૉલેજમાં પ્રિન્સિપાલ થયા હોત. તે જમાનામાં પ્રોફેસરસાહેબનો આ આત્મભોગ વિરલ ગણાય અને એમની નિર્ભયતા અને નિષ્ઠાને તો જેટલી બિરદાવીએ તેટલી ઓછી. એ જ ગુજરાત કૉલેજમાં વર્ષો પછી એમના સુપુત્ર શ્રી શાંતિલાલ સ્વામીનારાયણ ગણિતશાસ્ત્રના પ્રોફેસર થયા.

(૨) શ્રીમતી લીલાવતી મુનશીએ એમનાં 'રેખાચિત્રોમાં' ધારાસભામાં બે દિવસની કાર્યવાહી વર્ણવી છે. (પૃ. ૨૦૭-૨૦૮) તેમાં તેઓ પ્રો. સ્વામીનારાયણ સંબંધે લખે છે : ''તેઓ એકવાર ગણિતના પ્રોફેસર હતા અને જ્યારે તેઓ કૉલેજમાં હતા ત્યારે નહાવાની ઓરડીની ભીંતો પણ ગણિતના દાખલાઓથી ભરી મૂકતા એવી એમની ગણિતભક્તિ હતી'' શ્રીમતી મુનશીના વિધાનના સમર્થનમાં આયુષ્યના નવ દાયકા વટાવી ચૂકેલા મારા એક સ્નેહી શુભેચ્છક શ્રી ભાઈલાલભાઈ ન. પટેલ જેઓ બ્રિટિશ સરકારના પેન્શનર છે તેમણે પ્રત્યક્ષ અનુભવેલો દાખલ કહ્યો. ઈ. સ. ૧૯૨૯માં શ્રી પટેલ વડોદરાની કૉલેજમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થી હતા ત્યારે શ્રી બી. બી. સેનગુપ્તા ગણિતશાસ્ત્રના અધ્યાપક હતા. પ્રો. સેનગુપ્તાને પ્રો. સ્વામીનારાયણ સાથે સારો સંબંધ હતો. એકવાર શ્રી પટેલ પરદેશ જતા એમના સ્નેહીને વિદાય આપવા વડોદરાના રેલવે સ્ટેશને હતા ત્યારે અમદાવાદથી મુંબઈ જતી ગાડીમાં પ્રો. સ્વામીનારાયણ વડોદરાના સ્ટેશને ઊતર્યા. એમને મળવા પ્રો. સેનગુપ્તા સ્ટેશન પર આવેલા. પ્રો. સેનગુપ્તાને કોઈ ગણિતના દાખલામાં ગૂંચ જેવું લાગતાં તે જ વખતે પ્રો. સ્વામીનારાયણે અંબિકા મિલ્સનાં પોસ્ટરો પર એ ગૂંચવાળા દાખલાને બે-ત્રણ રીતે ગણી બતાવ્યો. હું જ્યારે ૧૯૩૪માં ચરોતર એજ્યુકેશન

સોસાયટી (આણંદ) સંચાલિત ગુજરાત ખ્યાત શ્રી દાદાભાઈ નવરોજજી હાઈસ્કૂલમાં મૅટ્રિકમાં ભણતો હતો ત્યારે અમારા ગણિતશાસ્ત્રના તેજસ્વી શિક્ષક શ્રી ચુનીભાઈ બી. ભટ્ટે, પ્રો. સ્વામીનારાયણના ગણિતજ્ઞાનની પ્રેરક ને ઉદ્‌બોધક વાતો કહેલી તે આજે પણ યાદ છે. શ્રી સ્વામીનારાયણ જ્યારે એમ. એ.ના વિદ્યાર્થી હતા ત્યારે એમના પ્રોફેસરે વર્ગને ઉદ્દેશીને અને વિદ્યાર્થી સ્વામીનારાયણ પ્રત્યે આંગળી ચીંધીને કહેલું ''અહીં એક ભવિષ્યનો ગણિતજ્ઞ ભણી રહ્યો છે કે જે કેટલીક બાબતોમાં મારાથી પણ વિશેષજ્ઞ છે.'' પરીક્ષામાં વિકલ્પે છૂટ આપેલ દાખલાઓ પણ ગણી કાઢીને 'એકઝામીન એની' જેવી આત્મનિર્ભર ખુમારી દાખવનાર આજ આપણા સ્વામીનારાયણસાહેબ. એમણે 'પ્રાચીન હિંદુઓમાં ગણિતશાસ્ત્રનું જ્ઞાન' ઉપર લેખો પણ લખ્યા છે. ગણિતશાસ્ત્રના અભ્યાસની શરૂઆત વ્યાસ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, શુક, પાણિનિ, પતંજલિ, સ્મૃતિકાર મનુ, યાજ્ઞવલ્કય, કણાદ, ગૌતમ, વરાહમિહિર, ભાસ્કરાચાર્ય આદિ મહાન ઋષિઓના ચરણ-કમલથી પવિત્ર થયેલા ભારતવર્ષમાં થઈ છે. અને પ્રાચીન હિંદુસ્તાનમાં થઈ ગયા તેવા આ વખતે પણ આખી દુનિયાના ગણિતશાસ્ત્રીઓને ટક્કર મારે એવા ગણિતશાસ્ત્રીઓ ભારતવર્ષમાં મોજૂદ છે. બંગાળના શ્રીયુત્ મુખોપાધ્યાય અને દક્ષિણમાં શ્રીયુત્ રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે સિનિયર રેંગ્લરનાં નામ સમગ્ર ભૂ-મંડળમાં પ્રસિદ્ધ છે. (પ્રાચીન હિંદુઓમાં ગણિતશાસ્ત્રનું જ્ઞાન)

આટલી બધી ઉચ્ચ કક્ષાની ગાણિતિક બુદ્ધિ-સિદ્ધિ ધરાવતી એ વિભૂતિ ગુજરાત કૉલેજ અને વિદ્યાપીઠોમાં શિક્ષણકાર્ય કર્યા બાદ કડી-સર્વ વિદ્યાલયના મૅટ્રિકના વિદ્યાર્થીઓને અમદાવાદથી દર શનિ-રવિવારે આવી ગણિતશાસ્ત્ર શીખવે એમાં એમની મહાનુભાવતા, સંસ્થાનું ગૌરવ અને તે સમયના વિદ્યાર્થીઓનું સદ્‌ભાગ્ય ગણાવું જોઈએ. ઊંચા પ્રકારની નિષ્ઠા ને કર્તવ્યબુદ્ધિ વિના આ પ્રકારનો નિષ્કામ વિદ્યા-યજ્ઞ સંભવી શકે નહીં, વળી મૅટ્રિકના વર્ગો શરૂ થયા બાદ કડી-સર્વ વિદ્યાલય વડોદરા રાજ્યની સર્વ શાળાઓમાં એસ.એસ.સી.ની પરીક્ષામાં પ્રથમ આવી. એ સુંદર પરિણામમાં આ વિભૂતિનો ફાળો પણ જેવો તેવો ન જ ગણાય. એકવારના ગુજરાત રાજ્યના મુખ્ય એન્જિનિયર શ્રી મોતીભાઈ એમ. પટેલ મને કહેતા હતા : ''અનામીજી, તમારા ઉત્તર ગુજરાતના એન્જિનિયર વિદ્યાર્થીઓ જ્યારે ઇન્ટરવ્યૂમાં આવે છે ત્યારે એમના ગણિતના ને વિજ્ઞાનના ગુણ જોઈ હું ખૂબ પ્રભાવિત થાઉં છું. પણ અંગ્રેજીની કચાશને કારણે ચોટદાર અભિવ્યક્તિમાં ઊણા ઊતરે છે. બાકી ગણિત અને વિજ્ઞાનમાં તો કહેવું પડે, કોઈ એમને આંબી ન શકે.''

(૩) ગણિતશાસ્ત્ર જેવા અમૂર્ત વિષયમાં જેવી વ્યુત્પત્તિ ને સજ્જતા પ્રોફેસરસાહેબની હતી તેવી તો અન્ય વિષયોમાં ન હોય કિન્તુ સામાન્ય વિજ્ઞાન અને સંસ્કૃત સાહિત્યમાં તો એમને ઠીકઠીક ફાવટ ને દિલચસ્પી હતી જ. ફ્રાન્સના ન્યૂટન ગણાતા લાપ્લાસનું તેમણે ચરિત્ર લખ્યું છે તો ગ્રહો, ગુરુત્વાકર્ષણ અને વિદ્યુતવિષયક કેટલાક લોકભોગ્ય લેખો લખ્યા છે, જેમાં એમના પ્રિય વિષય ગણિતનો અને સંસ્કૃતનો પણ વિનિયોગ થયો છે. ગ્રહો વિશે લખતા તે કહે છે 'પરમાત્માની અગાધ રચનાના સાક્ષીભૂત ગગન તરફ નજર કરવી તે ઘણું જ આનંદદાયક લાગે છે. યોગાભ્યાસથી આપણા પ્રાચીન તેજસ્વી ઋષિમુનિઓએ દિવ્યચક્ષુ મેળવ્યાં હતાં. તેઓ તો સમગ્ર વિશ્વને હસ્તામલક્વત્ જોઈ શકતા હતા. વાણી બલકે મનને પણ આગોચર બ્રહ્મજ્યોતિને સાક્ષાત્ દેખાતા હતા. આપણે ઘણાં સંસ્કૃત પુસ્તકોમાં તેવા મહાત્માઓ વિશે વાંચીએ છીએ કે :

**ज्ञानविधि : समग्रस्तैश्चेतोऽतीतात्मशक्तिभिः ।**
**तीव्रतपोधनै : पीतो यथागस्त्येन वारिधिः ॥**

મતલબ કે મનથી પણ કલ્પી ન શકાય તેવી શક્તિવાળા અને તીવ્ર તપને જ સાચું ધન માનનારા તે ઋષિઓએ જેવી રીતે અગત્સ્ય મુનિએ મહાસાગરનું પાન કર્યું હતું. તેવી રીતે આખા જ્ઞાનના ભંડારનું પાન કર્યું હતું. 'ગુરુત્વાકર્ષણ' નામના દીર્ઘ લેખમાં વિજ્ઞાન અને ગણિતના સૂક્ષ્મ જ્ઞાનનો વિનિયોગ કરી અંતે લખે છે : આ પ્રમાણે ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો ઘણે સ્થળે ઉપયોગ થાય છે. તોપને કેવી સ્થિતિમાં ગોઠવીએ તો ગોળો અમુક સ્થળે અમુક દિશામાં પડે વગેરે પણ ઉપયોગી કાર્યો ગતિશાસ્ત્રની મદદથી થાય છે. આ ગુરુત્વાકર્ષણના મહાન નિયમને યુરોપિયન

શોધકર્તાઓના પહેલાં આશરે ૫૦૦ વર્ષ ઉપર શોધનાર મહાન ભાસ્કરાચાર્ય આ પવિત્ર આર્યભૂમિના અલંકારભૂત વિદ્વાન થઈ ગયા છે જેનું નામ દરેક ભારતવાસી ગર્વની સાથે યાદ કરે છે. 'વિદ્યુત' નામે તેમણે બે લેખ લખ્યા છે. તેમાં પણ વિજ્ઞાન અને સાહિત્યનો સુયોગ જોવા મળે છે. તેઓ લખે છે : 'સંસ્કૃત કાવ્યોમાં મેઘને નાયક કહ્યો હોય છે અને વીજળીને નાયિકા કલ્પી હોય છે.' મહાકવિ શ્રી કાલિદાસના ઉત્તમ કાવ્ય 'મેઘદૂત'માં યક્ષ પોતાનો સંદેશો મેઘને કહી રહ્યા પછી જે છેલ્લા શબ્દો વાપરે છે તે દરેક સંસ્કૃતના અભ્યાસીની જીહ્વાગ્રે છે :

**मा भूदेवं जलद् भवतो विद्युता विप्रयोगः ।**

'જેવી રીતે મારો મારી પ્રિયા સાથે વિયોગ થયો છે અને તેથી કષ્ટની પરિસીમાએ હું પહોંચ્યો છું તે પ્રમાણે ધરણીનું સિંચન કરી આખી દુનિયાનું સંરક્ષણ કરનાર હે જલદ ! તમારી પ્રિયા વીજળીની સાથે તમારો વિયોગ એક ક્ષણભર પણ ન થાઓ.' જેમ મેઘ આખી સૃષ્ટિના પ્રાણ સમાન છે તેમ જ વિદ્યુત પણ પ્રત્યેક પ્રકારના વ્યાપારિક ને ઔદ્યોગિક પ્રયોજનો માટે અનિવાર્ય છે. કાલિદાસની કલ્પના એવી પણ છે કે યક્ષનો સંદેશો એકલો મેઘ પહોંચાડતો નથી. પણ સૌદામિની સહચર-અર્થાત્ વિદ્યુતની સાથે વિચરનાર મેઘ પહોંચાડે છે. આ ઉપરથી એવી પ્રતીતિ થાય છે કે મહાકવિએ પોતાની અલૌકિક કલ્પના ને પ્રતિભાશક્તિના પ્રતાપે જાણ્યું હોય કે વિદ્યુતમાં સંદેશાઓ પહોંચાડવાની મોટી શક્તિ છે. 'વિદ્યુત' નામના એ જ લેખમાં આગળ જતાં દર્શાવે છે કે મહાકવિ શ્રી કાલિદાસે પોતાના 'રઘુવંશ' નામના કાવ્યમાં ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ પૃથ્વી અથવા ચંદ્રની છાયા ચંદ્ર અથવા સૂર્ય ઉપર પડવાથી થાય છે એવો આધુનિક સમયનો સિદ્ધાંત સ્પષ્ટ ભાષામાં જણાવ્યો છે. 'રઘુવંશ'માં એક શ્લોક છે જેમાં દર્શાવ્યું છે કે રાજા પ્રજા પાસેથી પ્રજાના કલ્યાણ અર્થે કર લેતો હતો એ શ્લોકનું વિવરણ કરતાં પ્રોફેસર સાહેબ લખે છે 'પ્રજાનું સંરક્ષણ અને પોષણ કરવાના હેતુથી તે તેમની કનેથી કર લેતો હતો અર્થાત્ જે કર લેવામાં આવતો હતો તે કરનો ઉપયોગ પ્રજાના લાભને માટે જ કરવામાં આવતો હતો. સૂર્ય પૃથ્વી ઉપરથી વરાળના રૂપમાં પાણીને આકર્ષી લે છે. તેનું કારણ એટલું જ છે કે તેના કરતાં હજાર ઘણું ઉપયોગમાં આવી શકે તેવા રૂપમાં પાછું આપવાની તેની ઇચ્છા છે.

**प्रजानामेव भूत्यर्थं स ताभ्यो बालिमग्रर्हात्**
**सह्रस्त्रगुणमुत्स्त्रष्टुमा दत्ते हि रसं रवि ः।**

(૪) સમાજ સુધારાના વિષયમાં જેમ કેટલાક રૂઢિરક્ષકો તેમજ રૂઢિભંજકો હોય છે તેમ રાજકારણમાં પણ કેટલાક મવાલ ને કેટલાક જહાલ હોય છે. 'સજન સંભાળજો રે ધીરે ધીરે સુધારાનો સાર' બોધનાર કવિ દલપતરામ રૂઢિરક્ષક નહીં કે રૂઢિભંજક પણ નહીં, કિન્તુ ધીરેધીરે સુધારો કરવાના પક્ષપાતી હતા. કેમ જે કીડીઓ ઉપર આખો લાડવો મૂકીએ તો કીડીઓ ખાઈ શકે જ નહીં. પણ મરી જાય, ને લાડવો ભ્રષ્ટ થાય, વ્યર્થ જાય. પણ જો ભુક્કો કરીને ભભરાવીએ તો કીડીઓ હોંશે હોંશે ખાય ને લાડવો લેખે લાગે. જ્યારે નર્મદના ઉદ્દામવાદી-ઉચ્છેદક સુધારામાં 'સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે, 'યા હોમ કરીને પડો ફત્તેહ છે આઘે'માં કેટલીક વાર પાપડી ભેગી ઈયળ પણ બફાઈ જાય ! પ્રો. સ્વામીનારાયણની રાજકીય વિચારણા જહાલ રીતિનીતિવાળી હતી. 'રેખાચિત્રો'માં શ્રીમતી લીલાવતી મુનશી લખે છે : 'પ્રો. સ્વામીનારાયણ મુંબઈ ધારાસભાના સભ્ય હતા... પીટીટ પછી બોલ્યા શિવદાસાની. ઠરાવ હતો સાયમન કમિટીનો પણ બોલ્યા ઘણું ખરું બારડોલી ઉપર. તેમના પછી વારો આવ્યો પ્રો. સ્વામીનારાયણનો. આ સ્વામીનારાયણને કોણ નથી ઓળખતું ? એમના બોલ અને એમની બોલવાની રીત, એમનો વેશ અને તે પહેરવાની રીત, એમના વિચારો ને તે દર્શાવવાની રીત.

...એ સૌ કોઈ કવિના શબ્દમાં 'અનેરાં' કહી શકાય. ચરોતર પ્રદેશની સઘળી સંસ્કૃતિના એમને મૂર્તિમાન અવતારરૂપ ગણી શકાય. મતે તેઓ જહાલ પક્ષના, હાલ કાઉન્સિલમાં સ્વરાજ પક્ષ તરફથી બિરાજે છે.'' અહીં મારે સ્પષ્ટ કરવું જોઈએ કે પ્રો. સ્વામીનારાયણ ચરોતરના નહીં પણ ઉત્તર ગુજરાતના હતા. કદાચ શ્રીમતી લીલાવતી મુનશીએ એમને ચરોતરના માન્યા હોય અથવા ચરોતર પ્રદેશની વિલક્ષણ સંસ્કૃતિ, પ્રકૃતિના મૂર્તિમાન અવતારરૂપ લેખીને

ગુણાનુરાગ દર્શાવ્યો હોય, કેમ કે એ જ રેખાચિત્રમાં ગુજરાતના 'બે બહારવટિયા' નામના લેખમાં કરમસદના ચરોતરના બે સપૂતો, બાંધવ-બેલડી-સરદાર વલ્લભભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈનાં શબ્દ રેખાચિત્રો દોર્યાં જ છે.

(૫) પૂ. સહજાનંદસ્વામીનાં પગલાં પડવાથી પુનિત થયેલું એમનું નિવાસસ્થાન પવિત્ર તો હતું જ પણ એ પછી એમણે પટેલને બદલે સ્વામીનારાયણ લખવાનું રાખ્યું, એટલું જ નહીં પણ પૂ. સહજાનંદ સ્વામી અને સ્વામીનારાયણ સંપ્રદાય સંબંધે એમના માહાત્મ્યના અનેક સંસ્કૃત શ્લોક પણ રચ્યા છે. વર્ષો પૂર્વે તેમણે 'પરાક્રમી પૌરવ યાને ભારતનું ગૌરવ' તથા 'મહારાણા હમીરસિંહ' નામનાં બે નાટકો પણ રચ્યાં છે જે પ્રગટ થયેલાં છે. એમની વિદ્વત્તાથી પ્રભાવિત થઈ તા. ૪-૧-૧૯૨૬ના રોજ કૈલાસવાસી સયાજીરાવ ગાયકવાડ જ્યારે કડી-સંસ્થાની મુલાકાતે આવ્યા ત્યારે પ્રો. સાહેબને મળવાનું ખાસ માન આપેલું તેમાં મહારાજાસાહેબની માનવ-ઝવેરાતને પરખવાની વિશિષ્ટ શક્તિ સાથે પ્રો. સ્વામીનારાયણના શ્રીમતી મુનશીના શબ્દોમાં 'અનેરા' વ્યક્તિત્વનું પણ દર્શન થાય છે. પ્રોફેસરસાહેબ તો ગણિતજ્ઞ હતા જ પણ એમના ચિરંજીવી સ્વ. શાંતિલાલ સ્વામીનારાયણ પણ અમદાવાદની ગુજરાત કૉલેજમાં ગણિતના પ્રોફેસર હતા ને એમના પૌત્ર શ્રી નવીનચંદ્ર સ્વામીનારાયણ પણ લંડનની એક કૉલેજમાં ગણિતના પ્રોફેસર છે. પ્રોફેસર સાહેબના ત્રીજા દીકરા શ્રી પ્રભુદાસભાઈ અને એમના શ્રીમતી અ. સૌ. પુષ્પાબહેન તથા પ્રભુદાસનાં પુત્ર-પૌત્રી, જમાઈ વગેરે પણ શિક્ષિત, સંસ્કારી ને સૌજન્યશીલ છે. પ્રોફેસરસાહેબનો એક દીકરો અને એક દીકરી વર્ષોથી અમેરિકામાં વસે છે. એક શિક્ષિત-સંસ્કારી વ્યક્તિનો કૌટુંબિક વારસો કોઈ પણ સમાજ માટે કેવો તો ભૂષણરૂપ બની શકે તેનું આ જીવન્ત દૃષ્ટાંત છે.

આપણી જ્ઞાતિના આવા નરરત્ન માટે આપણે જેટલું ગૌરવ લઈએ એટલું ઓછું છે.

**ડૉ. રણજિત પટેલ 'અનામી'**
અરૂણોદય સોસાયટી,
રેલવે સ્ટેશન પાસે, વડોદરા-૫

---

('ધરતી સુવર્ણજયંતી વિશેષાંક'માંથી સાભાર)

નોંધ : પ્રસ્તુત લેખના લેખક પ્રો. રણજિત પટેલ 'અનામી' (૧૯૧૫ - ? ) સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષક હતા. તેઓશ્રી ગુજરાતીના એક અગ્રણી કવિ અને વિવેચક હોવા ઉપરાંત એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના ગુજરાતીના પ્રોફેસર હતા. – સંપાદક)

## માનવતાના પરમોચ્ચ શિખરે

મારે ગાંધીજી સાથે નિકટનો પરિચય છે એને હું મારા જીવનનો એક લહાવો સમજું છું. અને હું તમને કહી શકું છું કે એમના કરતાં અધિક શુદ્ધ, અધિક પુણ્યશાળી, અધિક શૂરવીર, ને અધિક ઉન્નત કોઈ આત્મા આ પૃથ્વી પર કદી વિચર્યો નથી. ગાંધીજી એવા પુરુષોમાંના એક છે જેઓ, પોતે સાદું ને તપોમય જીવન ગાળતા હોઈ ને માનવપ્રેમ તથા સત્ય અને ન્યાયના ઉચ્ચતમ સિદ્ધાન્તોને એકનિષ્ઠાથી અનુસરતા હોઈ, તેમના નબળા માનવબંધુઓની આંખોને જાણે જાદુ વડે સ્પર્શે છે ને તેમને નવી દૃષ્ટિ આપે છે. તેઓ એક એવા પુરુષ છે જેમને વિષે યથાર્થપણે એમ કહી શકાય કે તેઓ પુરુષોમાં પુરુષોત્તમ, વીરોમાં વીરતમ, દેશસેવકોમાં અગ્રેસર દેશસેવક છે; અને આપણે એમ પણ કહી શકીએ કે એમનામાં ભારતવર્ષની માનવતા અત્યારે તેને પરમોચ્ચ શિખરે પહોંચી છે.

**ગોપાલ કૃષ્ણ ગોખલે**

[મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'ગાંધી–ગંગા' ભાગ-૨માંથી સાભાર]

## બાપુની શક્તિનું રહસ્ય

એક વાર એક ભાઈએ બાપુને પૂછ્યું : 'બાપુજી, આપની શક્તિનું રહસ્ય શું ?' બાપુએ જવાબમાં કહ્યું : 'શુદ્ધ હૃદય, શુદ્ધ અંતઃકરણ, ઠંડો દિમાગ, ઈશ્વરનું નિયમિત ધ્યાન, કામોત્તેજક ભોજનનો ને ઇન્દ્રિય સુખનો ત્યાગ, સર્વથા શાકાહારી ભોજન, દારૂ, બીડી અને મસાલાનો ત્યાગ, સર્વ માનવબંધુઓ પર પ્રેમ.'

# જૉહ્ન નૅશ (John Nash)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રાસ્તાવિક**

ગણિતના અગત્યના કામ માટે નૉર્વેમાં દર વર્ષે યુરોપિયન ડૉલર ૭૫૦,૦૦૦નું ઇનામ જાન્યુઆરી, ૨૦૦૨થી નૉર્વેના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી આબેલના (Abl) નામે અપાય છે. ૨૦૧૫નું ઇનામ બે અમેરિકાના ગણિતશાસ્ત્રીઓ જોહ્ન નૅશ અને લુઈસ નિરેનબર્ગને (Louis Nirenberg) મે ૧૯ના રોજ ઑસ્લોમાં (Oslo) નૉર્વેના રાજાના હસ્તક ભવ્ય સમારંભમાં અપાયું. આ સમારંભમાંથી પાછા આવતાં મે ૨૩, ૨૦૧૫ના રોજ ન્યૂ જર્સી (New Jersey) રાજ્યમાં એરપૉર્ટથી ઘેર જતાં ભાડાની ગાડીને અકસ્માત થતાં જોહ્ન અને ઍલિસિયા (Alicia) નૅશ બંનેનું નિધન થયું.

સિનેમાના અભિનેતા જેવો દેખાવડો અને ભવ્ય રીતભાતવાળો વેસ્ટ વિર્જિનિયન ૧૯૪૮માં ગણિતક્ષેત્રમાં કૂદી પડે છે. ફક્ત એક જ લીટીના લખાણવાળા ભલામણપત્ર જેમાં લખેલું હતું. ''આ માણસ અલૌકિક બુદ્ધિવાળો છે. (This Man is Genius)'' આ ભલામણપત્રથી પ્રિન્સટનના પ્રખર ગણિતવિભાગમાં આવી પહોંચે છે. આવ્યા પછી ફક્ત દોઢ જ વર્ષમાં એકવીસ વર્ષની વયે સત્તાવીસ જ પાનાની થીસિસ લખીને Ph.D. થાય છે. આ થીસિસના કામના કારણે એક દિવસ નૉબલ પ્રાઇઝ મેળવે છે.

આ પછીના દાયકામાં ગણિતના વણઉકલ્યા સવાલોના ઉકેલો મેળવીને ગણિતના ક્ષેત્રમાં તેની ગણિતશાસ્ત્રી તરીકે ગણના થવા મંડી. ગણિતશાસ્ત્રી ડોનાલ્ડ ન્યુમેન (Donald Newmann), જે નૅશને સારી રીતે ઓળખતા તે કહેતા કે, ''ખરાબ છોકરો છે, પણ મહત્ત્વનો છે.'' નૅશ જ્યારે ત્રીસ વર્ષના થવા આવ્યા ત્યારે ચારે બાજુએ બધું સરસ દેખાતું. એમઆઈટીમાં (MIT, Massachuasetts Institute of Technology) પ્રોફેસર બનવાની તૈયારી, ભૌતિકશાસ્ત્રી સુંદર પત્ની અને ફૉર્ચ્યુન (Fortune) માસિકે નવી જુવાન ગણિતશાસ્ત્રીઓની પેઢીના એક મહત્ત્વના ગણિતશાસ્ત્રી તરીકે તેમની ગણના કરેલી. એક જ વર્ષમાં તેજસ્વી કારકિર્દીના ભુક્કા બોલી ગયા. તેમણે માનસિક સ્થિરતા ગુમાવી. અંગ્રેજીમાં તેને 'પેરેનૉઇડ સ્કિઝોફ્રેનિઆ (Paranoid Schizophrenia)'ના રોગ તરીકે ઓળખવામાં આવે છે. આ રોગના કારણે તેમણે એમઆઈટીમાંથી રાજીનામું આપ્યું. આદર્શવાદી પણ અવ્યવહારુ રીતે દુનિયાના નાગરિક ગણાવવા માટે પૅરિસ ભાગી ગયા. લગભગ પંદરેક વર્ષ માનસિક રોગોની હૉસ્પિટલમાં (Psychiatric Hospital) આવ-જા કરી. ચાલીસ વર્ષે બધું જ ખોયું : મિત્રો, કુટુંબીઓ, વ્યવસાય. તેમની પત્ની ઍલિસિયાની કરુણાના કારણે ઘર વિનાના બનતાં રહી ગયા. વફાદાર ઍલિસિયા અને વફાદાર મિત્રોએ તેમને બચાવ્યા.

જ્યારે નૅશ બેહાલ હાલતમાં હતા ત્યારે પણ તેમનું નામ જુદાં-જુદાં ક્ષેત્રોનાં માસિકો અને પુસ્તકોમાં આવ્યા કરતું. નૅશ ઇક્વિલિબ્રિયમ (Nash Equilbrium) નૅશ બારગેઈનિંગ (Nash Bargaining), નૅશ પ્રોગ્રામ (Nash Program), નૅશ એમ્બેડિંગ (Nash Embedding), નૅશ-મોશર થેરમ (Nash Mosher Theoram), નૅશ બ્લોઇન્ગ અપ (Nash Bloing Up) વગેરે અર્થશાસ્ત્રમાં, વનસ્પતિશાસ્ત્રમાં, જીવવિદ્યામાં, ગણિતશાસ્ત્રમાં વગેરેમાં આવ્યા જ કરતાં. પ્રિન્સટન બહાર જે નૅશના પરિણામોનો ઉપયોગ કરતા તે ઘણી વખત એમ માનતા કે નૅશનું નિધન થયું છે.

ગણિતના બે વણઉકલ્યા પ્રશ્નોના નૅશના ઉકેલોએ અને ઉકેલો મેળવવાની રીતોએ નવા વિકાસના રસ્તાઓ ખુલ્લા કર્યા. રિમાન્નિયન મેનીફોલ્ડનું (Riemannian

Manifold) યુક્લિડની જગ્યામાં (Euclid Space) બેસાડવાનું (Embed) પ્રમેય તેમણે મેળવ્યું. પ્રવાહી વિજ્ઞાનમાં રગડા જેવા, દબાણની અસર થાય તેવા અને ગરમી વહી શકે તેવા પ્રવાહીઓના ગતિનાં સમીકરણોના પાયાના ઉકેલોની અસ્તિત્વતા (Existence), અજોડતા (Uniqueness) અને સતતતાનાં (Continuity) પ્રમેયો મેળવ્યાં.

૧૯૮૦ની આસપાસ અર્થશાસ્ત્રમાં દાવપેચના નિયમો (Game Theory) ચોમેર ફેલાયા અને અર્થશાસ્ત્રમાં પ્રાયોગિક અર્થશાસ્ત્ર (Experimental Economics) શરૂ થયું. દાવપેચના નિયમોના આધારે તેલના કૂવાઓથી માંડીને રેડિયો ચલાવવા માટેની હરાજીઓ સરકારો કરાવે છે. વ્યાપાર કૉલેજોમાં પણ દાવપેચના નિયમો વહીવટી કારભારની તાલીમનો ભાગ છે.

૧૯૭૦ પછી ધીરે ધીરે નૅશ સામાન્ય માણસ જેવા થતા ગયા. ૧૯૮૫ પછી તેમનું એકૅડેમિક (Academic) કામ શરૂ થયું. તેમની આ માંદગી સામેની ભારે જહેમત અને ધીમે ધીમે સાજા થવાની પ્રક્રિયા સીલ્વિઆ નાસર (Syliva Nasar) કૃત તેમના જીવનચરિત્ર 'A Beautiful Mind'નો પાયો છે. આ જીવનચરિત્ર ન્યૂયૉર્ક ટાઇમ્સના (Best Seller) બેસ્ટ સેલરના લિસ્ટમાં ઘણો વખત રહ્યું. આ પુસ્તકના આધારે 'A Beautiful Mind' નામની ફિલ્મ પણ બની જેને ઑસ્કર ઍવૉર્ડ પણ મળેલો.

### બાળપણ અને યુવાવસ્થા

નૅશનો જન્મ જૂન ૧૩, ૧૯૨૮માં અમેરિકામાં આવેલા વેસ્ટ વિર્જિનિયા (West Virginia) રાજ્યના બ્લ્યુફિલ્ડ (Bluefield) ગામમાં થયેલો. તેમના પિતા જૉહ્ન ફૉર્બસ નૅશ સી. (Sr.) ઍપ્પાલચિઅન ઇલેક્ટ્રિક પાવર કંપનીમાં (Appalachian Electric Powar Company) ઇલેક્ટ્રિક એન્જિનિયર હતા અને તેમનાં માતા માર્ગરેટ વિર્જિનિઆ (Margarat Virginia) નૅશ લગ્ન પહેલાં શિક્ષિકા હતાં અને તેમણે યુનિવર્સિટી ઑફ વેસ્ટ વિર્જિનિયામાં અભ્યાસ કરેલો. દરેક દેશોમાં વ્યક્તિ નામોમાં નવી નવી પ્રથા હોય છે. અહીંયાં જૉહ્ન ફ. નૅશ બાપ અને બેટાનાં એક સરખાં નામ છે, પણ બંનેને જુદા પાડવા માટે નામના છેડે જુ. (Jr.) અને સિ. (Sr.) લખાય છે. જુનિયરનું (Junior) ટૂંકું સ્વરૂપ જુ (Jr.) અને સિનિયરનું (Senior) ટૂંકું સ્વરૂપ સિ. (Sr.) વપરાય છે. બેટા માટે જુ. (Jr.) અને બાપા માટે સિ (Sr.) વપરાય છે. નૅશ સિ. ટેક્સાસ એ. ઍન્ડ એમ. યુનિવર્સિટીમાંથી (Texas A. & M.) ઇલેક્ટ્રિકલ એન્જિનિયર બનેલા. નૅશ જુ.ના જન્મ પછી અઢી વર્ષે તેમની બહેન માર્થાનો (Martha) જન્મ થયેલો.

જ્યારે નૅશ હાઈસ્કૂલમાં હતા ત્યારે તેમણે ઈ. ટી. બેલનું (E. T. Bell) જાણીતું પુસ્તક 'મેન ઑફ મેથેમેટિક્સ (Men of Mathematics)' વાંચેલું અને ફર્માનું (Fermat) જાણીતું પ્રમેય સાબિત કરેલું. નૅશ તે સમયે દેશમાં દસ જ જણને અપાતી જ્યૉર્જ વેસ્ટિન્ગહાઉસ (George Westinghouse) સ્કૉલરશિપ હરીફાઈમાં જીતેલા. આ સ્કૉલરશિપ લઈને કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજીમાં (Carnegie Institute of Technology) કેમિકલ એન્જિનિયર થવા માટે જૂન ૧૯૪૫માં ટ્રેઈનથી પિટ્સબર્ગ આવ્યા. પહેલી સેમિસ્ટરમાં મિકેનિકલ ડ્રૉઇંગ લીધેલું. આ ન ગમતાં કેમિકલ એન્જિનિયરિંગના બદલે રસાયણશાસ્ત્ર મુખ્ય વિષય રાખ્યો. રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં મદદનીશ તરીકે કામ કરતાં કરતાં કોઈ સાધન તૂટી જતાં સ્ટાફ જોડે બોલાચાલી થઈ. ફિઝિકલ કેમેસ્ટ્રીના કૉર્સમાં પ્રોફેસર બધા વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈને અઘરું ગણિત વાપર્યા વગર ભણાવ્યું જે નૅશને બિલકુલ ન ગમ્યું. આ કૉર્સમાં તેમને ગ્રેડ C મળ્યો.

કાર્નેગીએ નવા કૉર્સિસ ભણાવવાના ચાલુ કર્યા. ગણિતવિભાગને સમૃદ્ધ કરવા માટે જોહ્ન સીન્જને લાવ્યા. વૈદ્યસાહેબ અને સાપેક્ષવાદના કારણે ઘણા બધા જે. એલ. સીન્જથી પરિચિત છે. સીન્જ એક આંખે કાળો પટ્ટો પહેરતા અને એક નાકે ફિલ્ટર રાખતા. આ બધું વિચિત્ર લાગે, પણ આનંદિત સ્વભાવના. વિદ્યાર્થીઓને ગણિત ભણવા આકર્ષતા. નૅશ પણ સીન્જથી આકર્ષાયા અને ટેન્સર કેલક્યુલસ (Tensor Calcules) અને રીલેટિવિટી (Relativity) તેમના હાથ નીચે ભણ્યા. નૅશનું સ્વતંત્ર રીતે વિચારવાનું અને અઘરા દાખલાઓની ભૂખ સીન્જને પ્રભાવિત કરી ગઈ. આથી સીન્જ નૅશને ગણિત મુખ્ય વિષય તરીકે રાખવા પ્રોત્સાહન આપતા. નૅશને

ગણિતશાસ્ત્રી બનીને પૈસા કમાવાય તે વિશે શંકા હતી, પણ આખરે યુનિવર્સિટીના અધ્યાપક બનાય તેનો ખ્યાલ આવતાં ગણિતને મુખ્ય વિષય રાખીને ભણ્યા.

પસંદગીના વિષય તરીકે 'International Economics' ભણેલા અને આના કારણે તેમના અર્થશાસ્ત્રના વિચારો (Ideas) અને પ્રશ્નો ઉપરના સંશોધનનો "The Bargaining Problem" નામનો લેખ Econometricaમાં પ્રસિદ્ધ થયેલો.

૧૯૪૮માં ગણિત વિષયની B. S. અને M. S. ડિગ્રીઓ મેળવી.

## પ્રિન્ટસન અને ધી ઇન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડી (The Institute for Advanced Study, IAS)

૧૯૪૮ના સ્પ્રિન્ગ સેમીસ્ટારમાં નૅશને હાર્વર્ડ (Harvard), પ્રિન્સટન, શિકાગો અને મિશિગન (Michigan) યુનિવર્સિટીઓના અનુસ્નાતક વિભાગોમાં પ્રવેશ (Admission) મળ્યો. નૅશને હાર્વર્ડમાં જવાનો ખ્યાલ હતો, પણ હાર્વર્ડે પ્રિન્સટન કરતાં થોડાક જ ઓછા પૈસાની સ્કૉલરશિપ આપેલી. તે સમયે પ્રિન્સટને દસ વિદ્યાર્થીઓને અનુસ્નાતક પ્રોગ્રામમાં લીધેલા, જ્યારે હાર્વર્ડે ૨૫ વિદ્યાર્થીઓને અનુસ્નાતક પ્રોગ્રામમાં લીધેલા. નૅશના પ્રોફેસર ડફ્ફિને (Duffin) ભલામણપત્રમાં લખ્યું હતું કે "This man is genius. (આ માણસ અલૌકિક બુદ્ધિવાળો છે)." આના ઉપરથી પ્રિન્સટનના ગણિત વિભાગે સારામાં સારી સ્કૉલરશિપ સાથે ઍડમિશન આપેલું અને નૅશને પ્રિન્સટન લાવવા ગણિત વિભાગના વડા પ્રો. સોલોમન લીફશીટ્ઝે (Soloman Lefchetz) પત્રમાં લખેલું કે, "We Like to catch promising man when they are young and open - minded. (આશાસ્પદ વ્યક્તિ જ્યારે જુવાન અને નવા વિચારોને સ્વીકારવા તૈયાર હોય ત્યારે અમને હાથમાં લેવાનું ગમે છે)" આ નૅશને ખૂબ ગમેલું અને તેમને લાગેલું કે પ્રિન્સટનને તેમની કિંમત છે. ગણિત વિભાગની જોહ્ન એસ. કેનેડી ફેલોશિપ પ્રતિષ્ઠિત ફેલોશિપ હતી જે વાર્ષિક $૧,૧૫૦ની હતી. તે સમયે વાર્ષિક ફી $ ૪૫૦ હતી અને ડૉર્મિટરિ (dormitory)ની રૂમનું વાર્ષિક ભાડુ $ ૨૦૦ હતું અને જમવા માટે અઠવાડિયાના $ ૧૪ હતા. નૅશના મગજમાં એવો પણ ખ્યાલ હતો કે આલ્બર્ટ આઇન્સ્ટાઈન અને જોહ્ન વૉન નોયમેન (Jone Von Neuman) પ્રિન્સટનમાં છે. હા, તેઓ પ્રિન્સટનમાં હતા પણ પ્રિન્સટન યુનિવર્સિટીમાં ન હતા. આ બધાં કારણોએ નૅશે પ્રિન્સટન જવાનો નિર્ણય લીધો.

એક સમયે ચિત્રકારો અને નવલકથાકારો માટે પૅરિસ, તત્ત્વજ્ઞાનીઓ તથા નાટ્યકારો માટે એથેન્સ હતું, તેવું જ ૧૯૪૮માં ગણિતશાસ્ત્રીઓ માટે પ્રિન્સટન હતું. હાલમાં પણ એમઆઈટી અને પ્રિન્સટન છે. નિલ્સ બોહ્રના (Niels Bohr) ભાઈ હૅરાલ્ડ બોહ્ર ૧૯૩૬માં 'પ્રિન્સટન વિશ્વનું ગણિતનું કેન્દ્ર છે' તેવું કહેતા. ફાઈન હૉલમાં (Fine Hall) ગણિત વિભાગ છે અને તેની બાજુમાં ગણિત વિભાગના જેવો જ પ્રખ્યાત ભૌતિકશાસ્ત્ર વિભાગ છે. ફાઈન હૉલમાં અંગ્રેજી ભાષા ઘણા જુદાજુદા ઉચ્ચારોથી બોલાતી હોઈને તે ભાષાઓના મિશ્રણને ફાઈન હૉલ અંગ્રેજી તરીકે ઓળખવામાં આવતું. ફાઈન હૉલની હવામાં જ ગણિતના વિચારો અને સૂત્રો આવેલાં છે. તમે હાથ પહોળો કરો અને બંધ કરો તેટલામાં તો તમે ગણિતથી ભરેલી હવા પકડી લીધી હશે અને ગણિતનાં સૂત્રો તમારા હાથને ચોંટી ગયાં હશે. તમારે કોઈ જાણીતા ગણિતશાસ્ત્રીને જોવા હોય તો તમારે તેમના ત્યાં જવાની જરૂર નથી. શાંતિથી પ્રિન્સટનમાં બેસો, મોડા કે વહેલા ફાઇન હૉલમાં આવશે જ.

ફાઇન હૉલથી એક જ માઇલ દૂર ધી ઇન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડી (The Institute for Advanced Study-IAS) આવેલું છે. જ્યાં આઇન્સ્ટાઈન, ગોડેલ (Godel), ઓપ્પન હાઈમર (Oppenheimer) અને વૉન નૉયમૅન્ન (Von Neumann) પાટીઆ ઉપર લખી લખીને માથાકૂટ કરતા જ હોય છે. જે આજે પ્રિન્સટન સેમિનારમાં રજૂ થાય છે, તેની ચર્ચા પછીના અઠવાડિયે પૅરિસ અને બર્કલીમાં અને તે પછીના અઠવાડિયે ટોકિયો અને મોસ્કોમાં થતી રહે છે.

બેમ્બર્ગ ડિપાર્ટમેન્ટ સ્ટોરની શરૂઆત ન્યૂઆર્કથી (Newark) થયેલી. આના માલિકો ભાઈ અને બહેન હતાં. ૧૯૨૯માં શેરબજાર એકદમ તૂટીને નીચે આવી ગયું. આવું બન્યું તેના છ અઠવાડિયાં પહેલાં જ તેમણે બધું વેચી દીધેલું અને આ વેચાણના અઢી કરોડ ડૉલર

મળેલા ($ ૨૫ M.). ન્યૂ જર્સી રાજ્યને તેમની કૃતજ્ઞતા દર્શાવવા ડેન્ટલ કૉલેજ બનાવી આપવાનો તેમનો વિચાર હતો. તેમના સલાહકાર અબ્રાહમ ફ્લેકસ્નરે (Abraham Flexner) ડેન્ટલ કૉલજના બદલે ઉત્તમમાં ઉત્તમ સંશોધન સંસ્થા બનાવી આપવા સમજાવ્યા. આ સંશોધન સંસ્થામાં ન કોઈ શિક્ષક હોય, ન કોઈ વિદ્યાર્થી હોય કે ન કોઈ વર્ગ હોય. આ સંસ્થામાં ફક્ત સંશોધકો જ હોય જેના ઉપર બહારની દુનિયાનું દબાણ ન હોય. ફ્લેકસ્નરે પહેલાં અર્થશાસ્ત્રની સ્કૂલનો વિચાર કરેલો, પણ પછી તેમને સમજાવવામાં આવ્યું કે ગણિત પાયાનું અને સૌથી અગત્યનું ગણાય. ભાઈ અને બહેનને સમજાવી શકાયું કે ન્યુઆર્કનું વાતાવરણ જ્યાં રંગોની ફેક્ટરીઓ અને કતલખાનાં છે તે આવી સંશોધન સંસ્થામાં આવનારી વ્યક્તિઓ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડી ન શકે, અને પ્રિન્સટન ન્યૂઆર્કનું પરૂ જ ગણાય !! આથી ભાઈ અને બહેન પ્રિન્સટનમાં ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું ગણિતનું કેન્દ્ર સ્થાપવા તૈયાર થયાં જેને આપણે The Institute for Advancd Study (IAS) તરીકે ઓળખીએ છીએ. હાલમાં તો IASમાં ઘણા બધા ગણિત સિવાયના પ્રોગ્રામો છે.

આપણે પણ આવું સંશોધન કેન્દ્ર શરૂ કરીએ તો આપણી બધી કૉલેજોને આડકતરી રીતે ફાયદો થશે. સંશોધનની સાચી કિંમત સમજવા માટે આપણે છેલ્લા વીસ વર્ષમાં થયેલો ફેરફાર જોવો જોઈએ. મોબાઈલ અને કમ્પ્યૂટરે આપણી જિંદગી બદલી કાઢી છે. મોબાઈલ અને કમ્પ્યૂટર બદલવામાં આપણો કેટલો ફાળો ? આવું તો લગભગ ઘણાં ક્ષેત્રોમાં થયું છે. ડૉ. જૈન અને શ્રી મણિભાઈ પ્રજાપતિ નામાંકિત (Distinguished) અધ્યાપકની નિમણૂક માટે વારંવાર કહે છે. સંશોધનને મહત્ત્વ ન અપાય તો વિશ્વવિદ્યાલય નામનો અર્થ ખરો ? આપણે આ માટે ત્રણથી ચાર કરોડ રૂપિયા ભેગા કરી શકીએ. આના વ્યાજમાંથી બે યુવાન નામાંકિત અધ્યાપકોની નિમણૂક કરી શકીએ. આપણી સંસ્થાઓ જે પરિસ્થિતિમાં છે તેમાં સુધારો વધારો કરવા માગતી ન હોઈને આપણને પૈસાની જરૂરિયાત લાગતી નથી. પણ બીજુ કંઈ નહિ, પણ આપણે સંશોધનને અને નવા વિચારોને મહત્ત્વ આપવું જોઈએ.

સોમવાર સપ્ટેમ્બર ૮, ૧૯૪૮ના રોજ બ્લ્યુફિલ્ડથી તાજો નવો સૂટ પહેરીને ટ્રેનમાં કપડાં, પુસ્તકો વગેરે લઈને નૅશ પ્રિન્સટન રેલવે જંક્શને આવ્યા અને ત્યાંથી ડીન્કીમાં બેસીને પ્રિન્સટન યુનિવર્સિટીએ આવ્યા. બીજા દિવસે સાંજના ગણિત વિભાગના વડા પ્રો. લીફશીટ્ઝે ગણિત વિભાગના તાજા ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ભેગા કરીને ઉત્સાહપૂર્વક પ્રેરણા આપતી વાતો કરી. પ્રિન્સટનનો ગણિત વિભાગ લીફશીટ્ઝેના આવતા પહેલાં તદ્દન સામાન્ય હતો. લીફશીટ્ઝે નવા પ્રોફેસરોની ભરતી ફક્ત ને ફક્ત સંશોધનના આધારે કરીને પ્રિન્સટનના ગણિત વિભાગને અમેરિકામાં ખૂબ જ આગળ પડતો બનાવ્યો.

લીફશીટઝનો જન્મ રશિયામાં થયેલો, પણ ફ્રાન્સમાં ભણેલા. ફ્રાન્સના નાગરિક ન હોઈને શીખવી ન શક્યા. ફ્રાન્સમાં એન્જિનિયરિંગનું ભણીને યુ. એસ.એ (U.S.A.) આવ્યા. પિટ્ટસબર્ગમાં (Pittsburgh) વેસ્ટિન્ગહાઉસમાં નોકરી કરતા હતા ત્યાં ટ્રાન્સફોર્મર ધડાકા સાથે ઊડ્યું અને લીફશીટ્ઝના બંને હાથને દઝાડી ગયું. આ બધું સરખું થતાં વર્ષો ગયાં અને આના કારણે ખિન્નતા (Depression) આવતી. આ સમય દરમિયાન ગણિત માટેનો તેમનો સાચો પ્રેમ દેખાયો, ક્લાર્ક યુનિવર્સિટીમાંથી ગણિતમાં Ph.D. થયા. નેબ્રાસ્કા અને કેન્સાસમાં ભણાવ્યા પછી તેમનું કામ જોઈને પ્રિન્સટને તેમને ખાસ આમંત્ર્યા.

ક્લાસમાં ભણાવવાનું શરૂ વાના આગલા દિવસે (શુક્રવાર) ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને પ્રો. લીફશીટ્ઝ તડ અને ભડ કહેતા, ''સરસ કપડાં પહેરો.'', ''તું મજૂર જેવો લાગે છે, ગણિતશાસ્ત્રી જેવો નહિ.'', ''વાળ કપાવી આવ'', ''તમે ક્લાસમાં આવો કે ન આવો, તે તમારે જોવાનું.'', ''તમારા ગ્રેડ જોડે કોઈ સંબંધ નથી, ફક્ત 'Generals' ગણાશે.'' અને ''બપોરના ચા માટે આવવાનું બધાના માટે ફરજિયાત છે.'' ત્રણ વાગે બધા ક્લાસ પૂરા થતાં, દરરોજ ત્રણથી ચાર સુધી ફાઈન હૉલમાં ચા અને બિસ્કિટ મુકાતાં. બધા પ્રોફેસરો ફરજ માનીને આવતા અને વિદ્યાર્થીઓને મળતા. બધો સ્ટાફ અને વિદ્યાર્થીઓ આવતા. એકબીજાના પરિચયમાં રહેતા. સામાન્ય રીતે સેમિનાર સાડા ચારથી શરૂ થતો અને

૫.૩૦ કે છ વાગે પૂરો થતો.

બધા વિષયો શીખવવામાં આવતા. આ વિષયોની પરીક્ષા ન હતી, પણ Ph.D માટે યોગ્યતાની (Qualifying) પરીક્ષા ફરજિયાત હતી જેને અહીંયાં બધા 'જનરલ્સ, Generals' તરીકે ઓળખતા. આ પરીક્ષામાં પાંચ વિષયો હતા, ત્રણ વિષયો ગણિત વિભાગ નક્કી કરતો અને બે વિષયો વિદ્યાર્થી નક્કી કરતો. પહેલા વર્ષના અંતે કે બીજા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીએ 'જનરલ્સ' લેવાની રહેતી.

મોટા ભાગના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ કૉલેજમાં રહેતા. આ રહેવાની કૉલેજ ફાઈન હૉલથી લગભગ એક માઈલ દૂર હતી. નૅશને ફેલોશિપના કારણે આગવી રૂમ મળી હતી, જ્યારે મોટા ભાગને બે જણ વચ્ચે એક રૂમ હતી. ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ સાથે જ સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને સાંજનું જમણ લેતા. સવારનો નાસ્તો અને બપોરનું ભોજન બ્રેકફાસ્ટ રૂમમાં અપાતું. જ્યારે સાંજનું જમણ પ્રોક્ટર હૉલમાં અપાતું, જ્યાં ટાઈ અને કોટ ફરજિયાત હતાં. આ હૉલમાં ઊંચી અને વિશાળ બારીઓ હતી અને લાંબાં લાકડાનાં ટેબલો અને ખુરશી હતી. મીણબત્તીઓ ન હતી અને દારૂ પણ ન હતો, ખોરાક સારામાં સારો હતો. સાંજની પ્રાર્થના કૉલેજના ડીનની હાજરીમાં થતી. પ્રિન્સટનના ગણિતના ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ બધા જ સાથે જ જમતા, ચા-પાણી પીતા અને ગણિતને લગતી ચર્ચાઓ કરતા.

નૅશને ગણિત વિભાગમાં ભણાવવામાં આવતા ટૉપૉલૉજી (Topology), ઑલજીબ્રીક જ્યૉમેટ્રી (Algebraic Geometry), લૉજિક (Logic) અને ગેઈમ થિયરીમાં (Game Theory) રસ હતો. પહેલા વર્ષમાં ઘણું બધું શીખ્યા, પણ નૅશ ભણાવાના વર્ગોમાં જવાનું પસંદ ન કરતા. તેમની સાથેના વિદ્યાર્થીઓમાંથી કોઈએ તેમની સાથે કોઈ વિષયના વર્ગમાં નિયમિત જોયા હોય, આ દરમિયાન કોઈએ નૅશને પુસ્તકો સાથે પણ જોયા નથી. હકીકતમાં ઓછામાં ઓછું નૅશ વાંચતા. નૅશ તેમને જોઈતી જરૂરી માહિતી પ્રોફેસરો અને સાથી મિત્રોને પ્રશ્નો પૂછીને મેળવતા. તે ક્લીપબૉર્ડ સાથે જ રાખતા અને સતત રીતે પોતાની જાતને માટે બધી નોંધો કરતા. તેમના હસ્તાક્ષર બીજા માટે વાંચવા અઘરા હતા. તે બધાના માટેની રૂમમાં (Common room) બધાની જોડે વાતો કરીને માહિતી મેળવી લેતા. તે ખૂબ બારીક સવાલો પૂછતા.

એવું લાગે છે કે નૅશ તેમનો સમય વિચારવામાં જ કાઢતા. તેમની સાથેના વિદ્યાર્થી મેલ્વિન હૉસ્નરના (Melvin Hausner) જણાવ્યા પ્રમાણે, "નૅશ વિચારોમાં જ ડૂબેલા રહેતા. તે એકલા જ કૉમન રૂમમાં વિચારતા બેઠા હોય. તે તમારી પાસેથી નીકળે પણ તમને જોયા ન હોય તેવું બને. પોતે ગણગણ કરતા જ હોય કે સિસોટી વગાડતા હોય. તમે તેમને વિચારતા જોઈ શકો." તે હંમેશાં પ્રશ્નો જોતા હોય. તેઓ વણઉકલ્યા પ્રશ્નોથી સજાગ રહેતા. તેમના સાથીદારો નૅશને માનથી જોતા, પણ ઘણા બધાને નૅશ ગમતા નહિ. સ્પ્રિન્ગ સેમિસ્ટાર ૧૯૪૯માં નૅશને તકલીફ દેખાઈ. સ્ટીનરૉડ (Steenrod), લીફશીટ્ઝ અને ટકર (Tucker) નૅશના ટેકેદારો હતા અને તેમને લાગતું કે નૅશ ગણિતશાસ્ત્રી તરીકે સારું કામ કરશે. ગણિત વિભાગમાં બીજા ભાગના પ્રોફેસરો એવું માનતા કે નૅશ પ્રિન્સટનને લાયક નથી. આવું માનનારાઓમાં પ્રોફેસર આર્ટિન હતા. આર્ટિન (Artin) અને નૅશ કૉમન રૂમમાં ઘણી વાર સામસામે અથડાયેલા. આર્ટિનને નૅશ ફક્ત ઉદ્ધત નહિ પણ ગણિતના ઘણા ભાગથી અજ્ઞાત લાગ્યા. ફેકલ્ટીની મીટિંગમાં આર્ટિને જણાવેલું કે નૅશ કોઈ રીતે વિભાગની 'જનરલ્સ' પાસ કરે તેવી શક્યતા જોતા નથી. આ પરીક્ષાઓ વિદ્યાર્થીએ પહેલા વર્ષના અંતે લેવાની હોય છે. લીફશીટ્ઝે જ્યારે આવતા વર્ષ માટે એટમિક એનર્જી કમિશનની (Atomic Energy Commission) ફેલોશિપ માટે નૅશનું નામ સૂચવ્યું ત્યારે આર્ટિને તેનો વિરોધ કરેલો એટલું જ નહિ પણ નૅશ પ્રિન્સટનના લાયક ન હોઈને તેમણે પ્રિસ્ટન છોડીને જવું જોઈએ. જાણે કે લીફશીટ્ઝે અને ટકરે આર્ટિનના વિરોધ સામે થઈને ફેલોશિપ નૅશને આપી અને 'જનરલ્સ' સ્પ્રિન્ગમાં ન લેવા સૂચવ્યું અને નૅશે 'જનરલ્સ' બીજા વર્ષે લેવી તેવું સૂચવ્યું.

પ્રો. ટકર સપ્ટેમ્બર ૧૯૪૯થી શરૂ થતું એકૅડેમિક વર્ષ સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં કાઢવાના હોઈને તેની તૈયારી માટે ૧૯૪૯ના ઉનાળા દરમિયાન તેમની ઑફિસમાં હતા. ત્યાં અણધાર્યા નૅશ આવ્યા. નૅશને ગેઈમ થિયરીમાં

સંશોધનમાં સારાં પરિણામો મળેલાં હોઈને તેમની Ph.D.ની થીસિસ માટે એડવાઈઝર (Advisor) બનવા માટે પ્રો. ટકરને વિનંતી કરી. પ્રો. ટકર એવું માનતા હતા કે નૅશ પ્રો. સ્ટીનરોડના હાથ નીચે Ph.D.ની થીસિસ તૈયાર કરશે. આથી આ બાબતમાં તેમણે ખાસ વિચાર્યું ન હતું, પણ ગેઈમ થિયરી હોઈને પ્રો. ટકરે નૅશની Ph.D.ની થીસિસના એડવાઈઝર બનવાની હા પાડી.

૧૯૪૯ની ઉનાળાની રજાઓમાં પ્રિન્સટનમાં રહીને 'જનરલ્સ'ની બરાબર તૈયારી કરી. સપ્ટેમ્બર ૧૯૪૯માં નવું એકૅડેમિક વર્ષ શરૂ થતાં નૅશની 'Generals' માટે ગણિત વિભાગના વડા લીશીઝે ચર્ચ, સ્ટીનરૉડ અને સ્ટેનફર્ડના પ્રો. સ્પેન્સરની કમિટી બનાવી. નૅશ ખાસ તકલીફ વગર સરળતાથી 'Generals' પાસ થઈ ગયા.

**દાવપેચના નિયમો (Game Theory, ગેઈમ થિયરી)**

ગેઈમ થિયરીનો લોકપ્રિય સેમિનાર પ્રો. ટકર ચલાવતા હતા. નૌકાદળે એન્ટીસબમરિન લડાઈમાં ગેઈમ થિયરીનો સફળતાપૂર્વક ઉપયોગ કરેલો, આથી ગેઈમ થિયરીના સંશોધનમાં નૌકાદળ પૈસાનો ધોધ વહેવડાવતી. આ સેમિનારના સૌથી પહેલા વક્તા વૉન નૉયમૅન્ન (Von Neumann) હતા. નૅશ વૉન નૉયમૅનના ભાષણમાં હાજર હતા. રસ પડે તેના અને વણ ઉકલ્યા ઘણા પ્રશ્નો ગેઈમ થિયરીમાં જોઈને નૅશની કુતૂહલતા વધી. દર ગુરુવારે સાંજના પાંચ વાગે શરૂ થતા ગેઈમ થિયરીના સેમિનારમાં નિયમિત આવતા.

વૉન નૉયમૅન રમતોનું ગણિતમાં વર્ણન કરનારા સૌથી પ્રથમ હતા. તેમણે આ ક્ષેત્રમાં પાયાનું પ્રમેય 'Min-Max' સાબિત પણ કરેલું નૉયમૅન અને મોર્ગેન્સ્ટર્નનું (Morgenstern) લખેલું પુસ્તક ''ધી થિયરી ઑફ ગેઇમ્સ ઍન્ડ ઇકોનોમિક બીહેવિઅર (The Theory of Games and Economic Behavior)'' ૧૯૪૪માં પ્રસિદ્ધ થયું. બધી રીતે ક્રાન્તિકારી પુસ્તક હતું.

ગેઈમ થિયરીનો ખ્યાલ આવે તે માટે સરળ ઉદાહરણ જોઈએ. બે ખેલાડીઓ એકી અને બેકી આંકડાઓની રમત રમે છે. ખેલાડી Iને આપણે 'એકી' ખેલાડી કહીએ અને ખેલાડી IIને 'બેકી' ખેલાડી કહીએ. આ બંને ખેલાડીઓ એક જ સમયે ૧ અને ૨ સંખ્યાઓમાંથી ગમે તે એક જ સંખ્યા કહે છે.

જો આ સંખ્યાઓનો સરવાળો એકી હોય, તો 'બેકી' એ સરવાળા જેટલા રૂપિયા 'એકી'ને આપવાના. જો આ સરવાળો બેકી હોય, તો 'એકી'એ આ સરવાળા જેટલા રૂપિયા 'બેકી'ને આપવાના. આને સરળતાથી ટેબલમાં દર્શાવી શકાય.

ખેલાડી II (બેકી)

| | | 1 | 2 |
|---|---|---|---|
| ખેલાડી I | 1 | -2 | 3 |
| x (એકી) | 2 | 3 | - 4 |

આપણે એકીને શું મળે તે ટેબલમાં દર્શાવ્યું છે. ધારો કે 'એકી' ૧ અને 'બેકી' ૧ બોલે, તો આ સંખ્યાઓનો સરવાળો બેકી સંખ્યા ૨ થાય. આથી 'એકી'એ 'બેકી'ને ૨ રૂપિયા આપવા પડે. જેને આપણે ટેબલમાં-૨થી દર્શાવ્યું છે. ધારો કે 'એકી' ૧ બોલે અને 'બેકી' બે બોલે તો આ સંખ્યાઓનો સરવાળો એકી સંખ્યા ૩ થાય. એથી 'બેકી'એ 'એકી'ને ૩ રૂપિયા આપવાના થાય જેને આપણે ટેબલમાં ૩ વડે દર્શાવ્યું છે. આ જ પ્રમાણે આપણે બાકીની બે જગ્યાઓ ૩ અને ૪ વડે પૂરી દઈએ.

હવે ધારો કે આ રમત લાંબો વખત રમાય છે. 'એકી' ૩/૫ વખત ૧ બોલે છે અને ૨/૫ વખત ૨ બોલે છે.

(૧) હવે ધારો કે 'બેકી' દરેક વખતે ૧ જ બોલે, તો સરેરાશ શું થાય તે જોઈએ. એકી ૩/૫ વખત ૧ જ બોલે છે, આથી આ બંને સંખ્યાઓનો સરવાળો ૩/૫ વખત સંખ્યા બે થશે. આથી 'બેકી'ને 'એકી' એ બે રૂપિયા ૩/૫ વખત આપવા પડશે. 'બેકી' તો બાકીના ૨/૫ વખત ૧ બોલે છે, જ્યારે આ ૨/૫ વખતે 'એકી' ૨ બોલે છે. આથી ૨/૫ વખત સરવાળો ૩ થાય છે. આથી ૨/૫ વખત 'બેકી'એ એકીને ૩ રૂપિયા આપવા પડે. આથી 'એકી'ને મળતી રકમ.

-૨ x ૩/૫ + ૩ x ૨/૫ = ૦ થાય.

(૨) હવે ધારો કે 'બેકી' આખો વખત ૨ બોલે છે. 'એકી' ૩/૫ વખત ૧ બોલતો હોઈને, બંને સંખ્યાઓનો સરવાળો ૩/૫ વખત ૩ થશે. આથી 'બેકી'એ ૩/૫ વખત 'એકી'ને ૩ રૂપિયા આપવા પડશે. 'એકી' ૨/૫ વખત ૨ બોલતો હોઈને, આ વખતે બંને

સંખ્યાઓનો સરવાળો ૪ થશે. આથી 'એકી'એ 'બેકી'ને ચાર રૂપિયા ૨/૫ વખત આપવા પડે. આથી 'એકી'ને મળતી રકમ.

૩ (૩/૫) - ૪ (૨/૫) = ૧/૫ થાય. આથી 'એકી'ને સરેરાશ ૨૦ પૈસા દરેક રમત વખતે મળે.

જો આ રીતે 'એકી' પસંદ કરે, તો જ્યારે 'બેકી' એક કહે ત્યારે 'એકી'ને કંઈ ન મળે અને 'બેકી' ૨ કહે ત્યારે તે રમતે 'એકી'ને ૨૦ પૈસા મળે.

સવાલ : 'એકી' કઈ રીતે બોલે કે જેથી 'એકી'ને 'બેકી' ગમે તે બોલે તો પણ પૈસા મળે ?

ધારો કે 'એકી' pમો ભાગ ૧ કહે અને (૧-p)મો ભાગ ૨ કહે છે. આથી 'બેકી' ગમે તે કહે, તો 'એકી'ને સરેરાશ -૨p+૩ (૧-p) મળશે. એ જ રીતે 'એકી' (૧-p)મો ભાગ ૨ કહેશે, ત્યારે 'એકી'ને સરેરાશ ૩p-૪ (૧-p) મળશે. 'એકી' એ રીતે p પસંદ કરે કે જેથી આ આ બંને સરખા થાય. આથી

-૨p + ૩ (૧-P) = ૩p-૪ (૧-p) છે.

∴ −૧૨p = - ૭ ∴ p=૭/૧૨

જો 'એકી' ૭/૧૨ વખત ૧ કહેશે અને ૫/૧૨ વખત ૨ કહેશે, તો 'એકી'ને કશુંય જોડવું નહિ પડે, બલકે -૨(૭/૧૨) + ૩ (૫/૧૨) = ૧/૧૨ રૂપિયા તરીકે વખતે મળશે. ૧/૧૨ કિંમત એ આ રમતની કિંમત છે અને આ મેળવવાની રીત 'મિનિમૅક્સ' યોજના કહેવાય છે. આના ઉપરથી વૉન નૉયમૅન્ને ગેઈમ થિયરીનું પાયાનું પ્રમેય મેળવેલું. આપણે ઉદાહરણ બે ખેલાડીઓથી શરૂ કર્યું. આ બંને ખેલાડીઓ એકબીજાથી સ્વતંત્ર રીતે કામ કરે છે અને એકી સાથે કરે છે. એક ખેલાડીની ખાદએ બીજા ખેલાડીનો નફો છે. આને અંગ્રેજીમાં zero-sum (શૂન્ય-સરવાળો) ગેઈમ તરીકે ઓળખવામાં આવે છે.

**મિનિમેક્સ રમત પ્રમેય :** (mini max Theorem) : બે ખેલાડીઓની શૂન્ય-સરવાળાની રમતમાં : (૧) કોઈ કિંમત V છે, જે આ રમતની કિંમત તરીકે ઓળખાય છે.

(૨) ખેલાડી I માટે એવી મિશ્રણ યોજના છે કે ખેલાડી II ગમે તેમ રમે તો પણ ખેલાડી Iનો સરેરાશ નફો દરેક કિંમત V જ છે.

(૩) ખેલાડી I ગમે તે કરે તો પણ ખેલાડી IIની સરેરાશ ખોટ વધારેમાં વધારે દરેક કિંમતે V છે.

નૅશ બે ખેલાડીઓ શૂન્ય-સરવાળા માટેના Mini Max પ્રમેયની જગ્યાએ શૂન્ય-સરવાળા વગરના સંજોગો અને ગમે તેટલા ખેલાડીઓ માટે પ્રમેય મેળવી શક્યા. આ પ્રમેય ઘણી બધી જગ્યાએ વાપરી શકાય છે. બે ખેલાડીઓના શૂન્ય-સરવાળાના MinMax ઉકેલને બદલે ઘણા ખેલાડીઓની અસહકારની રમતોનાં ઉકેલોને નૅશ સમતુલા બિંદુ (Equilibrium Point) કહે છે. અને નૅશ થીસિસમાં સાબિત કરે છે કે અસહકારની લડતમાં ઓછામાં ઓછું એક સમતુલા બિંદુ છે. 'અસહકારની રમતો (Non-Cooperative Games)'ના નામની થીસિસ મે ૧૯૫૦માં ગણિત વિભાગમાં આદરપૂર્વક રજૂ કરીને Ph.D. થયા.

૧૯૫૦-૫૧ પ્રો. ટકરની મદદથી નૅશ પ્રિન્સટનમાં કાઢી શક્યા. પ્રિન્સટન યુનિવર્સિટીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને કલનશાસ્ત્ર ભણાવવાનું હતું અને બાકીનો સમય સંશોધન માટે. આ સંશોધન માટે પ્રો. ટકરની Office of Naval Researchમાંથી Research Assistantનો પગાર અપાતો.

### એમઆઈટી MIT (Massachusatts Institute of Technology)

૧૯૫૦ના સમયમાં એમઆઈટી હાલના જેવી સંશોધન સંસ્થા તરીકે જાણીતી ન હતી. તે સમયે અમેરિકાની આગળ પડતી એન્જિનિયરિંગ સ્કૂલ હતી. લડાઈ વખતે લડાઈનાં સાધનોની નવી નવી શોધ કરનાર લિન્કન લેબોરેટરીના (Lincoln Laboratory) સ્ટાફમાં કોઈ પ્રખ્યાત ન હતું, બધો સ્ટાફ અજાણ્યા યુવાનોનો હતો. અર્થશાસ્ત્ર, ગણિત, ભાષાઓ, કમ્પ્યૂટર સાયંસના વિભાગોની શરૂઆત હતી. અર્થશાસ્ત્રમાં અનુસ્નાતક પ્રોગ્રામ જ ન હતો. ભૌતિકશાસ્ત્રમાં કોઈ નૉબેલ પ્રાઈઝ મેળવનાર અધ્યાપક ન હતા. ભણાવવાનો ભાર પણ વધારે હતો. જાણીતા અધ્યાપકોને પણ અઠવાડિયામાં સોળ કલાક ભણાવવાનું રહેતું અને આ પણ ઉપસ્નાતક વિદ્યાર્થીઓને શરૂઆતના વિષયો. હાર્વર્ડ, યેલ (Yale) કે પ્રિન્સટનના અધ્યાપકો જેવા જાણીતા અધ્યાપકો એ સમયે એમઆઈટીમાં ન હતા.

બીજા વિશ્વયુદ્ધની જીત પછી રશિયાની જોડેની હરીફાઈના કારણે વિજ્ઞાન, એન્જિનિયરિંગ વગેરેમાં દેશ

આગળ રહે તે માટે આર્મી, નેવી, એરફોર્સ એટમિક એનરજી કમિશન અને સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સીએ યુનિવર્સિટીઓને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક ટેકો કર્યો અને આના કારણે ઘણી યુનિવર્સિટીઓમાં ઘણા સુધારા વધારા થયા. એમઆઈટીને પણ આનો લાભ મળ્યો. મિલિટરી સાયંસના વિષયો દરેક ઉપસ્નાતક વિદ્યાર્થી માટે ફરજિયાત હતા. સાયબરનેટિક્સના (Cybernetics) પિતા ગણાતા નૉર્બર્ટ વીનર (Norbert Wiener) ગણિત વિભાગમાં હતા. તેઓ તેમની વિચિત્રતા (Eccentricity) માટે ખૂબ જ જાણીતા હતા. તેમના માટે એવું કહેવાય છે કે તેઓ ક્યાં હતા તેની તેમને ખબર ન હતી. તેઓ પૂછતા, ''આપણે મળ્યા ત્યારે ફેકલ્ટી ક્લબ તરફ જતો હતો કે ફેકલ્ટી ક્લબમાંથી આવતો હતો ?'' જો ફેકલ્ટી ક્લબમાંથી આવતો હોઈશ તો બપોરના જમ્યો હોઈશ. ૧૯૪૭માં વિલિયમ ટેડ માર્ટિન (Willim Ted Martin) ગણિત વિભાગના વડા નિમાયા. ગણિત વિભાગને ઊંચી કક્ષાએ લઈ જવા માર્ટિને સરસ રસ્તો શોધી કાઢ્યો. પ્રખ્યાત ગણિતશાસ્ત્રીઓ લાવવાને બદલે નવા, તાજા, અને થનગનતા ગણિતશાસ્ત્રીઓને ત્રણ વર્ષ માટે લાવવા. ૧૯૦૪થી મૃત્યુ પામ્યા ત્યાં સુધી ગણિતના અધ્યાપક રહેલા ક્લેરેન્સ લીમ્યુલ ઇલિશા મોરના (Clarence Lemuel Elisha Moore, C. L. E. M) માનમાં ઇન્સ્ટ્રક્ટરશિપ ત્રણ વર્ષ સુધી આપવાનો નિર્ણય લીધો. હાર્વર્ડની બેન્જામિન પિઅર્સ ફેલોશિપની (Benzamin Pierce Fallowship) જેમ C. L. E. Moore ઇન્સ્ટ્રક્ટરશિપ તાજા Ph.D.ને ત્રણ વર્ષ માટે અપાય છે. આ કાયમી જગ્યા નથી.

નૅશ જ્યારે ૨૩ વર્ષના હતા ત્યારે એમઆઈટીમાં સી. એલ. ઈ. મોર ઇન્સ્ટ્રક્ટર બન્યા. તે બધા અધ્યાપકોમાં ઉંમરમાં નાનામાં નાના હોવા ઉપરાંત ઘણા ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ કરતાં પણ નાની ઉંમરના હતા. છોકરા જેવો દેખાવ અને છોકરા જેવી વર્તણૂકના કારણે કીડ પ્રોફેસર (Kid Professor) તરીકે ઓળખાતા. ભણાવવાનું પ્રમાણમાં ઓછું હતું, પણ તેમના સંશોધનની વચ્ચે આવતું હોઈને તેમને ભણાવવાનું કંટાળાજનક લાગતું. તેમણે વિચક્ષણ રીતે જોઈ લીધું કે તેમનું એમઆઈટીમાં આગળ વધવાનું વિદ્યાર્થીઓને કેવું ભણાવ્યું તેના ઉપર આધારિત નથી. આથી તેઓ બીજા ઇન્સ્ટ્રક્ટરોને પણ સલાહ આપતા. ''જો તમે એમઆઈટીમાં હો, તો ભણાવવાનું ભૂલી જાવ, સંશોધન જ કરો.'' ૧૯૯૫માં નૅશથી કંટાળેલાએ જણાવ્યું, ''નૅશને વિદ્યાર્થી શીખે કે ન શીખે તેની પડેલી ન હતી, વિદ્યાર્થીઓ પાસે વધારે પડતી માગણીઓ કરતા અને વિષયને લેવાદેવા ન હોય તેની વાતો કરતા અથવા ઊંચી કક્ષાના વિષયની વાતો કરતા.'' નૅશ ગ્રેડ આપવામાં પણ કડક હતા. ખૂબ જ હોશિયાર (કેટલા ?) વિદ્યાર્થીઓને મજા પડતી, પણ મોટા ભાગના વિદ્યાર્થીઓ નૅશથી ડરતા અને માહિતગાર વિદ્યાર્થીઓ તેમનાથી દૂર રહેતા. કોઈ પ્રસંગે એમઆઈટીના બે નંબરના બિલ્ડિંગના બ્લેકબોર્ડ ઉપર 'THIS IS HATE JOHN NASH DAY' દેખાયેલું. નૅશે સાત વર્ષ એમઆઈટીમાં ભણાવેલું. મોટા ભાગે ઉપસ્નાતકના વિદ્યાર્થીઓને કલનશાસ્ત્ર ભણાવેલું.

નૅશ દિવસનો સમય બધાની સહિયારી રૂમમાં (Common Room) સમય કાઢતા. ગણિતવિભાગના ઘણા બધા ગણિતશાસ્ત્રીઓની અવગણના કરતા અને આળસુ, ભાડુતી વગેરે કહીને ટીકા કરતા. એમ્બ્રોસે (Ambrose) કંટાળીને નૅશને કહ્યું, ''તું તારી જાતને પંડિત માનતો હોય તો ઘણા વળેલા ભાગવાળી (Manifold) વસ્તુને યુક્લિડ જગ્યામાં (Euclid Space) બેસાડી શકાય (embed) તે સાબિત કરી બતાવને.'' નૅશે એમ્બ્રોસનો પડકાર ઝીલતા પહેલાં ઘણા બધાને પૂછી જોયું કે આ પ્રશ્નનો ઉકેલ મેળવવાથી, તેમને પ્રતિષ્ઠા મળશે. રીમાન્ને (Riemann) આ પ્રશ્ન ઉકેલ માટે રજૂ કરેલો. ફુગ્ગાની સપાટી લઈએ તો તે બે પરિમાણની (Two dimensions) છે. તેને પાટિયું જે બે પરિમાણનું છે તેના ઉપર સંપૂર્ણ રીતે મૂકી ન શકાય. ફુગ્ગાની સપાટીને ત્રણ પરિમાણની જગ્યાનો ઉપગણ ગણી શકાય. રેખા, વર્તુલ, પરવલય, ઉપવલય વગેરે એક પરિમાણનાં છે જ્યારે ૮ (અંગ્રેજી ૮) એક પરિમાણનું છે, પણ જ્યાં છેદે છે ત્યાં વિકલન મેળવવામાં તકલીફ પડે. જ્યારે કને બે પરિમાણની જગ્યાનો ઉપગણ ગણી શકાય.

નૅશનું પ્રમેય કહે છે કે જો અમુક જાતની સુંવાળી સપાટી હોય તો તેને યુક્લિડ જગ્યામાં બેસાડી શકાય. નૅશ આની સાબિતી માટે લેવિનસનની ઑફિસમાં દર અઠવાડિયે જઈને શું મેળવ્યું છે તેની ચર્ચા કરતાં શરૂઆતના અઠવાડિયાઓમાં તો તે પૂરેપૂરા ખોટા હતા,

પણ નૅશ વળગ્યા રહ્યા. નૅશ સ્વભાવથી જ મહેનતું હતા. સામાન્ય રીતે એમઆઈટીની તેમની ઑફિસમાં જ દરરોજ (શનિ કે રવિ હોય તો પણ) રાતના દસથી સવારના ત્રણ સુધી કામ કરતા. નૅશ લાંબા અંતરના દોડનાર હતા.

૧૯૫૩ની શરૂઆતના ભાગમાં એમઆઈટીના ગણિતવિભાગના વડા માર્ટિનની નૅશને કાયમી નોકરી આપવાની જાહેરાતે ગણિતવિભાગના અઢાર સભ્યોમાં વાદવિવાદ ઊભો કર્યો. નૅશના દોઢ વર્ષ દરમિયાન ઘણા દુશ્મનો ઊભા થયેલા અને ભણાવવાનું જરાયે સારું ન હતું. વ્હાઈટ હેડના કહેવા પ્રમાણે, ''નૅશ મોટી વાતો કરે છે, અમારામાંથી ઘણાને તે કહે છે તે કરી શકશે કે કેમ તેમાં શંકા છે.''

ઑક્ટોબર, ૧૯૫૪માં એનાલ્સ ઑફ મેથેમેટિક્સના (Annals of Mathematics) તંત્રીની ઑફિસમાં નૅશની હસ્તલિખિત પ્રત આવી ત્યારે તંત્રીને શું કરવું તેની સમજ ન પડી. આ ગણિતનું પેપર હોય તેવું લાગતું ન હતું અને પુસ્તક જેટલું જાડું હતું. ઇજનેરોની ભાષામાં આ પેપર લખાયેલું હતું, નહિ કે ગણિતશાસ્ત્રીઓની ભાષામાં. જ્યારે કોઈ ગંભીર ગણિતશાસ્ત્રી કહે કે મેં જાણીતા પ્રશ્નનો ઉકેલ મેળવ્યો છે ત્યારે ગણિતશાસ્ત્રીઓની પ્રથા પ્રમાણે ઘણા ગંભીર ગણિતશાસ્ત્રીઓ તેમનું બધું કામ બાજુએ મૂકીને જરૂર પડે ઘણા મહિનાઓ સુધી વખત કાઢીને ''બની શકે તો સીધું કરી આપવાનો પ્રયત્ન કરે''. એનાલ્સના તંત્રીએ બ્રાઉન યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રી હર્બર્ટ ફેડરરને (Herbert Federer) નૅશનો લેખ મોકલી આપ્યો. નૅશ અને ફેડરર વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ અને ઘણી વખત આ લેખ સુધારાવધારા સાથે લખાયો. આખરે એક વર્ષ પછી સુધારાવધારા કરીને નૅશે લેખ તંત્રીને મોકલી આપ્યો અને સ્વીકારાયો.

નૅશ ૧૯૫૦માં બૉસ્ટનમાં હૉસ્પિટલમાં હતા, ત્યારે તેમની કાળજી નર્સ ઈલીનૉર સ્ટીએરે (Eleanor Stier) રાખેલી. આ પછી પણ એક બીજાના ગાઢ સંપર્કમાં બંને જણ રહેતાં અને તેમના પુત્ર જહૉન સ્ટીઅરનો (John Stier) જન્મ જૂન ૧૯, ૧૯૫૩ના રોજ થયેલો. નૅશે તેમના પુત્ર જૉહ્ન સ્ટીઅરના જન્મના દાખલામાં તેમનું નામ લખવાની તૈયારી ન બતાવી અને સાથે સાથે તેની પ્રસૂતિનું ખર્ચ આપવાની પણ તૈયારી ન બતાવી.

૧૯૫૪માં સેન્ટા મોનિકા (Santa Monica) કેલિફૉર્નિયાની પોલીસે નૅશની ધરપકડ કરેલી. કાયદાના પાલન માટે પોલીસો છેતરવાની કૃતિ કરતા હોય છે. ખુલ્લામાં અશ્લીલ આચરણ માટે ધરપકડ થયેલી. આના કારણે Rand Corporationમાંથી કાઢી મૂકેલા અને એમનું ઊંચામાં ઊંચું સંરક્ષણ ખાતા માટેનું Clearance પણ પડાવી લીધું.

સપ્ટેમ્બર ૧૯૫૪માં Rand Corporationમાંથી કેમ્બ્રીજ પાછા આવ્યા પછી ભણાવવાની તૈયારી કરતાં થાકતા ત્યારે નૅશ બપોરના એમઆઈટીની મ્યુઝિક લાઇબ્રેરીમાં (Music Library) જાણીતા સંગીતકારો બાક (Bach) અને મોઝાર્ટ (Mozart)નાં સંગીતો સાંભળતા. આ લાઇબ્રેરીમાં મદદનીશની જોડે કોઈ કોઈ વખતે વાતો કરતા. એક વખતે તેમની વિદ્યાર્થિની એલિસિયા (Alicia)ને જોઈને તેમને આશ્ચર્ય થયું. નૅશને મ્યુઝિકલની લાઇબ્રેરીમાં વારંવાર જવાનું થતું અને એલિસિયા નૅશના જોડે વારંવાર લંબાણપૂર્વક વાતો કરતી.

૧૯૫૬ની ઉનાળાની રજાઓમાં આખા મહિનાનું સમર ઇન્સ્ટિટ્યૂટ (Summer Institiute) યુનિવર્સિટી ઑફ વૉશિંગ્ટન, સીઆટ્ટલ (Seattle)માં હતું અને નૅશ ત્યાં ગયેલા. નૅશ તેમનાં માતા-પિતાને પત્ર દ્વારા કે પોસ્ટકાર્ડ દ્વારા જ બધા સમાચાર આપતા. નૅશના પિતાજીનો એક દિવસ ફોન આવ્યો અને નેશને તેમનાં બાની અને બહેનની ચિંતા થઈ પણ ફોન ઉપર તેમના પિતાજીનો ગુસ્સા ભરેલો અવાજ હતો. ઇલીનૉર સ્ટીઅરે નૅશના માતાપિતાને તેમના પૌત્રના સમાચાર આપેલા જેનો આંચકો નૅશનાં માતા-પિતાને પ્રચંડ લાગેલો. નૅશના પિતાએ નૅશને કહ્યું, ''ઘેર આવતો નહિ. સીધો બૉસ્ટન જા અને છોકરી જોડે લગ્ન કર.'' નૅશ છક થઈ ગયા અને દલીલ કરી ન શક્યા. નૅશ બૉસ્ટન ગયા. ઇલીનૉરના વકીલે નૅશને યુનિવર્સિટીને જણાવવાની ધમકી આપી એટલે તેમના પુત્રને નિયમિત ભરણપોષણ માટે આર્થિક ટેકો કરવા તૈયાર થયા.

**૧૯૫૬-૫૭**

નૅશે એમઆઈટીમાંથી ૧૯૫૬-૫૭ માટે સબૅટિકલ (Sabbatical) રજા (લીવ) લીધી અને આ સમય સંશોધન માટે ઇન્સ્ટિટ્યૂટ ફૉર ઍડવાન્સ સ્ટડીમાં

(Institute for Advanced Study, IAS) કાઢવાનો નિર્ણય લીધો. આઈએએસ (IAS) ન્યૂયૉર્કથી ખાસ દૂર ન હોઈને ન્યૂયૉર્કમાં એપાર્ટમેન્ટ ભાડે રાખ્યું. આ એપાર્ટમેન્ટની નજીકમાં જ કુરાન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેથેમેટિકલ સાયન્સીસ (Courant Institute of Mathematical Sciences) હતું જેને ફૉર્ચ્યૂન (Fortune) માસિકે 'ધી નેશનલ કેપિટલ ઑફ ઍપ્લાઈડ મેથેમેટિકલ ઍનાલીસિસ (The National Copital of applied Mathematical Analysis)' તરીકે ઓળખાવેલું. રિચાર્ડ કૂરાન્ટ (Richard Courant), ગૉસિન્ગનમાં (Gottingen) ૧૯૩૦ની આસપાસ ગણિતના અધ્યાપક હતા. જર્મનીમાં હિટલર યહૂદીઓના વિરુદ્ધ હોઈને, યહૂદીઓ જર્મની છોડીને જતા રહ્યા અને જે રહ્યા તે ગયા. કૂરાન્ટ યહૂદી હોઈને ૧૯૩૭માં ન્યૂયૉર્ક આવ્યા. તે સમયે ન્યૂયૉર્ક યુનિવર્સિટીનો ગણિત વિભાગ જરાયે જાણીતો ન હતો, પણ તે વિભાગે કૂરાન્ટને ગણિતના અધ્યાપક તરીકે લીધા. ન્યૂયૉર્કમાં ઘણા તવંગર અને બુદ્ધિશાળી યહૂદીઓ વસે છે. કૂરાન્ટની પ્રતિષ્ઠા ખૂબ જ ઊંચી હોઈને ગણિત વિભાગ માટે ઘણો મોટો ફંડફાળો એકઠો કરી શક્યા. ન્યૂયૉર્ક યુનિવર્સિટીનો ગણિત વિભાગ હાલમાં (Courant Institute of Mathemetical Sciences) કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેથેમેટિકલ સાયન્સીસ તરીકે ઓળખાય છે. પ્રિન્સટન અને કેમ્બ્રીજના ગણિત વિભાગો જોડે હરીફાઈ કરે તેવું આ કેન્દ્ર છે. ન્યૂયૉર્કના ગણિતમાં હોશિયાર વિદ્યાર્થીઓને આકર્ષે છે.

નૅશ કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટની એકદમ નજીક રહેતા હાઈને આઈએએસના જેટલો જ સમય કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં કાઢવા માંડ્યા. સીઆઈએમએસનો સ્ટાફ નૅશને પ્રેમથી આવકારતો. અહીંના સ્ટાફમાં એમઆઈટીના જેવી હરીફાઈ કે વરણાગિયાપણું (Snobbery) ન હતું. પ્રવાહી જે સામાન્ય રીતે રગડા જેવું હોય (Viscocity) જેના ઉપર દબાણની અસર થઈ શકે (Compressible) તેમ હોય અને (ઉષ્ણતામાન) ગરમી વહી શકે તેમ હોય તેવા પ્રવાહીનાં ગતિનાં સમીકરણોના ઉકેલોનું અસ્તિત્વ અને અજોડપણા વિશે ખૂબ જ ઓછી માહિતી હતી. કૂરાન્ટના જમણા હાથ જેવા લુઈસ નિરેનબર્ગે (Louis Nirenberg) નૅશને જણાવ્યું કે ૧૯૩૦થી આ વણઉકલ્યો પ્રશ્ન છે. નિરેનબર્ગ નૅશે જે રીતે એમબેડિંગ પ્રમેયની (Embedding Theorem) સાબિતી આપેલી તેનાથી અંજાઈ ગયેલા તેમને એવું લાગ્યું કે નૅશ આ પ્રશ્નનો ઉકેલ લાવી શકશે.

નિરેનબર્ગે જેવો પ્રશ્ન સૂચવ્યો તેવા જ નૅશ તેનો ઉકેલ મેળવવાના કામે લાગી ગયા, પણ આ પહેલાં ઘણા બધા ગણિતશાસ્ત્રીઓને પૂછી આવ્યા કે આ પ્રશ્ન ખરેખર અગત્યનો છે ? નૅશ વારંવાર નિરેનબર્ગને મળવા આવતા. શરૂઆતમાં નૅશ ક્યાંય જતા હોય તેવું ન લાગ્યું, પણ ધીરેધીરે પ્રગતિ થતી હોય તેવું લાગ્યું. નિરેનબર્ગે આ વિષયના જાણીતા ગણિતશાસ્ત્રી લાર્સ હોર્મેન્ડર (Lars Hormander) પાસે મોકલ્યા. આ બધાની મદદથી તેમની પોતાની અનોખી રીતથી રગડા જેવા, દબાણની અસર થાય તેવા અને ગરમી વહી શકે તેવા પ્રવાહીના ગતિનાં સમીકરણોના પાયાના અસ્તિત્વતા (Existence), અજોડતા (Uniqueness) અને સતતાનાં (Continuty) પ્રમેયો મેળવ્યાં. નૅશની રીત મોખરેથી હુમલો કરીને અઘરા પ્રશ્નો ઉકેલવાની નથી. સૌથી પહેલાં અસુરેખ સમીકરણોને સુરેખ સમીકરણોમાં ફેરવ્યાં અને પછી સુરેખ સમીકરણોના ઉકેલો અસુરેખ રીતોથી મેળવ્યા.

નૅશનાં આ પરિણામોએ તુરત જ બધાનું ધ્યાન દોર્યું. નિરેનબર્ગને લાગ્યું કે નૅશ અલૌકિક બુદ્ધિવાળા છે. લાર્સ હૉર્મેન્ડરના ગુરુ અને પક્ષપાતી વિકલન સમીકરણોના (Partial Differantial Equations) ખાંએ કહ્યું, "આ મેળવવા માટે અલૌકિક બુદ્ધિ હોવી જોઈએ." આ કામ જોઈને કૂરાન્ટે નૅશને ઉદાર પગાર સાથે નોકરી આપવાની તૈયારી બતાવી, પણ નૅશે ન્યૂયૉર્ક કરતાં માસાચુસેટ્સમાં ટેક્સ ઓછો હોય છે તે કારણે ના પાડી. નૅશનાં પરિણામો મેળવવાના થોડાક જ સમય પહેલાં ઇટાલિના યુવાન ગણિતશાસ્ત્રી ઇન્નિયો ડી ત્રિઓર્ગિએ (Ennio De Giorgi) આ પરિણામો મેળવેલાં. આ જાણીને નૅશ ખૂબ જ નિરાશ થયેલા. જો કે બંનેની રીતો જુદી છે.

સપ્ટેમ્બર ૧૯૫૬માં નૅશના પિતા જ્હૉન નૅશ સિ.નું હૃદયરોગથી નિધન થયું. નૅશની પાસે ટેલિફોન ન હોઈને, તેમનાં માતાને જ્હૉન જુ. ને સમાચાર આપતાં વાર થઈ, પણ નૅશ તેમના પિતાની અન્ત્યવિધિમાં આવી શકેલા. ઇલીનૉરના કારણે તેમના પિતાનું નિધન વહેલું થયું હોય તેવું નૅશને લાગ્યું હશે ? જરૂરથી તેમનાં બા વર્જિનિયાને તો લાગેલું જ.

અમેરિકામાં પરમેશ્વરનો આભાર માનવાનો દિવસ છે. આ દિવસ નવેમ્બર માસનો ચોથો ગુરુવાર. આને થેક્સગિવિંગ ડે (Thanksgiving Day) કહેવામાં આવે છે. મોટા ભાગના કુટુંબો આ દિવસો દરમિયાન એકબીજાને મળતાં હોય છે. આ દિવસો દરમિયાન ઍલિસિયા નૅશના કુટુંબને મળવા Roanoke ગયાં. વિર્જીનિઆને ઍલિસિયા આકર્ષક અને ગૌરવવાળાં લાગ્યાં. વિર્જીનિઆ ઍલિસિયાની નૅશ માટેની એકનિષ્ઠાથી પ્રભાવિત થયાં. ઍલિસિયાને ઘર કામમાં કોઈ રસ ન હતો.

ફેબ્રુઆરી ૧૯૫૭માં નૅશ અને ઍલિસિયાનાં લગ્ન કેથોલિક વિધિ પ્રમાણે વૉશિંગ્ટનમાં ચર્ચમાં બંને જણાના એકબીજાના નજીકનાં સગાસંબંધીઓની હાજરીમાં થયેલાં. કોઈ ગણિતશાસ્ત્રી કે મિત્રો હાજર ન હતા. એપ્રિલ, ૧૯૫૭માં તેમના લગ્ન નિમિત્તે ન્યૂયૉર્કમાં તેમના ઍપાર્ટમેન્ટમાં પાર્ટી રાખેલી જેમાં કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટ અને આઈએએસના મિત્રો અને સગાસંબંધીઓ આવેલા.

જુલાઈ ૧૯૫૭ પછી કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટના બદલે આઈએએસમાં વધારે સમય કાઢવા માંડ્યો. ત્યાં ભૌતિકશાસ્ત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓ સાથે આઇન્સ્ટાઈની હેયૂસેનબર્ગના (Heisenberg) અચોક્કસતાના નિયમની ટીકાઓની ચર્ચા કરેલી. આઈએએસના ડીરેક્ટર અને જાણીતા ભૌતિકશાસ્ત્રી ઓપનહાયમર (Oppenheimer) સાથે પણ ગંભીર ચર્ચા કરેલી અને તેમની પોતાની રીતભાતની માફી માગતો પત્ર જુલાઈ ૧૦, ૧૯૫૭માં લખેલો.

સપ્ટેમ્બર ૧૯૫૭માં એમઆઈટીમાં પાછા આવીને કૂરાન્ટ ઇન્સ્ટિટ્યૂટમાં જે કામ કરેલું તે લખવાનું શરૂ કર્યું, પણ કોઈ કોઈ જગ્યાએ સાબિતીઓ ખૂટતી હતી. આ સાબિતીઓ માટે ઘણા બધાની ઑફિસોના દરવાજા ખખડાવ્યા અને ઘણા બધાની મદદથી આ પેપર તૈયાર થયું અને ૧૯૫૮ના અમેરિકન જર્નલ ઑફ મેથેમેટિક્સમાં (American Journal of Mathematies ૮૦, No. ૪ (૧૯૫૮) : ૯૩૧-૫૪) છપાયું. યુનિવર્સિટી ઑફ ઉપ્સાલાના (Uppsala) પ્રોફેસર લિન્નાર્ટ કાર્લસનના (Lennart Carlson) કહેવા પ્રમાણે, ''આ કામ એટમ બૉમ્બ બનાવવા જેવું હતું.''

આટલી મોટી સફળતા મળ્યા પછી નૅશે રીમાન્ન હાઈપોથિસિસ (Riemann Hypothesis) જે આડકતરી રીતે આપેલી પૂર્ણાંક સંખ્યા સુધીમાં કેટલા અવિભાજ્ય પૂર્ણાંકો છે તે બાબતની છે તેના ઉપર કામ શરૂ કર્યું જેમ કે,

૧થી ૧૦ સુધીના અવિભાજ્ય પૂર્ણાંકો : ૨, ૩, ૫, ૭

૧થી ૨૦ સુધીના અવિભાજ્ય પૂર્ણાંકો : ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭, ૧૯

૧થી ૩૦ સુધીના અવિભાજ્ય પૂર્ણાંકો : ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩, ૧૭, ૧૯, ૨૩, ૨૯ $\pi(x)$

ધારો કે સૂત્ર $\pi(x)$ મળ્યું, તો

સૂત્રમાં $p(10) = 4$, $\pi(20) = 8$, $\pi$(૩૦) = ૧૦ મળવા જોઈએ.

ઑગસ્ટ મહિનામાં (World Congress of Mathematies) વર્લ્ડ કૉંગ્રેસ ઑફ મેથેમેટિક્સ ઍડનબર્ગમાં (Edinburgh Scotland U.K.) મળવાની હોઈને નૅશ જુલાઈ ૧૯૫૮માં કેમ્બ્રિજથી યુરોપ જવા નીકળ્યા. ન્યૂયૉર્કથી બોટમાં બંને જણ પૅરિસ ગયા ત્યાં તેમણે વપરાયેલી ઑલિવ-ગ્રીન રંગની મર્સિડીઝ ૧૮૦ (Mercedes ૧૮૦) ડીઝલ ખરીદી. બંને જણ આ ગાડીમાં સ્પેઈન, ઇટાલી અને બેલ્જિયમમાં ફર્યાં. ત્યાંથી સ્વીડન થઈને ઇંગ્લાંડ આવતા પહેલાં લન્ડ (Lund) અને સ્ટૉકહૉમમાં ફર્યાં. લંડનમાં ફેલિક્સ (Felix) અને ઈવા (Eva) બ્રૉવડર (Browder) જોડે રહીને ચારે જણ ગાડીમાં ઍડનબર્ગ આવ્યાં. મિલ્નરે (Milnar) જ્યારે અડધો કલાક આમંત્રિત ભાષણ આપ્યું, ત્યારે નૅશે તેમના સ્વભાવ પ્રમાણે મોઢું ચઢાવેલું. જાણીતા ઓલ્ગા લેડીશેન્સ્કાવા (Olga Ladyshenskaya) જોડે મોટેથી દલીલો કરી.

બંને પણ ફૉલ ૧૯૫૮માં કૅમ્બ્રિજ પાછા આવ્યાં અને નૅશે ભણાવવાનું શરૂ કર્યું. એલિસિયાએ અડધા આનંદ અને અડધા ધ્રાસ્કા સાથે તે ગર્ભવતી છે તે શોધી કાઢ્યું. એલિસિયાને નોકરી અને પગાર બંને ગમતાં હતાં, એટલે એમની જ પસંદગી હોત તો થોડાંક વર્ષો રાહ જોઈ હોત, પણ નૅશને બાળક તુરત જ જોઈતું હતું. નૅશની નજરે લગ્નનો આશય જ બાળકો પેદા કરવાનો !! નૅશને આ બાબતનો આનંદ હતો.

નૅશ તેમના પોતના ભવિષ્યમાં તલ્લીન થયેલા હતા. માર્ટિને તેમને જાન્યુઆરીથી માર્ચ સુધીમાં નિર્ણયનું જણાવેલું. નૅશને ખાતરી થયેલી કે તેઓ એમઆઈટીમાં

રહી શકે તેમ નથી. નૅશે પ્રો. ટકરને લખેલું કે તેઓ ગણિત વિભાગમાં વીનરની જેમ એકલા પડી જશે. તે નાનો ગણિતનો વિભાગ પસંદ કરશે જેમાં બધા લગભગ સરખા હોય. નૅશની બહેન માર્થાની યાદગીરી પ્રમાણે : નૅશને એમઆઈટીમાં રહેવાનો કોઈ આશય ન હતો, પ્રેસ્ટીજ માટે હાર્વર્ડમાં જવું હતું.

**તકલીફો**

યુનિવર્સિટી ઑફ શિકાગોએ ઘણા વખતથી કોઈ પ્રખ્યાત ગણિતશાસ્ત્રીને એન્ડ્રી વાઈલના (Andre Weil) ગયા પછી લીધેલા ન હતા. નવા ગણિતવિભાગના વડા એન્ડ્રિઅન આલ્બર્ટને (Adrian Albert) પૈસા મળતાં નવા યુવાન ગણિતશાસ્ત્રીને સ્ટાફમાં ઉમેરવાનો વિચાર થયો. હાર્વર્ડના જ્હૉન થોમ્પસન અને જ્હૉન નૅશ ઉપર નજર ગઈ. નૅશને નોકરીની ઑફર આપવામાં આવી. આના જવાબમાં આલ્બર્ટનો ઑફર માટે ખૂબ જ આભાર માન્યો અને સાથે સાથે જણાવ્યું કે તેઓ એન્ટાર્કિટકાના (Antarctica) રાજા બનવાના હોઈને આ ઑફર સ્વીકારી શકે તેમ નથી.

અમેરિકન મેથેમેટિકલ સોસાયટીની કૉલમ્બિઆ (Columbia) યુનિવર્સિટીના સભાગૃહની મીટિંગમાં નૅશને સાંભળવા માટે ૨૫૦ ગણિતશાસ્ત્રીઓ આવેલા. નૅશ રીમાન્ન હાઇપોથિસિસ ઉપર ખૂબ જ અગત્યનાં પરિણામો જણાવશે તેવી મોટી અપેક્ષા સાથે તેમની ઓળખાણ કરાવી. શરૂઆતમાં નૅશનું ભાષણ સારું લાગ્યું, અડધા પછી તો કોઈનેય ગણિત જોડે બંધ બેસતું ભાષણ ન લાગ્યું. ખરેખર ઘણા બધા નિરાશ થયા અને બધાને લાગ્યું કે નૅશને કંઈક થયું છે !!

કેમ્બ્રિજ પાછા જતાં યેલ યુનિવર્સિટીના સભાગૃહમાં ભાષણ આપવાનો પ્રોગ્રામ હતો. સભાગૃહ જ માંડ શોધી શક્યા અને કૉલંબિયા યુનિવર્સિટીના જેવું જ બન્યું !!

બૅંકમાંથી બધી બચત ઉપાડી લઈને યુરોપ ચાલ્યા જવાની ઍલિસિયાને ધમકી આપતા. નૅશનો ખ્યાલ કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્થાપવાનો હતો. ઍલિસિયાના ઊંઘી ગયા પછી મોડી રાત સુધી લખતા જ હોય. સવારના તેમના મેજ ઉપર ભાતભાતના રંગોની સહીઓથી લખેલા પત્રો પડ્યા હોય. આ પત્રો ફક્ત યુ.નો.ને જ ઉદ્દેશીને લખેલા ન હતા, પણ જુદા જુદા દેશોના એલચીઓ, પોપ અને એફબીઆઈને (Federal Bureau of Investigation, FBI) લખેલા હતા.

ગણિત વિભાગની ટપાલમાં વિચિત્ર ટપાલો દેખાવા લાગી. જૉહ્ન નૅશના નામે દેશપરદેશના એલચીઓને લખેલા પત્રો હતા. ગણિતવિભાગના વડા ગભરાઈ ગયા. નસીબજોગે આ પત્રો ઉપર યોગ્ય ટિકિટો ન હોઈને, લગભગ બધા જ પત્રો પાછા આવ્યા.

ભણાવવાનું ચાલુ હતું, છતાંયે અડધી રાતે Roanoke જાન્યુઆરીની પંદરમી આસપાસ જવા નીકળી પડ્યા. ઍલિસિઆ માટે આ બધું અઘરું હતું.

જાન્યુઆરી ૧૯૫૯માં ગણિત વિભાગે નૅશને ટેન્યુર (Tenuer) આપી. ટેન્યુરનો અર્થ કાયમી રાખ્યા. થોડાંક અઠવાડિયાં પછી ગણિત વિભાગના વડા માર્ટિનને નૅશના 'માનસિક રોગોનો (Nerarous Breakdown)' ખ્યાલ આવ્યો. નૅશને ભણાવવાની રાહત આપી. આના કારણે ઍલિસિયાએ આશા રાખેલી કે એકદમ સારું થશે. કોઈ કોઈ વખત કોઈ જાતની તકલીફ ન હોય તેવા લાગતા. એપ્રિલ, ૧૯૫૯માં નૅશ એમની મર્સીડીઝમાં ઍલિસિયા સાથે વૉશિંગ્ટન જવા નીકળ્યા. વૉશિંગ્ટનમાં દરેક એલચીની ટપાલપેટીમાં તેમનો લખેલો પત્ર મૂકવાનો હતો. આ પ્રસંગ ઍલિસિયાને ખાતરી કરાવી ગયો કે નૅશના રોગનો ઉપચાર કરાવવો જરૂરી છે.

પૉલ કોહેન (Paul Cohen) પણ એમઆઈટીમાં ઇન્સ્ટ્રક્ટર હતા અને પૉલ નૅશના મિત્ર પણ હતા. નૅશે આવીને પૉલ કોહેનનું બારણું ખખડાવ્યું. નૅશને જોઈને ખાસ આશ્ચર્ય ન થયું. નૅશે કોહેનને પૂછ્યું કે તેમને મારી સાથે ફરવા આવવું છે. કોહેન હા પાડી. બંને જણ લગભગ એક કલાક એમઆઈટીમાં કૅમ્પસની આજુબાજુ ફર્યા. નૅશ વાતો કરે જતા હતા અને કોહેન સાંભળ્યે જતા હતા. બંને જણ છૂટા પડ્યા. કોહેનને ખબર પડી કે બે કેમ્બ્રિજના પોલીસો નૅશને પકડીને મેકલીન હૉસ્પિટલમાં (McLean Hospital) લઈ ગયા.

[અપૂર્ણ વધુ આવતા અંકે]

**(ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ**
નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર,
મો. ૯૪૨૮૦૧૯૦૪૨)

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**અમૃતાથી ધરાધામ :** શ્રી રઘુવીર ચૌધરી અધ્યયનગ્રંથ, ૨ ભાગ / સંપાદન : દૃષ્ટિ પટેલ અને સુનીતા ચૌધરી. અમદાવાદ : રંગદ્વાર પ્રકાશન. ૨૦૧૪. ૧૬ + ૪૬૪; ૮ + ૪૮૮ પૃ. કિં રૂ. ૭૨૦. ૦૦ ISBN ૯૭૮-૯૩-૮૦૧૨૫-૫૮-૯

શ્રી રઘુવીર ચૌધરી ગુજરાતી ભાષાસાહિત્યના બહુમુખી નૈસર્ગિક પ્રતિભાસંપન્ન સર્જક તથા માનવીય ગૌરવ, શીલ અને સૌંદર્ય તથા સાહિત્યપદાર્થના પરમ ઉપાસક છે. તેમણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેમ કે, નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, એકાંકી, કવિતા, વિવેચન, રેખાચિત્રો, પ્રવાસ, ભાષાવિજ્ઞાન, ધર્મદર્શન, સંપાદન વગેરેમાં ૧૨૫થી અધિક સત્ત્વશીલ કૃતિઓ આપીને જે તે વિષય ક્ષેત્રમાં બળૂકું પ્રદાન કર્યું છે. આ ઉપરાંત એક સારા અનુવાદક પણ ખરા તેમણે પોતાની કેટલીક પ્રસિદ્ધ કૃતિઓ જેમ કે 'અમૃતા', 'આવરણ', 'ઉપરવાસ કથાત્રયી' વગેરે તથા ઉમાશંકર જોશીકૃત 'નિશીથ અને 'પ્રાચીના', પન્નાલાલ પટેલની કેટલીક રચનાઓ વગેરેના હિન્દી અનુવાદો આપીને ગુજરાતી સાહિત્યની ગુજરાતના સીમાડાઓ બહાર આગવી ઓળખ અપાવવામાં અહમ્ ભૂમિકા નિભાવી છે. સાથે સાથે હિન્દીમાંથી કેટલાક ગુજરાતી અનુવાદો પણ આપ્યા છે. એક શિષ્ટ અને સમર્થ સાહિત્યકાર તથા શીલવાન અને તેજસ્વી અધ્યાપક, લોકપ્રહરી ઉપરાંત અનેકવિધ સાહિત્યિક અને સામાજિક સંસ્થાઓને સમર્થ નેતૃત્વ પૂરું પાડીને જીવંત રાખવામાં તેમનું મૂઠી ઊંચેરું પ્રદાન રહ્યું છે. સવિશેષતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ માટે સમર્પિત બની રહીને તેના વિકાસમાં તેમનું સીમાચિહનરૂપ પ્રદાન રહ્યું છે.

પ્રસ્તુત દ્વય અધ્યયનગ્રંથોમાં ગૌરવશીલ સર્જક રઘુવીર ચૌધરીના પ્રાયઃ સમગ્ર કૃતિત્વ અને વ્યક્તિત્વને મૂલવતા ૨૪૧ લેખો ઉપરાંત સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા તેમને ફેલોશિપ અર્પણ સમારોહનાં ઉદ્‌બોધનોનાં સાર-સંક્ષેપ, જીવનક્રમ, લેખનસૂચિ અને સંદર્ભસૂચિનો સમાવેશ કરીને સંપાદકોએ 'રઘુવીર જ્ઞાનકોશ'નું રઘુવીરકાર્ય કરીને સાહિત્યજગતની અને સવિશેષતઃ રઘુવીર સાહિત્યના વિશુદ્ધ સંશોધકો, ભાવકો અને વળી પીએચ.ડી.ની ડિગ્રી ઇચ્છુક સંશોધકો માટે સોનાની ખાણ સમાન મબલખ ખજાનો સુલભ કરી આપીને અણમોલ સેવા કરી છે. અહીં સર્જકની પ્રથમ પ્રકાશિત કૃતિ-નવલકથા 'પૂર્વરાગ' (૧૯૬૪) થી શરૂ કરીને વર્ષ ૨૦૧૪ માં પ્રગટ થયેલ કાવ્યગ્રંથ 'ધરાધામ' સુધી અર્થાત અરધી સદી સુધી રઘુવીર ચૌધરીના સાહિત્ય-સર્જન સંદર્ભે જે કોઈ પ્રતિભાવો - ગ્રંથસમીક્ષાઓ, કૃતિ આસ્વાદો, વિવેચન વગેરે સ્વરૂપે પ્રગટ થયું તે પૈકી ઘણુંખરું મેળવીને તેને કાળજીપૂર્વક તારવી- સારવીને સંપાદન કરીને ગ્રંથસ્થ કરવામાં આવ્યું છે. છેલ્લી અરધી સદી દરમિયાન ગુજરાતીમાં પ્રકાશિત થયેલા અનેકવિધ સ્રોતો જેમ કે સામયિકો, સાપ્તાહિકો, - દૈનિકો, વિવેચન ગ્રંથો, દસકાનાં સરવૈયાં, સંદર્ભગ્રંથો, વાઙ્મસૂચિઓ વગેરે ફંફોસી જોવામાં કશું જ બાકી રાખ્યું નથી. આજે આ બધું સાહિત્ય કેટલાં ગ્રંથાલયોમાં કેટલા પ્રમાણમાં ઉપલબ્ધ હશે ? ઉત્તર નિરાશાજનક છે. આ દૃષ્ટિએ આ બધું સાહિત્ય એકઠું કરવા માટે સંપાદકોનાં અણથક ધ્યેયનિષ્ઠ સાહિત્ય શોધયાત્રા, કર્મઠતા અને ધીરજ અભિનંદનીય અને સાથે સાથે અનુકરણીય પણ બની રહે છે.

સંપાદકોની વિચક્ષણ સંપાદકીય કળાનું પ્રમાણ એ કે જે તે વિષય / સ્વરૂપ અંતર્ગતની કૃતિઓ પ્રકાશિત થયાના કાળક્રમમાં સંબંધિત લેખોની ગોઠવણી અને પસંદ કરવામાં આવેલ લેખોમાં સર્જકની સર્જનયાત્રાના પ્રત્યેક વળાંકને ધ્યાને લેવામાં આવ્યો છે, તેમજ સંપાદિત

લેખોમાં વિવેચક / આસ્વાદકના કોઈ કૃતિ સંબંધી મૂલ્યાંકન / અભિપ્રાયને મૂળભાવ અને શબ્દોમાં યથાતથ જાળવી રાખવાની કાળજી લીધી છે, જેથી ભાવકોને તટસ્થ મૂલ્યાંકન મળી રહે છે. આ સાથે લેખોની પસંદગીમાં સાહિત્યના જે તે સ્વરૂપમાં સર્જકની પ્રતિભાને પણ ધ્યાને લેવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક કિસ્સાઓમાં જે તે લેખકનો સંપૂર્ણ લેખ ન લેતાં તેના કેટલાક અંશો, તેમજ ગુજરાતી સાહિત્યના જે તે સ્વરૂપની કે અન્ય કોઈ હેતુ સર ચર્ચા કરતા લેખોમાં જ્યાં રઘુવીર ચૌધરીના સાહિત્ય વિષયક ટીકા-ટિપ્પણી કરતાં ધ્યાનપાત્ર વિધાનો કે તેના અંશો પણ શોધીને અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. ઉદા., તરીકે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ કૃત 'ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા'નાં ફક્ત ત્રણ વાક્યો : 'રઘુવીર તર્કની ચુસ્તતા જાળવીને સંવાદોમાં વાર્તા ગૂંથી શકે છે. 'મુશ્કેલ' એ દૃષ્ટિએ ખૂબ નોંધપાત્ર નવલિકા છે. વ્યક્ત - અવ્યક્તની સીમારેખા પર સંવાદોને ચલાવવાની સિદ્ધિ એમણે એમાં દાખવી છે.'' વગેરે ધ્યાનાર્હ બની રહે છે. આ ઉપરાંત સર્જકની મૌલિક કૃતિઓ પૈકી કેટલીક કૃતિઓ વિશે ખાસ કંઈ લખાયું ન હતું તેવી ખૂટતી કડીઓના ઉમેરણ માટે રઘુવીર સાહિત્યના ભાવકોને નિમંત્રણ પાઠવી જે તે કૃતિ સંબંધી આસ્વાદમૂલક લેખો મંગાવીને તેની પૂર્તિ કરી. વધુમાં સમગ્ર વ્યક્તિત્વ અને કૃતિત્વ સંબંધી પૂર્વ પ્રકાશિત પ્રતિભાવો ઉપરાંત કેટલાક નવા પ્રતિભાવો આમંત્રિત કરીને ગ્રંથસ્થ કરવામાં આવતાં તાજગી અનુભવાય છે. આ સુદીર્ઘ અવધિ દરમિયાન સર્જકની કૃતિઓ વિશે ઉમાશંકર જોશી, નિરંજન ભગત, દર્શક, સુરેશ જોશી, હરિવલ્લભ ભાયાણી, અનંતરાય રાવળ, ધીરુભાઈ ઠાકર, ચિમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ, મોહનલાલ પટેલ, શિરીષ પંચાલ, ચંદ્રકાન્ત શેઠ, જયંત કોઠારી, રમણ સોની વગેરે જે તે સાહિત્ય-સ્વરૂપના પ્રૌઢ-પ્રતિભા સંપન્ન વિદ્વાનોને આપેલ પ્રતિભાવો ઉપરાંત નવોદિત અભ્યાસુઓ / વિવેચકો ઉદા. તરીકે અજય રાવલ, ભરત નાયક, વર્ષા પ્રજાપતિ, સંકેત પારેખ, પ્રેમજી પટેલ વગેરેના પ્રતિભાવો ગ્રંથસ્થ કરીને પૂર્વ-સમકાલીનો, સમકાલીનો અને ઉત્તર-સમકાલીનોના પ્રતિભાવોનો સુભગ સમન્વય સાધવા પ્રયાસ કર્યો છે, પરિણામે આ ત્રણેય પેઢીઓએ રઘુવીર સાહિત્યને કઈ દૃષ્ટિએ જોયું છે - કઈ દૃષ્ટિએ મુલવણી કરી છે તે જાણી શકાય છે. આમ, કૃતિ વિવેચનો - આસ્વાદોને કાળક્રમમાં ગોઠવી આપવાની રઘુવીર ચૌધરીની સમગ્ર સર્જનયાત્રા દરમિયાન પ્રયુક્ત ભાષા-શૈલી, વિષય ચિંતન વગેરેની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ઉપલબ્ધિઓ તથા મર્યાદાઓનો અને તેની સાથે સાથે વિવેચકોનાં મંતવ્યોનો પણ સ્વતઃ આલેખ ઊપસી આવે છે. પરિણામે આ ગ્રંથ રઘુવીર સાહિત્યના દર્પણનો પર્યાય બની મ્હોરી રહ્યો છે.

રઘુવીર સાહિત્યના ભાવકોએ સર્જકની સાહિત્યિક ઉપલબ્ધિઓ અને મર્યાદાઓ રેખાંકિત કરવાની સાથે સાથે સર્જકે નિર્વાહ કરેલ સામાજિક દાયિત્વ અને તેની તેમની કૃતિઓમાં અભિવ્યક્તિ પણ ઉજાગર કરી આપી છે. ઉદા. તરીકે 'મનોરથ' નવલકથાની સમીક્ષા કરતાં તુલસીભાઈ પટેલે લેખકનું સામાજિક ઉત્તરદાયિત્વ સંબંધી મંતવ્ય : ''હું માનું છું કે લેખકે સમાજલક્ષી વિવાદોમાં પડવું જોઈએ. છાંટા ઊડવાની બીકે સંઘર્ષથી બચીને ચાલવાને બદલે જોખમ ઉઠાવવું જોઈએ. પક્ષકાર કહેવાઈએ એ તો મોટું જોખમ નથી, ખોટા પડીએ તોય શું ? સહન કરનારની વકીલાત ન કરી શકે એવા સત્યના પૂજારી થઈને સભામંડપમાં બેસી રહેવાથી શું ? મૂર્તિઓના પાટા છોડીને એમને મેદની વચ્ચે આવવાની ક્રિયામાં મને રસ છે.'' ઉદધૃત કરીને નોંધ્યું છે કે 'મનોરથ'માં લેખકે સહન કરનારની વકીલાત અસરકારક રીતે કરી છે. સર્જકને સમાજ સાથે નિસ્બત છે જ, કેમ કે સાહિત્યનું ઉપજીવ્ય છે સમાજ. ભલે કલાવાદી ગમે તે માનતા હોય. 'મનોરથ' વાંચીને સમાજની આંખો ખૂલશે ખરી ? બાકી, આ કથા લખીને સર્જક તરીકે શ્રી રઘુવીરે સમાજ તરફનું પોતાનું ઉત્તરદાયિત્વ સુપેરે નિભાવ્યું છે, એ વિશે કશી શંકા નથી.'' નાટક વિભાગમાં નાટ્યકલાવિદ્ શિક્ષક, એચ. કે. કૉલેજની નાટ્યપ્રવૃત્તિઓ, નાટકોની ભજવણીના પ્રયોગોની વિવેચના અને રસપ્રદ દાસ્તાન મળી રહે છે. આ સાથે 'સિકંદર સાની' સંદર્ભે બાબુભાઈ ભૂખણવાળા સાથેનો 'પત્રવ્યવહાર રઘુવીરની નાટ્યકળા અને નાટ્યપ્રવૃત્તિમાં રસ જાણવા માટે દસ્તાવેજી પુરવાર થાય છે.' 'સહરાની ભવ્યતા' અને 'તિલક ૧-૨'માં ૨૦૦થી અધિક સાહિત્યકારો અને કર્મશીલ સારસ્વતોનાં

શબ્દચિત્રોનાં આલેખનોમાં લેખકનાં નિરીક્ષણ શક્તિ, શુભને વખાણવાની ઉદાત્ત ભાવના, પોતીકાં ભાષાવિવેક તથા વ્યંગ અને પ્રતિભાનો સોળેકળાએ આવિષ્કાર થયેલો જોવા મળે છે. અધ્યયનગ્રંથ ૨ના અંતિમ ભાગ ૫ : 'શબ્દ અને કર્મ : પ્રતિભાવ'માં સર્જકના કુટુંબીજનો અને સર્જક સાથે અંતરંગ નાતો ધરાવનાર પસંદગીના સર્જકો ઉદા., તરીકે ભોળાભાઈ પટેલ, સુરેશ દલાલ, કુમારપાળ દેસાઈ, ધીરેન્દ્ર મહેતા, મોહનલાલ પટેલ, માધવ રામાનુજ, મનસુખ સલ્લા વગેરેનાં રઘુવીરભાઈ સાથેના ૧૯ સંસ્મરણાત્મક લેખો-પ્રતિભાવો ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. એક વાતની આ સૌએ મુક્તકંઠે પ્રશંસા કરતાં સ્વીકાર કર્યો છે કે રઘુવીરભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદ માટે પૂર્ણતઃ સમર્પિત છે. અહીં તેમના બહુઆયામી વ્યક્તિત્વની કેટલીક લાક્ષણિકતાઓ ઉદા. તરીકે અડગતા, માનવીય અભિગમ, જાહેર ક્ષેત્રમાં અણી શુદ્ધ વ્યવહાર જાળવવો, નાગરિકધર્મ અદા કરવામાં અગ્રેસર, પોતીકાં ભાષા અને વ્યંગ, વાણીવિવેક, વત્સલ અને ભક્તિ સંગીતપ્રેમી પિતા વગેરે પ્રસંગોચિત ઘટનાઓને વણી લઈને ઉજાગર કરી હોવાથી રોચક થઈ પડી છે. આ ઉપરાંત સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા શ્રી રઘુવીરભાઈને તા. ૨૩ જુલાઈ, ૨૦૧૩ના રોજ 'ફેલોશિપ' અર્પણ કરવાના પ્રસંગે આયોજિત સમારોહમાં અકાદેમીના પ્રેસિડેન્ટ કવિ શ્રી વિશ્વનાથપ્રસાદ તિવારી, કવિશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, શ્રી પ્રકાશ શાહ વગેરેએ કરેલાં ઉદ્‌બોધનોના સારાંશ પણ રઘુવીરભાઈના વ્યક્તિત્વ અને સર્જકત્વને પામવા માટે ઉપકારક નીવડે છે.

અધ્યયનગ્રંથ - ૨નાં અંતિમ ત્રણ પ્રકરણો જિજ્ઞાસુઓ અને ભાવિ સંશોધકો માટે અનેકવિધ રીતે બહુમૂલ્યવાન હોવા છતાં સંપાદકોએ જે કોઈ વિગતો હાથવગી થઈ તેનાથી સંતોષ અનુભવીને નોંધી છે. પરિણામે ખૂટતી વિગતો માટે સંશોધકે પુનઃ શોધયાત્રા આદરવાની રહે છે. ઉદા. તરીકે 'જીવનક્રમ'માં ઘણી બધી જરૂરી ઘટનાઓનો કાળક્રમ નોંધવામાં આવ્યો નથી, જેમ કે ૧૯૬૨થી ૧૯૯૮ દરમિયાન કઈ સંસ્થામાં ક્યારે જોડાયા અને છૂટા થયા, બ્રિટન ઉપરાંત અમેરિકા, ચીન, કેન્યા, થાઈલૅન્ડના પ્રવાસો કયા કયા વર્ષે કર્યા, કુમારચંદ્રકથી રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમીની ફેલોશિપની વચ્ચેના ગાળામાં કયા કયા ઍવૉર્ડ્સ ક્યારે મળ્યા તેની વિગતો નથી. 'રઘુવીર ચૌધરીનું લેખન'માં સ્વરૂપ / વિષય અનુસાર કાળક્રમાનુસાર કૃતિઓની યાદી આપવામાં આવી છે, પરંતુ આ કૃતિઓના પ્રકાશક સંબંધી કે આ બધી કૃતિઓની એકથી વધુ આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે કે કેમ તેની પણ માહિતી નથી. ઉદા. તરીકે 'ઉપરવાસ કથાયત્રી'ની સાહિત્ય અકાદેમીનો ઍવૉર્ડ મળ્યા બાદ સંવર્ધિત આવૃત્તિ પ્રગટ થઈ હોવાથી સંશોધકો માટે આ વિગતો અનિવાર્ય થઈ પડે છે. આ સાથે સર્જકની કેટલીક કૃતિઓ અન્ય ભાષાઓમાં અનુવાદિત થઈ છે તેની માહિતીનો પણ અહીં અભાવ જોવા મળે છે. 'સંદર્ભસૂચિ'માં જે તે કૃતિ સંબંધી સંદર્ભસ્રોતોની ગોઠવણીમાં શાસ્ત્રીયતા જળવાઈ નથી. સંદર્ભિત લેખ નિર્દેશિત સામયિકના કયા પૃષ્ઠ નંબરો ઉપર તેમજ નિર્દેશિત પુસ્તકના પ્રકાશકની માહિતી તથા તે કયા પૃષ્ઠ નંબરો ઉપર પ્રકાશિત થયેલ છે તેની તથા બંને ગ્રંથોમાં સમાવિષ્ટ લેખોના મૂળ પ્રકાશન સંબંધી સંદર્ભોની બધી જ વિગતો દર્શાવી નથી. આ સંપાદનની આ કેટલીક મર્યાદાઓ છે.

સમગ્રતયા અંદાજિત ૧૭૦થી અધિક સર્જકો - વિવેચકો - ભાવકોનાં રઘુવીર સાહિત્ય વિશે પ્રતિભાવો રજૂ કરતો પ્રસ્તુત અધ્યયનગ્રંથ રઘુવીર સાહિત્યના અભ્યાસુઓ માટે જ્ઞાનસમૃદ્ધ ખજાના સમાન પુરવાર થશે. સંપાદકોનાં દૃષ્ટિ અને પુરુષાર્થ શ્લાઘનીય છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**જીવતરની વાટે અક્ષરનો દીવો** : કુમારપાળ દેસાઈ. અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૧૪, ૧૬, ૩૪૫ પૃ., કિં. રૂ. ૫૦૦.૦૦
ISBN : ૯૭૮-૯૩-૫૧૬૨-૧૪૪-૭

જયભિખ્ખુ (બાલાભાઈ વીરચંદ દેસાઈ, ૧૯૦૮-૧૯૬૯) આપણા મોટા ગજાના માનવધર્મી, મૂલ્યનિષ્ઠ અને બહુશ્રુત સર્જક. આદર્શ અને વ્યવહાર વચ્ચે કોઈ છેટું નહીં, અર્થાત્ પોતાની કૃતિઓમાં જે મૂલ્યનિષ્ઠાની પ્રસ્થાપના કરી છે તેનું પોતાના જીવનમાં અણિશુદ્ધ આચરણ કર્યું છે, જન્મથી જૈનધર્માવલમ્બી, છતાં

સામ્પ્રદાયિક સંકુચિતતાથી સાવ અલિપ્ત અને માનવતાના ભેરુ, જેની પ્રતીતિ પ્રસ્તુત ગ્રંથના માધ્યમથી થાય છે. આ ગ્રંથમાં જયભિખ્ખુની સળંગ અને પ્રભાવક જીવનકથા સ-સરસ રીતે આલેખિત કરવામાં આવી છે અને તે પણ પોતાના પ્રબુદ્ધ સર્જક પુત્ર દ્વારા. પરિણામસ્વરૂપે પાશ્ચાત્ય વિવેચક Hermione Lee એ ચરિત્રકથા અને ચરિત્રકાર પાસે સેવેલી કેટલીક અપેક્ષાઓ, જેમ કે સત્યકથા, કશું જ રદ કરેલું કે છૂપાવેલું નહીં, ઉપયોગમાં લીધેલ સ્રોતોનો ઉલ્લેખ, ઇતિહાસનું સ્વરૂપ, ચરિત્રનાયકની આગવી ઓળખની શોધ, વાચક માટે મૂલ્યબોધ પ્રદાન કરનાર, ચરિત્રકાર વિષયનો જાણકાર તથા વસ્તુનિષ્ઠ હોવો જોઈએ વગેરેનું યથાર્થ નિર્વહણ થયેલું જોવા મળે છે. વળી, અહીં ચરિત્રનાયકના ચરિત્રચિત્રણની સાથે સાથે સવિશેષતઃ ૨૦મી સદીના પૂર્વાર્ધનું સમાજજીવન, ગ્રામપરિવેશ, દેશી રજવાડાં અને રાજકારણ, અર્થકારણ, શિક્ષણ અને સાહિત્ય, ધાર્મિક માન્યતાઓ, વહેમ અને અંધવિશ્વાસ વગેરેનું તથા ચરિત્રનાયકના સંપર્કમાં આવેલા કેટલાંક ચરિત્રો જેમ કે પઠાણ મિત્ર ખાન શાહઝરીન, સમાજસેવિકા, ચારુમતીબહેન યોદ્ધા, જાદુગર કે. લાલ, લોકકવિ દુલા-ભાયા-કાગ, ચિત્રકાર કનુભાઈ દેસાઈ, સમર્પિત સંદેશવાહક હનુમાન તુલસીદાસ વગેરેનું પ્રેરક એવં દસ્તાવેજી ચિત્રણ અને તેની કુશળ ગૂંથણી રસિક ઇતિહાસગ્રંથની ગરજ સારે તેવું હોવાથી ગ્રંથની મહત્તા અનેકગણી વધી જાય છે. અને તેથી જ ચરિત્રનાયક પિતા અને ચરિત્રલેખક પુત્રની મૂઠીઊંચેરી ગરિમા દીપી ઊઠે છે અને તેના પરિણામ ગુજરાતીને એક સત્વશીલ અને આસ્વાદ્ય જીવનચરિત્ર મળી રહે છે.

પ્રસ્તુત ચરિત્ર પ્રાયઃ કાળક્રમાનુસાર ૫૨ પ્રકરણોમાં લિપિબદ્ધ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પૂરક સામગ્રી માટે ૫ પરિશિષ્ટો તેમજ ૧૧૬ સુરુચિપૂર્ણ અને કેટલાક તો અલભ્ય ગણી શકાય તેવા દસ્તાવેજી ફોટોગ્રાફ્સથી અલંકૃત છે. લેખકે સાક્ષર જયભિખ્ખુના જીવનને ત્રણ તબક્કાઓમાં વિભાજિત કરીને મૂલવણી કરી છે. પ્રથમ ૨૦ પ્રકરણોમાં નમાયો બાળક ભીખો – ભીખાલાલની પ્રારંભિક ઘડતરકથા અને સંઘર્ષકથા પણ છે, જેમાં વરસોડામાં પ્રાથમિક શિક્ષણ, અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યા સંબંધી ફક્ત ઉલ્લેખ અને ગ્વાલિયર રાજ્યના શિવપુરી ગુરુકુળમાંથી જૈનધર્મનું શિક્ષણ મેળવીને 'તર્કભૂષણ'ની પદવી મેળવવી અને આ સાથે કોલકાતા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી (પ્રકરણ-૨૩) મેળવવા માટે સાધુમહારાજો સાથે કોલકાતા જઈ પરીક્ષા પાસ કરવા સંબંધી વિગતો આવરી લેવામાં આવી છે. અહીં ચરિત્રનાયકનો મોસાળ વીંછિયામાં ઈ. સ. ૧૯૦૮માં જન્મ અને ઉછેર, માત્ર ૪ વર્ષની વયે માતાનું અવસાન થતાં માતાવિહોણા બાળકને માથી અધિક સધિયારો આપનાર નિર્વ્યાજસ્નેહની મૂર્તિ અંબામાસી અને ત્યારબાદ વત્સલ મામી મણિબાની અણધારી વિદાયથી કારભારી પિતા પાસે વરસોડામાં નિવાસ, વરસોડામાં પ્રાથમિક શિક્ષણ દરમિયાન બાળસહજ સ્વાભાવિક ચેષ્ટાઓ, મસ્તી-તોફાન, સાહસો વગેરે રસવૈવિધ્યથી ભરપૂર અનેકવિધ પ્રસંગોની ગૂંથણી, જેમ કે બાળ ગોઠિયા ગિરજા સાથે બાજુના ગામ અંબોડમાં રામલીલા જોવા જવું, મીરખાં બહારવટિયાના નામે ગામના મગનની જાસાચિઠ્ઠી અને ગામમાં કાળજાં કંપાવનાર ભયનું વાતાવરણ પેદા થતાં ભીખાના ઘરની સામેના ઘરમાં રહેતાં બ્રાહ્મણ પાલીકાકી દ્વારા ખુલ્લી તલવાર લઈ રાણી લક્ષ્મીબાઈ સ્વરૂપ બહાર નીકળતાં સમગ્ર ગામમાં બહારવટિયાનો સામનો કરવા અભૂતપૂર્વ ચેતનાનો સંચાર થવો, વડીલની ઘડિયાળ લઈ સાબરમતીના ધરામાં સ્નાન કરવા જવું અને રીંછનો ભેટો થતાં તેની સાથે ભીખાની બાથંબાથા અને છેવટે ભીખા અને મિત્ર જગત દ્વારા રીંછના રામ રમાડી દેવા, પોતાના શિક્ષક તાતપરીસાહેબની રમૂજપ્રેરક ઘટના, શિવપુરીમાં શિક્ષણ દરમિયાન પ્રવાસમાં ડાકુઓનો ભેટો, જૈનધર્મ – દર્શનને આત્મસાત કરનાર શિવપુરીનો ભીખાલાલ ગુરુકૂળના ચોકીદાર અને પોતાનો મિત્ર પઠાણ ખાન શાહઝરીન કે જે પોતાના સાળાનું ખૂન કરવા ઉદ્યત હતો તેને તેમ ન કરવા સમજાવવામાં કેવી રીતે સફળ થયા તે વગેરેના ચિત્રણથી ચરિત્ર જીવંત અને રસિક બન્યું છે. અહીં ભારે ડરપોક પ્રકૃતિનો બાળ ભીખો કયા સંજોગોથી નીડર, સાહસિકવૃત્તિવાળો અને પરહિત કાજે જાનને જોખમમાં મૂકનારમાં પરિવર્તિત થયો તેની ઘડતરકથા રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત નિશાળિયા ભીખાલાલમાં રહેલ સુષુપ્ત સર્જકતા કોળવામાં નિમિત્ત બનનાર

'સરસ્વતીચંદ્ર'થી પ્રભાવિત બાળવિધવા નીમુબહેનની હૃદય વલોવી નાખતી ઘટનાનું કારુણ્યસભર ચિત્રણ ધ્યાનાર્હ બની રહે છે. આ હૃદયસ્પર્શી ઘટના જ સર્જક 'જયભિખ્ખુ'ને અસહાય નારીજીવનની વેદનાનું – રિબાતી સ્ત્રીઓનું આલેખન કરવા બાધ્ય કર્યા. આ સાથે વીસમી સદીની પ્રથમ પચીસીના સામાજિક પરિવેશ ઈત્યાદિનું કલ્પનામઢ્યું રસપૂર્ણ ચિત્રણ કરવામાં આવ્યું છે. અહીં ચરિત્રકારના ગદ્યની પ્રવાહિતા, ભાષા-શૈલી, કલ્પનાવૈભવ અને ચિંતનશક્તિની પ્રભાવકતાનાં વાચકને સહજમાં દર્શન થાય છે.

પ્રકરણ ૨૧થી ૩૧માં ભીખાલાલમાંથી 'ભિક્ષુ સાયલાકર' – બાલાભાઈ દેસાઈ અને પ્રશિષ્ટ કૃતિઓના સર્જક 'જયભિખ્ખુ'ના આર્વિભાવની કથા સંશોધકીય અભિગમથી રજૂ કરવામાં આવી છે. અર્થાત્ આ બીજા તબક્કામાં મૂલ્યનિષ્ઠ સર્જક તરીકે મુલવણી કરવામાં આવી છે. અહીં ચરિત્રનાયક દ્વારા શિવપુરીમાંથી ધાર્મિક શિક્ષણ મેળવ્યા બાદ નર્મદ અને ગોવર્ધનરામના આદર્શને નજરસમક્ષ રાખીને ગૃહસ્થાશ્રમના પ્રારંભમાં જ કલમના આશરે જીવવું અને પણ 'સરસ્વતીચંદ્ર' ના આદર્શને જ કેન્દ્રમાં રાખીને સાહિત્યસર્જન કરવું, નોકરી કરવી નહીં તેમજ પૈતૃકસંપત્તિમાં ભાગ લેવો નહીંનો દઢ સંકલ્પ કરી તેનું ખમીરી અને ખુદ્દારી સાથે પાલન કરવાની ગાથા અનેકવિધ પ્રસંગોનાં હૃદયસ્પર્શી ઉદાહરણો વર્ણવીને કરવામાં આવી છે. લેખકે 'જયભિખ્ખુ' દ્વારા શિવપુરીમાં શિક્ષણ દરમિયાન વિજયધર્મસૂરિશ્વરજી મહારાજના ચરિત્રની નાનકડી પુસ્તિકાના લેખન (૧૯૨૭)થી શરૂ કરી 'ભરત બાહુબલિ' (૧૯૫૮) સુધીની પસંદગીની કૃતિઓના અવલોકનના આધારે સર્જકની કેટલીક વિશેષતાઓ તારવી આપી છે, જેમ કે મોતીના દાણા જેવા અક્ષરોમાં લખાયેલ પ્રથમ લખાણ આખરી લખાણ બની રહેવું, ગુજરાતી, હિંદી અને સંસ્કૃત સાહિત્યના ગ્રંથોનું આકંઠ પાન કરવાથી આલેખનશૈલીમાં મૌલિક ભાત ઉપસવી, પુરોગામી અને સમકાલીન સર્જકો દ્વારા સર્જાતા જૈનસાહિત્યથી ભિન્નરાહના જૈનસાહિત્યની રચના કરવી (ઉદા. તરીકે અલૌકિકતામાંથી બહાર નીકળી લોહીમાંસમાંથી ધબકતા માનવોની વચ્ચે પ્રેરણા આપતા તીર્થંકરો દર્શાવવા તેમજ સામ્પ્રદાયિકતાથી પર રહી માનવતાનું ધ્યેય રાખીને ચરિત્રલેખન કરવું, શ્વેતામ્બર સમ્પ્રદાય ઉપરાંત દિગંબર અને અન્ય સમ્પ્રદાયોના ગ્રંથો અને પરંપરાઓનું અધ્યયન કરીને સર્વજનસ્પર્શી ચરિત્રો આપવા, માત્ર જૈનો જ નહીં પણ જૈનેતરો પણ રસક્ષતિ વિના વાંચી શકે તેવાં ચરિત્રોનું પ્રવાહીશૈલીમાં સર્જન, જૈનકથાનકોને શુષ્ક, નિરસ અને વૈરાગ્યલક્ષિતાથી ભિન્ન દૃષ્ટિએ તથા પૂર્વગ્રહરહિત રીતે રજૂ કરવાં વગેરે), સાધુપુરુષોનાં ચરિત્રોમાંથી નવલકથા લેખન તરફ પ્રયાણ, રૂઢિગ્રસ્ત જૈન સમાજ પ્રતિ આક્રોશ, ઐતિહાસિક નવલકથાના લેખન પૂર્વે સંબંધિત ઇતિહાસગ્રંથોનું સઘન અધ્યયન કરવાનું વલણ હોવાથી ઇતિહાસે જેને દેશદ્રોહી ઠેરવ્યા હોય તેમનાં ચરિત્રો શોધી શોધીને પ્રકાશમાં લાવવાં, કર્નલ જેમ્સ ટૉડના ઇતિહાસ સંદર્ભે સંશોધન, ઐતિહાસિક નવલકથાના નિરૂપણમાં ઇતિહાસ દ્વારા પ્રજામાનસમાં વ્યક્તિની જે છબી ઉપસાવાઈ છે તે ખંડિત કરવાનો સર્જકને અધિકાર નથી તેવું સ્પષ્ટ મંતવ્ય ધરાવવું અને આ દ્રઢ માન્યતાના કારણે જ કનૈયાલાલ મુનશીએ એમની નવલત્રયીમાં ઉદયન મંત્રી અને હેમચંદ્રાચાર્યના કરેલા આલેખન પ્રત્યે વિરોધ દર્શાવતી પુસ્તિકા પ્રગટ કરવી, નાટકો જોવાનો શોખ, પાશ્ચાત્ય પ્રભાવ હેઠળ વાર્તાસર્જનની નવી ટેક્નિક ન અપનાવતાં પોતાની પ્રસ્તુતિ અને શૈલીમાં કોઈ પરિવર્તન ન આણવું, લેખકોની વાડાબંધીથી અલિપ્ત, જૈન વિષયવસ્તુ આધારિત કૃતિસર્જન હોવાથી વિવેચકોની ઉપેક્ષા સંદર્ભે સર્જકે સ્વયં 'સંસારસેતુ'માં નોંધ્યું કે : ''આજે પરિણામ આવ્યું છે કે વિવેચકો સારા કે નરસા પણ સંપ્રદાયને લગતા એવા પુસ્તકને જોઈને – એમાંય કમનસીબે ખાસ કરીને જૈન પુસ્તકો જોઈને, 'રાતું કપડું જોઈ ભેંસ ભડકે' એમ ભડકી ઊઠે છે. તેઓ સમ્પ્રદાયના નામે સારા પુસ્તકને પણ તુચ્છકારીને અવમાનનાની ટોપલીને હવાલે કરે છે.'' વળી, આ સંદર્ભે વિવેચકોની માનસિકતાનો પર્દાફાશ કરતું ચરિત્રલેખકનું ધારદાર અવલોકન : ''ગ્રામવાસી પટેલોના કુટુંબજીવન વિશે લેખન કરનારને કોઈ 'પટેલ સાહિત્યકાર' કે પૌરાણિક સાહિત્ય લખનારને કોઈ 'બ્રાહ્મણ સાહિત્યકાર' કહેતું નથી, તો આ જૈન કથાનકો પરથી રચના કરનારને ''જૈન સાહિત્યકાર' કઈ રીતે કહી શકાય ?'' ધ્યાનાર્હ બની રહે છે વગેરે. આ ઉપરાંત કલમના આધારે જ – પુસ્તક લેખન અને પત્રકારત્વ – જીવનનિર્વાહ થતો હોવાથી આર્થિક તંગી અનુભવવા

સંબંધી વિધાનો રોજનીશીના આધારે ઉદ્ધૃત કર્યાં છે. આ પરિસ્થિતિથી ચિંતિત થતાં પોતાની આંતરવ્યથા આલેખતાં ૨૩ ફેબ્રુઆરી, ૧૯૪૬ના રોજ સર્જક નોંધ છે કે : ''આ શંભુમેળામાં સાહિત્યસર્જનની કલ્પના, હે ઈશ્વર ! મનને થાક જગવે છે, પણ તનનેય દુર્બળ બનાવે છે. વાહ રે સમાજ ! આવતી કાલે કંટાળીને લેખનકાર્ય છોડી દઉં તો આટલા બધામાંથી કોઈને અફસોસ નહીં થાય. પૈસામાત્રના આ પૂજારીઓ છે... કેટલીક વાર તો એવી ઇચ્છા થાય છે કે ઈશ્વર આયુષ્યનો દોર આટલાથી કાપીને નવેસર નવી જિંદગી આપે, જેમાં ખૂબ સાહિત્યસાધના કરી શકાય.'' આમ, અહીં સર્જકની આર્થિક મૂંઝવણ વચ્ચે સાહિત્યસર્જનની પ્રબળ ઇચ્છા વચ્ચેનો સંઘર્ષ ઉપસી આવે છે.

અંતિમ તૃતીય તબક્કામાં માનવતાના ભેરુ, સમષ્ટિના સર્જક અને કવિ ઉમાશંકર જોશીના શબ્દો : 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી, માથે ઘરું ધૂળ વસુન્ધરાની'માં અભિવ્યક્ત ભાવના સંદર્ભે સર્જકની લેખનપ્રવૃત્તિઓની સાથે સાથે લોકહિતનાં કાર્યોને ઉજાગર કરવામાં આવ્યા છે. આ હેતુ પ્રકરણ ક્રમાંક ૩૨થી ૫૨ ફાળવવામાં આવ્યાં છે. અહીં એકાંતની ખોજ અર્થે શહેરથી દૂર નિર્જન વિસ્તારમાં ચંદ્રનગર સોસાયટીમાં વસવાટ અને સોસાયટીના રહીશોની સુરક્ષા કાજે હરહંમેશ ખડેપગે તૈયાર રહેતા જયભિખ્ખુ, રૂપબજારના સંચાલક માથા ભારે અમરતદાદાને પગે પાડતા કરી દેવા, કવિ દુલા ભાયા કાગના સ્નિગ્ધ સ્નેહનિર્ઝર નોતરે વશ થઈ કવિના વતન મજાદરમાં ગુજરાત - સૌરાષ્ટ્રના સાહિત્યકારોના મેળાવડાનું જયભિખ્ખુ દ્વારા અભૂતપૂર્વ આયોજન અને સંચાલન બાદ તેની પ્રશંસા કરતાં કવિ કાગ બાપુએ લખ્યું હતું કે : 'વાત વખાણું વાણિયા કે કલમ વખાણું ભાઈ ? / હૃદય વખાણું તાહરું, ભવ ભવ બાલાભાઈ'', જાદુગર કે. લાલ જાદુના ખેલમાંથી સંન્યસ્ત લેતાં પુનઃ તેમને જાદુના ખેલમાં જોતરી દેવા, ભાવનગરની શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા માટે કે. લાલને મદદ કરવા પ્રેરવા, જયભિખ્ખુની બીમારી પ્રસંગે કે. લાલ દ્વારા આર્થિક મદદની ઓફરનો સવિનય અસ્વીકાર, પ્રાણીપ્રેમ અને બિલાડી મગન વગર ન જમવું, સેવક તુલસીદાસ અચાનક ગાયબ થઈ જતાં ચોધાર આંસુએ રડી પડવું, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની બંધુબેલડી શંભુભાઈ અને ગોવિંદભાઈ શાહ સાથે દોસ્તી અને 'શારદા મુદ્રણાલય'માં જામતા ડાયરાઓ, 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઈમારત' લેખમાળા વગેરે પ્રસંગોના માધ્યમથી સર્જકનાં વિદ્યાપ્રીતિ, ધર્મપરાયણતા, મૈત્રીભાવના, પરગજુસ્વભાવ, ક્ષમાભાવના વગેરેને ઉજાગર કરીને સર્જકનું મૂઠીઊંચેરું અલગારી વ્યક્તિત્વ સિદ્ધ – કરી આપ્યું છે.

જીવનચરિત્રએ ઇતિહાસ તથા ચરિત્રનાયકની આગવી ઓળખ રજૂ કરતો શોધગ્રંથ હોવાની સભાનતા સાથે ચરિત્રલેખકે પ્રાપ્ત દસ્તાવેજી સાહિત્યને કાળજીથી તપાસ જઈને એક પ્રમાણભૂત ચરિત્ર આપ્યું છે. આ દસ્તાવેજી સાહિત્યમાં ચરિત્રનાયકે પોતાના વિશે અત-તત્ર પ્રગટ કરેલી નોંધો, રોજનીશી વગેરે, 'જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ' તથા અન્ય સ્રોતોમાં ગ્રંથસ્થ સંસ્મરણો, શોધપ્રબંધો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચરિત્રનાયકનાં પરિવારજનો તથા અંતરંગ ઘરોબો ધરાવતાં તેમનાં સ્નેહીજનો અને મિત્રોનો રૂબરૂમાં સંપર્ક કરી તેમના આંતરવ્યક્તિત્વને ઉજાગર કરતી માહિતી એકઠી કરવામાં લેખકે કોઈ કચાશ રાખી નથી, જેમાં લેખકનો સંશોધકીય અભિગમ પ્રત્યક્ષ થાય છે. આ સાથે જ લેખકનાં અવલોકનશક્તિ, વસ્તુસંકલના અને વર્ણનકળા – રંગપૂરણીકળા પણ પ્રભાવક રહ્યાં હોવાથી વાચકને રસિક અને મૂલ્યબોધથી હર્યાભર્યા ચરિત્રગ્રંથનું સાદ્યંત વાંચન કરવા બાધ્ય કરે છે. સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથ ગુજરાતી ચરિત્રસાહિત્યનું એક મૂલ્યવાન ઉમેરણ બની રહે છે. પરિશિષ્ટ-૪ અંતર્ગત 'જયભિખ્ખુ સાહિત્યસર્જન'ની શીર્ષકસૂચિ આવકાર્ય છે, પરંતુ આ બધી કૃતિઓ સંબંધી અનિવાર્યપણે આવશ્યક એવી વાઙ્મયસૂચિગત વિગતો – પ્રકાશન સ્થળ, પ્રકાશક, પ્રથમ પ્રકાશન વર્ષ, અંતિમ આવૃત્તિ વગેરે – દર્શાવવામાં આવી હોત તો તે આ વિષયક્ષેત્રના સંશોધકો અને જિજ્ઞાસુઓ માટે અનેકવિધ રીતે ઉપયોગી બની રહેત.

**મણિભાઈ પ્રજાપતિ**

મારું પુસ્તકોનું જ્ઞાન ઘણું જ થોડું છે. પણ જે થોડાં પુસ્તકો વાંચ્યાં છે તેને હું ઠીક પચાવી શક્યો છું. આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગ્રત કરવાની શક્તિ જે ધરાવે તે કવિ છે.

**ગાંધીજી**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા એફ. વાય. બી. કોમના વિદ્યાર્થીઓને અમુલ ડેરીની, આણંદની ઔદ્યોગિક મુલાકાતે તા. ૪થી ૬ ઑગસ્ટ, ૨૦૧૫ દરમિયાન ત્રણ બેચોમાં લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાતથી વિદ્યાર્થીઓએ ઉત્પાદન પ્રક્રિયા, ઉત્પાદન સ્થળની પરિસ્થિતિ વગેરે અંગે જાણકારી મેળવી હતી. એસ. વાય. બી.કોમના વિદ્યાર્થીઓને કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન, સેક્ટર-૨૮, ગાંધીનગરની મુલાકાતે ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં લઈ જવામાં આવ્યા હતા.

### કારગિલ વિજય દિવસ

● કારગિલ યુદ્ધની ૧૬મી વર્ષગાંઠની ઉજવણી એલ. ડી. આર. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરમાં NCC, NSS અને WDCના વિદ્યાર્થીઓ દ્વારા કૉ. ઓર્ડિનેટર શ્રી કૃતિ ઠાકોર અને શ્રી બેલા શ્રીમાળી તથા પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ઈ. સ. ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગિલ યુદ્ધ શરૂ થયું હતું, જેમાં ભારતના ૫૦૦થી વધારે સૈનિકો શહીદ થયા હતા. આ યુદ્ધમાં ભારતનો વિજય થતાં ૨૬ જુલાઈ, ૧૯૯૯ને કારગિલ વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૨૫ જુલાઈ, ૨૦૧૫ના દિવસે વિદ્યાર્થીઓ દ્વારા આ સંબંધી PPT અને પોસ્ટર બનાવામાં આવ્યાં હતાં. NCCના વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને સલામી આપી બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું.

### કાર્યશિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા તા. ૯ અને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના દિવસોમાં આઈ.સી.આઈ.સી.આઈ સિક્યુરિટીઝ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે બ્રહ્માણી કૃપા હૉલ (ફાર્મસી હૉલ)માં ‘‘તમારા રોકાણને ઓળખો’’ વિષય પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે આઈ.સી.આઈ.સી.આઈ.નાં ઝંખના શ્રીવાસ્તવે વિદ્યાર્થીઓ ‘વ્યવહારુ રીતે ફાઇનાન્સિયલ મૅનેજમેન્ટના મહત્ત્વના વિચારો ગ્રાહ્ય કરી શકે તેમજ પોતાનાં વ્યક્તિગત રોકાણોના નિર્ણયો સ્ટોક માર્કેટની ઊંડી સમજણ દ્વારા લઈ શકે તે માટે તેમજ વિદ્યાર્થીઓ સ્ટોક માર્કેટના ક્ષેત્રમાં કારકિર્દીનું ઘડતર કરી એક સફળ વ્યવસાયી બની શકે તે અંગે સમજૂતી આપી હતી. આ ઉપરાંત તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ ‘‘Developing Entrepreneurial Mindset’’ વિષય પર આયોજિત વર્કશોપમાં ભારતના જાણીતા ઉદ્યોગપતિ વર્મોરા ગ્રૂપના ચૅરમૅન શ્રી પ્રકાશભાઈ વર્મોરા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે Role of Entrepreneur and Leader વિષય પર ઉદ્યોગ સાહસિક બનવા કેવા પ્રકારના પ્રશ્નોનો સામનો કરવો પડે તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી, તેમજ એક સફળ નાગરિક બનવાની પણ શીખ આપી હતી. આ ઉપરાંત વર્મોરા પ્લાસટેક પ્રાઇવેટ લિમિટેડના ડાયરેક્ટરશ્રી રવિ વર્મોરાએ ‘‘How Can We Become Effective and Productive in Real World’’ વિષય ઉપર, વર્મોરા ગ્રૂપના પ્રમોટર શ્રી હસમુખ મેવાડાએ આગામી વર્ષોમાં વર્મોરા કંપનીને ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાં સ્થાન અપાવવા સંબંધી તથા જેકિન ઠક્કરે ‘‘Importance of Social Education in Professional Life of Entrepreneur’’ વિશે વાત કરી હતી.

## કાવ્યરચના શિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે કાવ્યરચના શિબિરનું આયોજન તા. ૨૧-૮-૧૫ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ડીન પ્રો. વીણાબહેન પટેલે શ્રી મોહનલાલ પટેલના જીવન અને સાહિત્ય વિશે માહિતી આપી સાહિત્યવર્તુળના ઉદ્દેશો જણાવ્યા હતા, જ્યારે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ ઉપસ્થિત મહેમાન કવયિત્રી સ્વાતિબહેન શુક્લનો પરિચય આપી કવિતાક્ષેત્રે તેમણે આપેલા પ્રદાન વિશેની માહિતી આપી હતી. સ્વાતિબહેન શુક્લએ કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વગેરે વિશે માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમજ સ્વરચિત કૃતિઓનું પઠન કર્યું હતું.

## ગુરુપૂર્ણિમા

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડી તથા અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ગુરુઓ વિશે પોતાનાં મંતવ્યો જણાવ્યાં હતાં, તેમજ અધ્યાપકો દ્વારા ભારતીય શિક્ષણ પરંપરામાં ગુરુના મહત્ત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું.

## પરિસંવાદ

● સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ I Star & V. P. & R. P. T. P. કૉલેજ દ્વારા સંચાલિત "National Symposium on Renewable Energy"માં શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાઇન્સિઝ ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના ૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે Green Chemistry, Bio Fuels, Renewable Energy અને Solar & Wind Energy વિષયો હેઠળ પોસ્ટર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યાં હતાં, જેમાં ૧. દેદાનીઆ હીરેનકુમાર જિતેન્દ્રભાઈ (બી.એસસી-III, પ્રથમ) અને ૨. પટેલ અંકીતા એ. અને પટેલ અર્પી. કે. (બી.એસસી-૫, તૃતીય) તથા ૩. પટેલ દીવ્યા એચ. અને કચ્છી દિવ્યેશ ડી. (એમ.એસસી.-૩)ને સમૂહમાં ઇનામ મળ્યાં હતા.

## પુસ્તક પ્રદર્શન

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગરની બી.એડ. અને એમ.એડ કૉલેજોના તાલીમાર્થીઓ માટે સેન્ટ્રલ લાઇબ્રેરીમાં દેશભક્તિ વિષય સંદર્ભે પુસ્તક પ્રદર્શનીનું આયોજન ગ્રંથપાલ શ્રી સુરજિતસિંહ વાઘેલા અને શ્રી સીમાબહેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું, જેનો લાભ સમગ્ર પરિવારે લીધો હતો. આ પ્રદર્શનીમાં પુસ્તકોની દષ્ટિપૂર્ણ ગોઠવણી અને તેના થકી તેમનાં ગ્રંથાલયિત્વનાં સુપેરે દર્શન થયાં અભિનંદન.

## પ્રશિક્ષણ

બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન,ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં કોર્પોરેટ કલ્ચર ઊભું કરી રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે હેતુથી ૩૦ દિવસની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત બીબીએની ડિગ્રી પ્રાપ્ત કરી ચૂકેલા પસંદગીના ૩૦ વિદ્યાર્થીઓ માટે પણ 'એમ્પ્લોયીબિલિટી ફૉર બીબીએ એલ્યુમની' કાર્યક્રમ અંતર્ગત અલાયદી ટ્રેનિંગનું ખાસ આયોજન કરવામાં આવ્યું. જેમાં એપ્ટીપ્યુડ સ્કીલ, કોમ્યુનિકેશન સ્કીલ, ઇન્ટરવ્યૂની તૈયારી વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા. આ ઉપરાંત ભૂતપૂર્વ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓ માટે TCS કંપની દ્વારા અગાઉ યોજાયેલ ટ્રેનિંગ બાદ તા. ૧૧-૯-૨૦૧૫ના રોજ અલગ અલગ લેખિત પરીક્ષા તેમજ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ICICI DIRECT દ્વારા SEM-Vના વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ માટે ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યાં હતાં જેમાં ૧૬ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. આ જ દિવસે પ્લેસમેન્ટ માટે રાજરત્ન વેંચર્સ, વલેન્સીયા ઇન્ડિયા, એક્ષિગ્રો, કન્સલ્ટેન્ટ & વેંચર, ઓટો-માર્ક મોટર્સ નામની કંપનીઓ કૉલેજ કેમ્પસમાં આવી હતી અને ૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી.

## મહિલા શક્તિ ઍવૉર્ડ

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આયોજિત

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાં પોતાના જીવનકાળ દરમિયાન વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ આપનાર મહિલાઓને મહિલા શક્તિ ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા, જેમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનાં અધ્યક્ષ પ્રો. વીણાબહેન પટેલને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ઍવૉર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યાં. અભિનંદન.

## મહિલા સશક્તિકરણ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા ૮-૮-૧૫ના રોજ કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે સ્ત્રીઓને લગતા કાયદાઓના પ્રચાર-પ્રસાર માટે 'લઘુ-નાટક' રજૂ કરવામાં આવ્યું જેના માધ્યમથી બેટી પઢાવો, પુરુષ આધિપત્ય સામે બહાદુરીથી વર્તવું, હેરાનગતિની સામે લડત કેવી રીતે આપી શકાય વગેરે રજૂ કરવામાં આવ્યા હતા.

અશ્વિનભાઈ એ. પટેલ, કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા W.D.C.ના ઉપક્રમે 'ટ્રાન્સફોર્મિંગ સેલ્ફ' વિશે શ્રીમતી મિત્તલ પટેલના વ્યાખ્યાનનું આયોજન તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૮૦૦ વિદ્યાર્થિનીઓ અને અધ્યાપિકાઓ ઉપસ્થિત રહી હતી.

## મહિલા સુરક્ષા દિવસ

● ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ મહિલા સશક્તિકરણ પખવાડિયા તા. ૧થી ૧૪ ઑગસ્ટ, ૨૦૧૫ના ભાગરૂપે એલ. ડી. આર. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા ૧ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી. મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી મનિષા પુવાર અને '૧૮૧ અભયમ્'નાં કન્વીનર દ્વારા મહિલા સુરક્ષા વિશે વિગતે સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયની વિવિધ કૉલેજોમાંથી ૪૫૦ જેટલી વિદ્યાર્થિનીઓ અને મહિલા અધ્યાપકોએ ભાગ લીધો હતો.

## મોક ટેસ્ટ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તા. ૧૬-૯-૨૦૧૫ના રોજ સરકારી તેમજ બિનસરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી થાય તેમજ ઉચ્ચ અભ્યાસ માટે શ્રેષ્ઠ કોર્સમાં દાખલ થઈ શકે તે હેતુથી જનરલ નોલેજ, ઇંગ્લિશ, તર્કશક્તિ, ગણિત, જેવા વિષયોને આવરી લેતી ૧૦૦ પ્રશ્નોની મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની ગંભીરતા ઊભી થાય તે હેતુથી કૉલેજ દ્વારા ''સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી'' રૂપે દરેક સેમેસ્ટરમાં આશરે ૧૫ કલાકના વિશિષ્ટ વર્ગો આયોજિત કરવામાં આવે છે.

## યુવાધન

● વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, એસ. એસ. કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ, ગાંધીનગરમાં પ્રશિક્ષણાર્થીઓને લીડરશિપ સ્કીલનો ખ્યાલ આપવાના હેતુથી તા. ૭ ઑગસ્ટના રોજ યુવા અનસ્ટોપેબલ ફોર્સ વિશે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે 'યુવાઅનસ્ટોપેબલ ફોર્સ' સંસ્થામાંથી ઉપસ્થિત શ્રી પવન જૈને યુવાનો દુનિયાને કઈ રીતે બદલી શકે છે તેની માહિતી આપીને ફિલ્મ દ્વારા મેનપાવર, સફાઈ અભિયાન, ટ્રાફિકના નિયમો, ગરીબ બાળકોને સહાય, પીવાનું પાણી, યોગ્ય આહાર વગેરે વિશે સમજ આપી હતી.

## યોગશિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર તેમજ પતંજલિ યોગ સાધના ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ''Importance of Yoga in Student's Life'' ઉપર તા. ૧૦-૮-૨૦૧૫ના રોજ આયોજિત વર્કશોપમાં ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાંથી યોગ સાધકોએ પણ આ વર્કશોપનો લાભ લીધો હતો. આ વર્કશોપના યોગ-ગુરુ તરીકે શ્રી સત્યપ્રકાશ સૂરી (વાઈસ પ્રેસિડેન્ટ, સાધના ટ્રસ્ટ) એ સેવાઓ આપી હતી. શ્રી સુરીએ યોગ અને આધ્યાત્મિકતાના સંગમ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરીને વિદ્યાર્થીઓને મૂંઝવતા અનેક પ્રશ્નો જેવા કે એસિડિટીની તકલીફ, માથું દુખવું, ડિપ્રેશન માઇગ્રેન અને સાયનસ જેવા રોગોથી પીડાવું, ગાલ ઉપરના ખીલ ન મટવા, આહાર લેવામાં અનિયમિતતા,

અયોગ્ય આહાર લેવો, ખોટી રીતે વેઇટિંગ કરવું વગેરે પ્રશ્નોની ઝીણવટભરી ચર્ચા કરી હતી. વધુમાં વિદ્યાર્થીઓએ કોર્પોરેટ લીડર બનવા પોતાનામાં કેવા પ્રકારના ગુણ ઊભા કરવા જોઈએ, જેવા કે એકાગ્રતા કેળવવી, દૂરંદેશિપણું તથા સકારાત્મક અભિગમ કેળવવો, દઢ નિર્ણયશક્તિ વગેરે યોગ દ્વારા કેવી રીતે કેળવી શકાય તેનું માર્ગદર્શન આપ્યું હતું અને સ્ટ્રેસિંગ એક્સરસાઈઝ તેમજ પ્રાણાયામ જેવા કે ભસ્ત્રિકા, અનુલોમવિલોમ, કપાલભારતી, વગેરે ઉપરાંત કમરના સતત દુખાવાની ફરિયાદ કરનારે કયાં આસનો કરવાં જોઈએ તેની માહિતી આપી હતી. આ પ્રસંગે પતંજલિ યોગ સાધના ટ્રસ્ટના યોગ સાધકોએ તેમના અનુભવો પણ જણાવ્યા હતા. કાર્યક્રમના અંતમાં ડૉ. જયેશ તન્નાએ આભારવિધિ કરી હતી અને પ્રિ. ડૉ. રમાકાન્ત પ્રુષ્ટિએ કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

### રમતગમત

● ગાંધીનગર ખાતે દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટી હેન્ડબૉલ (બહેનો)ની ચેમ્પિયનશિપમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની ટીમ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ હાલોલને ૧૦/૨ ગોલથી હરાવી સતત સોળમી વાર ગુજરાત યુનિવર્સિટી ચૅમ્પિયનશિપ જાળવી રાખી છે. ટીમ સભ્યો : બ્રહ્મભટ્ટ કિંજલ, સુથાર જીગીષા, ચૌધરી ફાલ્ગુની, ચૌધરી રચના, ચાવડા હેતલ દરબાર, કોમલ, ચૌધરી ઝીલ, ચાવડા ખ્યાતિ, ઠાકોર અંબિકા, પટેલ પિનલ અને શારીરિક શિક્ષણના અધ્યાપકને અભિનંદન.

### વિશ્વ વસતી દિન

● એલ.ડી. આર. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના WDC અને NSSના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ વસતિ દિન' નિમિત્તે તા. ૧૮-૭-૧૫ના રોજ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય અતિથિ ડૉ. વર્ષા પારેખે 'બેટી બચાવો' વિશે વક્તવ્ય આપ્યું હતું. WDC અને NSSના વિદ્યાર્થીઓએ બાળવિવાહ, ભ્રૂણહત્યા, બેટી બચાવો, સ્ત્રીઓની સુરક્ષા, આત્મરક્ષણ, એઇડ્ઝ વગેરે સંદર્ભે જાગૃતિ લાવવા માટે PPT દ્વારા રજૂઆત કરવા ઉપરાંત નાટક પણ રજૂ કર્યું હતું.

### વ્યાખ્યાન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા એમ.કોમના વિદ્યાર્થીઓ માટે તા. ૨૨ ઑગસ્ટના રોજ ''રિસર્ચ મેથોડોલોજી ઍન્ડ માર્કેટિંગ રિસર્ચ'' વિષય પર પ્રા. કુલદીપ શર્મા (આસિ. પ્રોફેસર, કે. પી. બી. હિન્દુજા કૉમર્સ કૉલેજ, મુંબઈ) અને ડૉ. આશિષ દવે (આસિ. પ્રોફેસર શેઠ સી. એન. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીસનગર)નાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં. વધુમાં સપ્ટેમ્બર માસમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા શ્રી વિકાસ ચાવલા (સિનિયર મૅનેજર, બૅંક ઑફ બરોડા)ના 'ટૅકનોલૉજી ઇન બૅંક' બૅંક ક્લિયરિંગ સિસ્ટમ અને બૅંક સેટલમેન્ટ સિસ્ટમ' તથા 'રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચુકવણી વિશે વ્યાખ્યાનો યોજાયાં હતાં. આ ઉપરાંત 'ઇફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ' માટે કાર્યશિબિરનું ૨૮ સપ્ટેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

### શિક્ષક દિન

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાઇન્સિઝ ઍન્ડ રિસર્ચ, અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ તથા બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં પોતપોતાની કૉલેજોના વિદ્યાર્થીઓએ શિક્ષક તથા વહીવટીય કર્મચારીઓ તરીકે સેવાઓ આપી હતી. શૈક્ષણિક કાર્યબાદ શિક્ષક તરીકેનો અનુભવ વ્યક્ત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ગખંડોમાં અધ્યાપન કાર્ય ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ખીમજી વિસરામ હૉલ ખાતે તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ આયોજિત સમારોહમાં શિક્ષકદિનની ઉજવણીમાં જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આચાર્ય અને શિક્ષકની શ્રેષ્ઠ ભૂમિકા પોતપોતાની શાળા-કૉલેજમાં અદા કરી હતી તેમને ટ્રૉફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. ૨૨ સંસ્થાઓના કુલ ૧૦૪૫ વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક તથા સેવક તરીકેની જવાબદારી અદા કરી હતી. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમૅન વલ્લભભાઈ એમ. પટેલે

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે કોઈ પણ શિક્ષક સામાન્ય મનુષ્યથી પર નથી. સારા માણસનું ઘડતર ન કરે ત્યાં સુધી શિક્ષક અપૂર્ણ છે. શિક્ષકોએ વર્ગખંડ શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીના સુચારુ સર્વાંગી ઘડતર ઉપર ધ્યાન આપવું જોઈએ. કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ જણાવ્યું હતું કે શિક્ષકોએ વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિને બહાર લાવવાની છે. જે વ્યક્તિનું ચારિત્ર્ય સારું, ગુણ સારા, આચરણ સારું હોય તે ગુરુ બની શકે. આચરણમાં મૂકે તે જ આચાર્ય કહેવાય. મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે વાતચીતમાં કહ્યું હતું કે ડૉક્ટર અને શિક્ષક હંમેશાં ૨૪ કલાક સેવા આપે છે. શિક્ષકોએ રજાની માનસિકતામાંથી બહાર આવવું પડશે, તેમજ હંમેશાં શિક્ષકની ગરીમા જાળવવી પડશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને વીડિયો પ્રેઝન્ટેશન દ્વારા શિક્ષકનું જીવનમાં શું મહત્ત્વ છે તે સમજાવવામાં આવ્યું હતું.

## સર્વનેતૃત્વ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'સર્વ નેતૃત્વ-૧૨' લીડરશિપ ટ્રેનિંગ પ્રોગ્રામ તા.૨૦–૨૪ ઑગસ્ટ, ૨૦૧૫ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ગાંધીનગરમાં સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જુદીજુદી કૉલેજોના કુલ ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે તે હેતુથી ૨૦૦૯થી આયોજિત કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર શ્રી સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ ઇવનિંગ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશિપ, ઈવેન્ટ મૅનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. આ નિવાસી શિબિરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને ''મંથન અપંગ કન્યા સેવા સંકુલ'', ગામ : હાજીપુર, તા. : કલોલ, જિ. : ગાંધીનગરની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા વિકલાંગ બાળકો માટે રૂ. ૩૨૦૦નું દાન કરવામાં આવ્યું હતું. સમાપન સમારંભમાં મંડળના ચેરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રી શ્રી મણિભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો થકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કૉ-ઑર્ડિનેટર પ્રો. ધર્મેન્દ્ર પટેલ, (અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ) અને સહાયક પ્રો. કેતનભાઈ, (બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર) દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વતંત્રતા દિવસ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં ૬૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણીના સંદર્ભમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૨/૮ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શાળાઓ તથા કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રધ્વજની થીમ પર ક્લાસરૂમ શણગારવા ઉપરાંત કૉલેજ પરિસરની લોનમાં ભારતનો રાષ્ટ્રધ્વજ બનાવ્યો હતો. સ્વતંત્રતા દિવસ નિમિત્તે દેશના અને સમાજના વિકાસ માટે વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા. આ પ્રસંગે અધ્યાપકોએ વિદ્યાર્થીઓને નકારાત્મકતા વિરૂદ્ધ આદર્શો પર જીવવાની શીખ આપી હતી. તા. ૧૩/૮ના રોજ શેઠ ખીમજી વિસરામ હૉલ ખાતે વકતૃત્વસ્પર્ધા, નૃત્ય, નાટક અને માઈમ જેવા વિવિધ માધ્યમો થકી દેશભક્તિની ભાવનાને જાગ્રત કરવામાં આવી હતી.

# શાળા વિભાગ

## આઈ.એ.એસ. માર્ગદર્શન

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ માટે I.A.S.ની જાણકારી મેળવવા માટેનો સેમિનાર તા.૨૨-૭-૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો, જેમાં મમતા I.A.S સેન્ટરના શ્રી સચિનભાઈ સોની મુખ્ય મહેમાન અને વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આઈ.એ.એસ.ની પ્રાથમિક પરીક્ષાથી લઈ સમગ્ર પરીક્ષા પદ્ધતિ, તેના માર્કસ, અને

અભ્યાસક્રમમાં સમાવાતા વિવિધ વિષયો તેમજ અત્યારના તબક્કાથી જ શરૂ કરી I.A.S બનવા માટે કયું સાહિત્ય ઉપયોગી થાય, તેના વર્ગો ક્યાં ચાલે છે, તેની કેટલી ફી, કેટલા પ્રયત્નો સુધી પરીક્ષા આપી શકાય, વયમર્યાદા વગેરે વિશે ખૂબ જ ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. છેલ્લે વિદ્યાર્થિનીઓ સાથે પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી.

## એકપાત્રિય અભિનય

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રિય અભિનય સ્પર્ધા માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજાઈ હતી, જેમાં ૧૨થી વધુ શાળાઓએ ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી કુલદીપ ડોડિયાએ એક દુ:ખીમાનવનો આક્રોશ ભગવાન વિશે અભિનય રજૂ કરતાં પ્રથમ સ્થાન મેળવતાં ૧૫૦૦.૦૦ રૂ.નું ઇનામ, સર્ટીફિકેટ તથા ટ્રૉફી મહાનુભાવો શ્રી મનોજ જોષી (ચાણક્ય), શ્રી પાર્થિવ ગોહિલ (સુપ્રસિદ્ધ ગાયક), શ્રી આશિષ ઉપેન્દ્ર ત્રિવેદી (નાટ્ય નિર્માતા) તેમજ ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રણેતા કૃષ્ણકાન્ત જહાના વરદહસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં.

## એન.એસ.એસ.

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા તા. ૫-૯-૧૫ના રોજ N.S.S. શાખાની વિદ્યાર્થિનીઓએ ''બેટી બચાવો, બેટી પઢાવો'' વિષય પર નાટકની ભજવણી કરી હતી, જેમાં ભણેલી દીકરીઓ સમાજને કેવી રીતે ઉપયોગી થાય છે તથા સમાજ અને કુટુંબનો આધાર કેવી રીતે બને છે, તે નાટકના માધ્યમથી બતાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેટી બચાવો વિષય પર 'સૂત્રલેખન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઓઝોન દિન

● તા. ૧૬-૯-૧૫ના રોજ ગુજરાત એન્વાયરમેન્ટ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ (GEMI) દ્વારા ''ઇન્ટરનૅશનલ ઓઝોન દિવસ'' નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓ જેમ કે ક્વિઝ, સ્લોગન, ચર્ચા વગેરેમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ''ડિબેટ''માં પટેલ નિલય મહેશભાઈએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી રૂ. ૨૦૦૦નું અને પટેલ માનવ પ્રકાશભાઈએ બીજો નંબર પ્રાપ્ત કરી રૂ. ૧૫૦૦નું ઇનામ, પ્રમાણપત્ર અને ટ્રૉફી મેળવી. ગુજરાત કાઉન્સિલ ઍન્ડ સાયન્સ ટેક્નોલૉજી (GUJCOST) અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજિત 'સાયન્સ સેમિનાર ૨૦૧૫'માં રાજવીર વાઘેલા (ધો-૯)એ જિલ્લાકક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરતાં રાજ્ય કક્ષાના સાયન્સ સેમિનારમાં ભાગ લેશે. તા. ૧૮-૯-૧૫ના રોજ ડૉ. ભીમરાવ આંબેડકર બંધારણના ઘડવૈયા વિષય પર વક્તૃત્વ સ્પર્ધામાં SVS કક્ષાએ પટેલ માનવ પી. (ધો–૯)એ બીજો નંબર પ્રાપ્ત કર્યો.

ઓઝોનદિન નિમિત્તે આયોજિત સ્પર્ધામાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ઓઝોન દિન નિમિત્તે આયોજિત સ્પર્ધાઓ પૈકી પ્રશ્નોત્તરીની ખુલ્લી સ્પર્ધા, પોસ્ટર પ્રદર્શન, સ્લોગન લખવાની હરીફાઈ અને વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

શ્રીમતી એમ. બી. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ પૈકી ડિબેટમાં ચાવડા જીનલ અતુલભાઈ (ધોરણ-૮/ઈ) પ્રથમ સ્થાન મેળવી રૂ.૨૦૦૦ રોકડ પુરસ્કાર તથા રહેવર સાક્ષી જિતેન્દ્રભાઈ (ધોરણ-૮/બી) બીજું સ્થાન મેળવી રૂ. ૧૫૦૦/- રોકડ પુરસ્કાર મેળવેલ. આ ઉપરાંત કુમારી માનસી લાભુભાઈ દેસાઈ (ધોરણ-૭/બી) રાજ્યકક્ષાની ડીસા ખાતે યોજાયેલ તલવાર બાજી સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી નૅશનલ કક્ષાએ પસંદગી પામેલ છે.

## ગણેશચતુર્થી

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ, ગાંધીનગર દ્વારા ગર્લ્સ હૉસ્ટેલનાં સુપરિન્ટેન્ડેટ શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ, તથા બાલમંદિરનાં કૉ-ઑર્ડિનેટર શ્રી કિરણબહેન પટેલની ઉપસ્થિતિમાં તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ ગણેશચતુર્થીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં નૃત્ય સાથે વાજતેગાજતે ગણેશજીને લાવવામાં આવ્યા તેમજ આરતી પૂજન કરવામાં આવ્યું હતું. ભૂલકાંઓએ શંકર ભગવાનનો સમગ્ર પરિવાર જેમાં શ્રી ગણેશજી, શિવજી, પાર્વતીજી, કાર્તિકેય, રિદ્ધિ-સિદ્ધ, નંદીજી અને મુસક વગેરેની વેશભૂષામાં તૈયાર થઈ પ્રસંગને દીપાવ્યો હતો. બાળકોએ 'સાચું તીર્થ' નાટક પણ ભજવ્યું હતું.

## ગુરુપૂર્ણિમા

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા શાળા, શ્રી જે. બી. પ્રાથમિક શાળા, એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગર અને મેઘના નિરંજન બાલમંદિર, કડીમાં તા. ૩૧-૭-૧૫ના રોજ 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકોએ વક્તવ્ય, નાટક, ભજન તથા ગરબાની પ્રસ્તુતિ કરી હતી.

## ગુરુવંદના

● તા. ૧૪-૮-૧૫ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગર દ્વારા ભારત વિકાસ પરિષદના ઉપક્રમે ગુરુવંદના અને છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં પરિષદના શ્રી મુકેશભાઈ રાવલ, મહિલા સંયોજકો શ્રીમતી મણિબહેન દેસાઈ, શ્રીમતી હીનાબહેન રાવલ તથા શ્રીમતી ચેતનાબહેન પાઠક મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ તર્જની, ઓઠા ફીઝા, ગીત, વક્તવ્યો વગેરેથી ગુરુ પ્રત્યેનો ભાવ અર્પણ કર્યો. ધો. ૧૨ની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્રો તથા પેન આપી સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત ભારત વિકાસ પરિષદના ઉપક્રમે તા. ૨૩-૮-૧૫ના રોજ દેશભક્તિ સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિત્રસ્પર્ધા

● તા. ૨૦-૯-૧૫ના રોજ પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ચિત્ર અને નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્રસ્પર્ધાનો વિષય ''ઈંધણ સંરક્ષણ : જાત, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે'' તથા નિબંધસ્પર્ધાનો વિષય ૧. મારે કેમ અને કેવી રીતે ઈંધણ સંરક્ષણ કરવું જોઈએ. ૨. ઈંધણ સંરક્ષણને રાષ્ટ્રીય આંદોલન બનાવવામાં બાળકોની ભૂમિકા. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં ૮૯ અને નિબંધસ્પર્ધામાં ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ચિત્ર સ્પર્ધામાં ચૌધરી પ્રિયાંક કાનજીભાઈ (ધો.૮/એફ) અને નિબંધસ્પર્ધામાં પટેલ અર્જુન મયારામભાઈ (૭/ઈ) વિજેતા થયાં. આ ઉપરાંત નવનીત ચિત્રસ્પર્ધા તા. ૨૨ ઑગસ્ટના રોજ યોજવામાં આવી હતી, જેમાં શાળાના બધા વિદ્યાર્થીઓએ ભાગ લઈ ચિત્રો તૈયાર કર્યાં હતાં, જેમાંથી ૫૧ વિદ્યાર્થીઓ ઈનામપાત્ર બન્યા હતા.

## જન્માષ્ટમી

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ, શ્રી જે. બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ. બી. પટેલ કન્યાશાળા, અને શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી ભક્તિપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દશરથભાઈ પટેલે તેમની શાળાનાં બાળકોને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ''કૃષ્ણ'' શબ્દના તાત્ત્વિક અર્થની સમજૂતી આપતાં જણાવ્યું હતું કે કૃષ્ણ એ સંસ્કૃત ભાષાના કૃષ પરથી આવ્યો છે, જેનો અર્થ 'ખેંચનાર', 'દોરનાર' અને 'જીતનાર' એમ થાય છે, જે કૃષ્ણના જીવન પરથી જાણી શકાય છે. ભક્તકવયિત્રી મીરાંબાઈ, નરસિંહ મહેતા, સંત સૂરદાસ અને અસંખ્ય ગોપીઓને કૃષ્ણ તરફ મોહ્યા છે, ખેંચ્યા છે. બીજું 'દોરનાર' એટલે કે યોગ્ય માર્ગદર્શન અને સુનિયોજિત નેતાગીરી દ્વારા સમાજને દોરવાનું ઉત્તમ ઉદાહરણ કૃષ્ણ અને અર્જુનના દૃષ્ટાંત ઉપરથી મળી આવે છે. જેમાં અર્જુનના સારથિ બની કૃષ્ણે માત્ર રણમેદાનમાં જ નહીં, પરંતુ જીવનના દરેક તબક્કે કેમ સફળ થવાય તેના પાઠ પરોક્ષ રીતે ગીતા-સંદેશ દ્વારા પાઠવ્યા છે. ત્રીજું છે 'જીતનાર', જેમાં કૃષ્ણએ સત્યને સાર્થક કરવા અને ધર્મની સ્થાપના કરી વિજય મેળવવા માટેના અથાક પ્રયત્નો કર્યા. રાજનીતિ અને દાવ-પેચ દ્વારા પણ આખરે ધર્મના વિજય માટે હંમેશાં લડતા રહેવાનો સંદેશ જગતને આપ્યો છે.

## બાલોત્સવ - ૨૦૧૫

● તા.૧૯-૯-૧૫ના રોજ જિલ્લા કક્ષાનો બાલોત્સવ નંદાસણ મુકામે યોજાયો હતો, જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીના પ્રજાપતિ આયુષ (વક્તૃત્વ - બીજો), પટેલ પ્રેક્ષા (સર્જનાત્મક - ત્રીજો), પટેલ હાર્દિ (લગ્નગીત - બીજો), નાયક વેદાંત (લોકવાય - ત્રીજો), મહેતા ચંદ્રશેખર (સર્જનાત્મક - બીજો), પટેલ ખુશી (લગ્નગીત - બીજો), ગૌસ્વામી પ્રથમ (લોકવાદ્ય - બીજો), ગોંડલીયા બંસરી (લોકગીત - પ્રથમ), પલક રાજેશભાઈ (ભજન - બીજો), શર્મા આર્યન તથા સન્સ કુમાર (ચિત્રસ્પર્ધા - પ્રથમ) નંબર મેળવેલ છે તથા સમૂહગીતમાં

શાળાએ બીજો નંબર મેળવેલ છે.

## મુક બધિર

● વિકલાંગ-ડે નિમિત્તે શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૫ના વિદ્યાર્થીઓને સેક્ટર-૨૮માં સ્થિત સમર્પણ મૂક-બધિર સંસ્થાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ મૂક-બધિર બાળકોને નાસ્તાનું વિતરણ કર્યું હતું તથા મૂક-બધિર બાળકો ઇશારાથી અંદરોઅંદર કેવી રીતે વાતો કરતા હતા તે નિહાળ્યું, તેમજ ભાષા અંગેની જાણકારી મેળવી હતી. શાળાનાં બાળકો દ્વારા વિકલાંગ બાળકોના ઉત્કર્ષ માટે સમર્પણ મૂક-બધિર સંસ્થાને ફાળો આપવામાં આવ્યો હતો. મૂક-બધિર બાળકોએ નૃત્ય તથા A to Z અને ૧થી ૧૦૦ અંકો કેવા સંકેતથી ઓળખે છે તથા પક્ષીઓ અને પ્રાણીઓ વગેરે ઓળખવા માટે કેવી સંજ્ઞા હોય છે વગેરેની માહિતી મુલાકાતી વિદ્યાર્થીઓને આપી મેળવી હતી.

## મેડિકલ પ્રવેશ ૨૦૧૫

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના નીચેના વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૧૫માં મેડિકલમાં પ્રવેશ મેળવવા યશભાગી નીવડ્યા : ૧. જોષી ઓમ ડી. (વડોદરા) ૨. પટેલ દત્ત એમ (જામનગર) ૩. રત્નાકર ચિરાગ કે. (વડોદરા) ૪. વાઢેરા પાર્થ કે. (જામનગર) ૫. રાઠોડ ધ્રુવ ડી. (અમદાવાદ,બી.જે.) ૬. મકવાણા રવિરાજ (અમદાવાદ, કેન્સર સોસા.) ૭. ગોહિલ કૌશલ બી. (જામનગર) ૮. ગોસ્વામી વત્સલ એન. (જામનગર) ૯. પરમાર કુંજ એમ. (જામનગર) ૧૦. સોલંકી મંથન ડી. (અમદાવાદ,બી.જે.) ૧૧. પટેલ વિજય પી. (વડોદરા,ગોત્રી) ૧૨. પરમાર નવનીત કે. (જામનગર) ૧૩. વાઘેલા કુંજન એમ. (ગાંધીનગર) ૧૪. કૌશલ ડી. શાહ (હિંમતનગર) ૧૫. શાહ બ્રિજેશ (ફિલિપાઈન્સ) ૧૬. રાઠોડ મિતા (ભુજ) ૧૭. રાઠવા તૃષ્ટિ (સુરેન્દ્રનગર) ૧૮. પંચાલ નિરાલી (ગાંધીનગર) ૧૯. તલાટી વિશ્વા (હિંમતનગર) ૨૦. પટેલ નિસર્ગ એમ. (ગાંધીનગર) ૨૧. પટેલ બંસી પી. (ગાંધીનગર) ૨૨. પટેલ રવિ પી. (અમદાવાદ, સોલા) ૨૩. પટેલ સાહિલ જી. (ગાંધીનગર) ૨૪. પટેલ હિમાન્ગીની એચ. (અમદાવાદ, બી. જે.) ૨૫. નાયક રીયા સી. (જામનગર) ૨૬. દેસાઈ દિશા આઈ. (અમદાવાદ, બી. જે.) ૨૭. ચૌધરી કોમલ (વડોદરા) ૨૮. બારોટ શિવાની (વડોદરા) ૨૯. મનસુરી આયેશા (અમદાવાદ,બી.જે.) ૩૦. બારૈયા રાકેશ (અમદાવાદ,બી.જે.) ૩૧. દેસાઈ પરેશ (હિંમતનગર) અને ૩૨. વસાવા નિકીતા (પાટણ).

## રક્ષાબંધન

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યાશાળા, ગાંધીનગરની ધો. ૫થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૨૮-૮-૧૫ના રોજ ભાઈ-બહેનના પવિત્ર સંબંધને ઉજાગર કરતા પવિત્ર તહેવાર રક્ષાબંધન નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૩૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ સુંદર અને આકર્ષક રાખડીઓ બનાવી હતી.

## રમતગમત

● તા. ૯-૯-૧૫ના રોજ યોજાયેલ ગાંધીનગર જિલ્લા કક્ષાની એથ્લેટિકસની સ્પર્ધાઓમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ પૈકી રાણા દિવ્યરાજ ડી, ૮-સી, (ઊંચી કૂદ પ્રથમ), રાણા દિવ્યરાજ ડી, ૮-સી (લાંબી કૂદ દ્વિતીય) અને વાઘાણી હિમાંશુ કે. ૮-ઈ (લાંબી કૂદ પ્રથમ) ક્રમે વિજેતા થયા. આ ત્રણેય વિદ્યાર્થીઓ રાજ્યકક્ષા માટે પસંદગી પામ્યા છે.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા મા. અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની U-૧૯ અને U-૧૭ ટીમ તાલુકા કક્ષાની વૉલીબૉલ કબડ્ડી અને ખો-ખો સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થઈ. આ ઉપરાંત જિલ્લા કક્ષાની થ્રો-બૉલ સ્પર્ધામાં આ શાળાની ટીમ દ્વિતીય ક્રમે વિજેતા થઈ. આ ટીમ પૈકીની છ વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષા માટે પસંદગી પામી.

● તા. ૮-૮-૧૫ના રોજ સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સેક્ટર-૨૩, ખાતે યોજાયેલ જ્યારે જિલ્લાકક્ષાની U-૧૯ થ્રોબૉલ સ્પર્ધાએ દ્વિતીય સ્થાન મેળવેલ તેમજ ૬ વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે, જેમાં (૧) જોષી ઝિલ જે. (૧૨/એ), (૨) પટેલ દિવ્યા બી. (૧૨/એ), (૩) સ્વાદીયા નિધિ એ. (૧૨/એ), (૪) સોલંકી શ્રદ્ધા એમ. (૧૨/એ), (૫) પટેલ અવનિ પી. (૧૦/સી) અને (૬) પટેલ નિધિ પી. (૧૦/સી) નો સમાવેશ થયો.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યાશાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓએ તા. ૧૦-૯-૧૫ના રોજ જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં પટેલ યાત્રી હસમુખભાઈ (ધો. ૮-ક) ઊંચી કૂદમાં-પ્રથમ તથા ૧૦૦ મીટર હડલ્સમાં બીજા નંબરે તથા સોલંકી ભૂમિ (ધો.૮-

ડ) ૧૦૦ મીટર દોડમાં પ્રથમ તથા ચંપાવત ભાગ્યશ્રી (ધો. ૮-અ) લાંબી કૂદમાં દ્વિતીય સ્થાને વિજેતા થયાં. પ્રથમસ્થાન પ્રાપ્ત કરનાર બંને વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થી હિતાર્થ ભૂપેન્દ્રકુમાર શ્રોત્રિયએ જિલ્લા કક્ષાની શાળાકીય ક્રિકેટ સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં ભાગ લેતાં રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પાંચ ખેલાડીઓની પસંદગી પૈકી સૌપ્રથમ ક્રમે પસંદગી પામેલ છે.

● શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાએ ખો-ખો, કબડ્ડી, વૉલીબૉલ અને એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો તેમજ જિલ્લા કક્ષાએ : ખો-ખો, કબડ્ડી, એથ્લેટિક્સ, યોગાસન, લંગડી, રાઇફલ, શૂટિંગ, કરાટે, રસ્સાખેંચ, સર્કલ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પૈકી કેટલાક ખેલાડીઓની રાજ્ય કક્ષા માટે પસંદગી કરવામાં આવી.

● ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ દ્વારા આયોજિત રમતગમત સ્પર્ધામાં મૃદુલાબહેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ પૈકી ઊંચી કૂદ સ્પર્ધામાં બીજો તથા ૪૦૦ મીટર દોડમાં ત્રીજા સ્થાને પટેલ માહી હસમુખભાઈ (ધોરણ-૮/ક), લાંબી કૂદમાં ત્રીજા સ્થાને, ચંપાવત ભાગ્યશ્રી સંજયસિંહ, ૧૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાને, સોલંકી ભૂમિ હરેશભાઈ, ચક્ર ફેંકમાં બીજા સ્થાને દવે વિશ્વા શૈલેશકુમાર, ગોળા ફેંકમાં ત્રીજા સ્થાને પટેલ ખુશી જીગ્નેશભાઈ વિજેતા થયાં હતાં.

● શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૮-૮-૧૫ના રોજ યોજાયેલ ગાંધીનગર ઝોન કક્ષાની એથ્લેટિક્સની વિવિધ રમતોમાં ૭ વિદ્યાર્થિનીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં જિલ્લાકક્ષા માટે પસંદગી પામી.

## રૉબોટિક્સ ડેમોસ્ટ્રેશન

● LEGO, અમદાવાદના સહયોગથી શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક ઍન્ડ એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગરમાં તા. ૭-૭-૨૦૧૫ના રોજ રૉબોટિક્સના ડેમોસ્ટ્રેશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓને રૉબોટ કેવી રીતે બનાવી શકાય તથા તેની બનાવટમાં લેવાતી વસ્તુઓ - મોટર, સ્પેર પાર્ટ્સ, સેન્સર્સ, વ્હીલ વગેરેની સમજ આપવામાં આવી. આ કાર્યક્રમમાં સમગ્ર શાળાપરિવાર ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થિનીઓના રૉબોટિક્સના રસને ધ્યાનમાં લઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા દર શનિવારે ૧૦:૪૫ થી ૧૨:૦૦ વાગ્યાના સમય દરમિયાન બેચ પાડી વિદ્યાર્થિનીઓને રૉબોટની બનાવટ, તેની કાર્યપદ્ધતિ વગેરેની સમજ CREATIVE ZONE દ્વારા પૂરી પાડવામાં આવશે તેમ ઠરાવ્યું છે. કાર્યક્રમના અંતમાં આચાર્યા સુધાબહેન પટેલે LEGO કંપની, અમદાવાદ થી પધારેલ બહેનશ્રીનો રૉબોટિક્સ વિશે રસપ્રદ માહિતી આપવા બદલ આભાર માન્યો હતો.

## વક્તૃત્વ

● તા. ૧૩-૮-૧૫ના રોજ રાષ્ટ્રના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતી નિમિત્તે શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે 'એકવીસમી સદીના અંતરિક્ષમાં ભારતનું યોગદાન' વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના શ્રી વી.એન. પટેલ તથા ગુજકોસ્ટના શ્રી શીવાંગભાઈ અને આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી પરમાર વૈભવ મણિલાલને રૂ. ૪૦૦/-, દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર પટેલ જીલ અરવિંદભાઈને રૂ. ૩૦૦/- અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર પટેલ રવી દિનેશભાઈને રૂ.૨૦૦/- નો રોકડ પુરસ્કાર તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઇનામ આપી અભિનંદિત કરવામાં આવ્યાં હતાં.

● શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા નિસર્ગ કોમ્યુનિટી સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાનો સેમિનાર યોજાયો તેમાં પ્રકાશ અને તેનું મહત્ત્વ તથા આગામી સમયમાં ઊભા થનારા પડકારો વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માધ્યમિક વિભાગના ૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## વસ્તીશિક્ષણદિન ઉજવણી

● વસ્તીવધારો અને તેની વૈશ્વિક સમસ્યા વિશે સમાજમાં જાગૃતિ કેળવાય તે હેતુથી દર વર્ષે ૧૧ જુલાઈ

વસ્તીશિક્ષણદિન તરીકે ઊજવાય છે. આ સંદર્ભે શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરમાં તા. ૧૧થી ૧૭ જુલાઈ સુધી બુલેટિન બોર્ડ પર વસ્તી વિષયક આંકડાકીય માહિતી દર્શાવવી, ક્વિઝ, ચિત્ર, નિબંધલેખન, વકતૃત્વ વગેરે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વાલીસભા

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, શ્રીમતી એમ.બી. પટેલ પ્રાથમિક શાળા અને શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે અલગ અલગ સહચિંતન વાલીસભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના નિયમો, હાજરી, પરીક્ષાલક્ષી માર્ગદર્શન, ગુણવત્તા સુધારણા માટેના શાળાના પ્રયત્નો વગેરે વિશે સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

## વૃક્ષારોપણ

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર શાળા-પરિવાર સહભાગી થયો હતો. આ ઉપરાંત વૃક્ષોનું જીવનમાં મહત્ત્વ વિશે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વૃદ્ધાશ્રમ

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ધોરણ ૮નાં ૫૬૦ બાળકો તથા ૨૦ શિક્ષકોએ પેથાપુરમાં આવેલા કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ જરૂરી વસ્તુઓની ૧૧૦ જેટલી કીટ બનાવી વિતરણ કર્યું. આ પ્રસંગે પોતાનાં મા-બાપ, વડીલ કે દાદા-દાદી વૃદ્ધાશ્રમ સુધી કદી ન પહોંચે તેવા શપથ વિદ્યાર્થીઓએ લીધા હતા. વિદ્યાર્થીઓએ અંબોડ (ભીની પાવાગઢ)ની પણ મુલાકાત લઈ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો પ્રયત્ન કર્યો હતો.

## વ્યસનમુક્તિ

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૧ જુલાઈના રોજ આયોજિત વ્યસનમુક્તિ કાર્યક્રમમાં બાળકોઓ વ્યસનમુક્તિના ચાર્ટ બનાવ્યા હતા તેમજ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા ધોરણ-૮નાં બાળકોએ રિહેબિલિટી સેન્ટરની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ દુસ્પરિણામોને જાણે તથા વ્યસનમુક્ત સમાજ બને તે આશયથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષણદિન

● શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, શ્રીમતી એમ.બી. પટેલ કન્યાશાળા, શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર અને શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીમાં શિક્ષણદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ એક દિવસનું શૈક્ષણિક અને વહીવટીય કાર્ય ઉત્સાહપૂર્વક સંભાળ્યું હતું. આ પ્રસંગે 'બેસ્ટ ટીચર' પસંદ કરેલા વિદ્યાર્થીઓને 'બેસ્ટ ટીચર' તરીકે બિરદાવવામાં આવ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર અને શેઠ સી.એમ. હાઈસ્કૂલ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેવાનિવૃત્ત શિક્ષકો અને જરૂરિયાદમંદના સહાયઅર્થે શિક્ષણદિનનો ફાળો એકત્રિત કરવામાં આવ્યો હતો. આ સંદર્ભે ૫ સપ્ટેમ્બરે, સવારે ૧૦.૩૦ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીજીની શુભેચ્છા મુલાકાત લઈ તેઓશ્રીને ઉપર્યુક્ત પહેલ વિશે જાણ કરવામાં આવી હતી. નામદાર રાજ્યપાલશ્રીએ આ પહેલને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

## શૂટિંગ સ્પર્ધા

● આર. એન. લલિતકલા એકેડેમી, ગાંધીનગર અંતર્ગત ચાલતા મમતા સ્પોર્ટ્સ સેન્ટર અને શેઠ સી.એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી રાઇફલ શૂટર વિમલ સી. પ્રજાપતિ એ પ્રિ. નેશનલ ''ગન ફોર ગ્લોરી'' શૂટિંગ ચેમ્પિયનશિપમાં ૧૦ મીટર (પીપ સાઈટ) એર રાઇફલની ઈવેન્ટમાં ગુજરાત તરફથી ભાગ લેતાં કુલ સ્કોર ૪૩૬માંથી ૩૯૮.૧ સ્કોર પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો તથા ક્વોલિફાંઈંગ સ્કોર સિદ્ધ કરતાં નૅશનલ ચેમ્પિયનશિપ માટે પસંદ થયેલ છે. આ સ્પર્ધામાં ૨૦ રાજ્યોના શૂટરોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત રૂમીત પટેલે 'અન્ડર-૧૭' માં નવી દિલ્હીમાં તા. ૧૩-૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં તૃતીય ક્રમાંક મેળવીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો. અભિનંદન.

## શૈક્ષણિક પ્રવાસ

● તા. ૧૦-૮-૧૫ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડી ધોરણ ૧૧-૧૨ સાયન્સ અને કૉમર્સ વિદ્યાર્થીઓએ દૂધ સાગર ડેરી-મહેસાણા, સૂર્યમંદિર - મોઢેરા તથા બહુચરાજીની મુલાકાત લીધી હતી.

● તા. ૨૨-૨૩ ઑગષ્ટ, ૨૦૧૫ દરમિયાન શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળાની વિજ્ઞાન પ્રવાહની ધોરણ ૧૧ અને ૧૨ ની વિદ્યાર્થિનીઓ તેમજ શાળાના ચાર શિક્ષકો મુંદ્રા પોર્ટની મુલાકાતે ગયાં હતાં. વિદ્યાર્થિનીઓ (૧) મુંદ્રા પોર્ટ (૨) મુંદ્રાનું અદાણી વિલ્માર તેલ રિફાઈનરી (૩) મુંદ્રા વેસ્ટ પોર્ટ (૪) અદાણી પાવર સ્ટેશન વગેરેની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની ટેકનૉલૉજી, કોલસામાંથી કઈ રીતે ઉત્પન્ન થાય છે વગેરે વિશે માહિતીગાર થઈ હતી. આ ઉપરાંત તા. ૧૩-૮-૧૫ના રોજ ધો.૧૧ અને ધો.૧૨ની વિજ્ઞાનપ્રવાહની ૨૬૦ વિદ્યાર્થિનીઓએ ઇન્દ્રોડાપાર્ક પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લીધી હતી, જેમાં ૧૨ શિક્ષકો જોડાયા હતા. ઇન્દ્રોડા પાર્કની સ્થાપનાથી લઈને ડાયનાસોર પાર્ક, પ્રાણી સંગ્રહાલય, પક્ષીઘર તથા બોટનીકલ ગાર્ડનમાં પ્રાપ્ય વિવિધ વનસ્પતિઓ વિશે વિસ્તૃત સમજ મેળવી હતી.

● શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૬ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ તા. ૧૦-૮-૧૫ના રોજ અભ્યાસના ભાગરૂપે જૈન આરાધના કેન્દ્ર કોબા તથા અડાલજ વાવની શૈક્ષણિક મુલાકાત લીધી. જૈન આરાધના કેન્દ્રના અધિકારી દ્વારા ભોજપત્રો, તામ્રપત્રો, શિલાલેખો વગેરે બતાવીને તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

● શ્રી જે.બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૪ના વિદ્યાર્થીઓને તા. ૧૩-૮-૧૫ના રોજ સેક્ટર-૧૧ હેડ પોસ્ટઑફિસ તથા અડાલજની વાવની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

## સાયન્સ ડ્રામા

● તા. ૭-૯-૧૫ના રોજ શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં નૅશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ તથા નિસર્ગ કો. સા. સેન્ટરના સંયુક્ત ઉપક્રમે સાયન્સ ડ્રામા ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવતાં શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રા. શાળા, ગાંધીનગર દ્વારા ''રોજિંદા જીવનમાં વિજ્ઞાન'' વિષય અંતર્ગત ''બટાકાનો ચટાકો'' નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

## સુરક્ષા સેતુ

● સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક ઍન્ડ એસ.બી. પટેલ ઉ.મા. શાળા, ગાંધીનગર ખાતે તા. ૬થી ૨૩-૭-૧૫ સુધી મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી હતી, જેમાં ધો-૧૧ સામાન્ય પ્રવાહની ૨૮૮ વિદ્યાર્થિનીઓએ તાલીમ લીધી હતી. આ વિદ્યાર્થિનીઓને કરાટેની વિવિધ પ્રહાર કરવાની તથા બચાવ કરવાની ટેક્નિક્સનું પ્રશિક્ષણ પ્રશિક્ષક શ્રી ત્રિપાઠી તથા શ્રી દુષ્યંત યાદવ દ્વારા આપવામાં આવ્યું હતું. શિબિરના સમાપન પ્રસંગે કરાટે એકેડેમીના વડા શિરાન શ્રી અરવિંદભાઈ રાણા, મહિલા પી.એસ.આઈ. એમ. આઈ પુવાર, એકેડેમી સહયોગી અવિરાજ ચૌધરી, શાળાનાં આચાર્યા સુધાબહેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત પ્રસ્તુત પ્રોજેક્ટ અન્વયે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા 'મહિલા સશક્તિકરણ પખવાડિયું' અંતર્ગત મહિલા દિવસ પ્રસંગ સ્વબચાવની કળાનું નિદર્શન ભારત ખેલ પ્રાધિકરણ, ગાંધીનગર દ્વારા તા. ૩-૮-૧૫ના રોજ કરવામાં આવ્યું. જેમાં શાળાની ૧૨૫ વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી.

## સ્વચ્છતા દિન

● શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર તરફથી તા. ૧૭-૯-૧૫ના રોજ ''સ્વચ્છતા દિન''ની ઉજવણી કરવામાં આવી. ગણેશચતુર્થીની જાહેર રજા હોવા છતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસને શાળાપરિવારના એન.એસ.એસ.ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રોગ્રામ ઑફિસરશ્રી સંજયભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શહેરના પથિકાશ્રમ એસ.ટી.બસ સ્ટેશન અને વિટકોસ બસસ્ટેશનની લગભગ ત્રણ કલાક સુધી સફાઈ કરી સમગ્ર બસસ્ટેન્ડને ચોખ્ખું કરીને કચરાનો યોગ્ય નિકાલ કર્યો હતો. આ પ્રસંગે એસ.ટી.ડેપો. મૅનેજરશ્રી યોગેશ પટેલ તથા વિટકોસના મૅનેજરશ્રી વીરેન્દ્રસિંહે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ધન્યવાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત શાળા સફાઈનો કાર્યક્રમ તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ રાખવામાં આવ્યો હતો. તા. ૨૧-૨૩ સપ્ટેમ્બરના દિવસોમાં આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ પ્રસંગે ૧૨૫ જેટલાં વૃક્ષો શાળા-પરિસર તથા સેક્ટર-૨૩ ના બગીચામાં રોપવામાં આવ્યાં હતાં. વધુમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓને વૃક્ષો દત્તક આપવામાં આવ્યાં હતાં.

## સ્વાતંત્ર્ય પર્વ

● તા. ૧૫-૮-૧૫ના દિવસે રાષ્ટ્રના ૬૯મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ શેઠ

સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ અને જે.બી. પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે એમ.બી. પટેલ હાઈસ્કૂલના મેદાનમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કે. બી. ફાર્મસી કૉલેજના આચાર્ય ડૉ. ગૌરાંગભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં આચાર્યશ્રીઓ, સુપરવાઈઝરશ્રીઓ, શિક્ષકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. નોંધપાત્ર બાબત એ કે હૉસ્ટેલના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલ દ્વારા મહેમાનોને આવકારીને કરી હતી. મુખ્ય મહેમાનશ્રી ડૉ. ગૌરાંગભાઈ શાહના હસ્તે રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવ્યો અને સૌએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. પ્રિ. ડૉ. શાહે પ્રાસંગિક ઉદબોધનમાં બાળકોમાં રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય, રાષ્ટ્રનું ગૌરવ અંગે પ્રાથમિકતા આપવી તથા ભારતીય સમાજમાં નૈતિકતાનાં મૂલ્યોની અગત્યતાની સાથે તેને જાળવવાની અપીલ કરી હતી. આ પ્રસંગે બાળકોએ દેશભક્તિ ગીતો રજૂ કર્યાં હતાં. આ ઉપરાંત રાજભવન ખાતે આયોજિત સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. ગુજરાત રાજ્ય બાળ કવિ સંમેલનમાં બીજો નંબર પ્રાપ્ત કરનાર વંદન રાવલનું રાજભવન ખાતે ''At Home Program''માં નામદાર રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીના વરદ હસ્તે માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં સન્માન કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, ગાંધીનગરની બાલમંદિર અને પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે ૧૫ ઑગસ્ટ-સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. ધ્વજવંદન બાદ ક્રિએટીવઝોનના વડા તથા બાળમંદિરનાં કોઑર્ડિનેટર કિરણબહેન પટેલે સ્વાતંત્ર્યદિન વિશે ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે નૃત્ય તથા દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા બાદ છેલ્લે રાષ્ટ્રગીત ગાન બાદ ઉજવણીની સમાપ્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ત્રણેય વિભાગના આચાર્યશ્રીઓ અને સમગ્ર પરિવાર આર.જી.કન્યા શાળાના પટાંગણમાં ઉપસ્થિત રહેલ. આ ઉપરાંત રાજભવન ખાતે ધ્વજ વંદનના કાર્યક્રમમાં આર.જી. કન્યાશાળાની ૨૦ વિદ્યાર્થિનીઓ સાથે આચાર્ય શ્રી સુધાબહેન પી. પટેલ, સુપરવાઇઝર શ્રી દિલહરબા ચુડાસમા, શ્રી નંદાબહેન હાજર રહ્યાં હતાં.

● શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગરની આગેવાનીમાં મંડળની અન્ય ભગિની સંસ્થાઓ જેમ કે શ્રીમતી આર.સી. પટેલ હાઈસ્કૂલ, એસ.જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ તેમજ એજ્યુકેશન વિભાગના સંયુક્ત ઉપક્રમે ''સ્વાતંત્ર્ય દિન'ના રાષ્ટ્રીય મહાપર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય મહાપર્વમાં જાણીતા વાર્તાલેખક - નવલકથાકાર શ્રી કેશુભાઈ દેસાઈના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ પ્રસંગને અનુરૂપ બાળકો માટે પ્રોત્સાહક પ્રવચન પણ આપ્યું. જેમાં તેમણે આઝાદીની લડતના સ્વાતંત્ર્ય વીરો અને ક્રાન્તિકારીઓની દેશભક્તિની વાતો યાદ કરી આઝાદીની ચળવળના ઇતિહાસની તાદશ ઝાંખી કરાવી હતી તેમજ મહાત્મા ગાંધી અને ડૉ. અબ્દુલ કલામના પ્રેરક પ્રસંગો અને દૃષ્ટાંતો રજૂ કરી ભારતના ગૌરવ અને ગરિમાની જાળવણી ભાવિ પેઢી માટે કેટલી જરૂરી છે તેના મહત્ત્વને સમજાવ્યું હતું. આ પ્રસંગે ત્રણેય શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં ગીતો નૃત્ય સાથે રજૂ કર્યાં હતાં.

## હિન્દી દિવસ

● શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડી ઍન્ડ હાયર સેકન્ડરી અંગ્રેજી મીડિયમ સ્કૂલ, કડીમાં તા.૧૪-૯-૧૫ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે નાટક, અભિનય ગીત તથા હિન્દી દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૫, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૫, સળંગ અંક : ૨૯**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**



શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમ, ગાંધીનગર દ્વારા આયોજિત ગણેશચતુર્થીની શોભાયાત્રાનાં બે દશ્યો.







સ્વાતંત્ર્યપર્વની ઉજવણી નિમિત્તે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમનાં બે દશ્યો.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 5, Issue No. 5 September-October 2015
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



સ્વાતંત્ર્યપર્વની ઉજવણી નિમિત્તે શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમનું દૃશ્ય.

